ISSN-0971-8397

વિશેષાંક

# યોજના

માર્ચ-૨૦૨૦ | વિકાસને સમર્પિત માસિક | ₹30

# કેન્દ્રીય અંદાજપત્રઃ ૨૦૨૦-૨૧

**મુખ્ય લેખ**

કેન્દ્રીય અંદાજપત્રઃ સમતુલા જાળવવાની મહત્ત્વપૂર્ણ કામગીરી
ડૉ. રાજીવ કુમાર

શહેરી ક્ષેત્રોમાં પરિવર્તન લાવનારું કેન્દ્રનું અંદાજપત્ર
દુર્ગા શંકર મિશ્રા

ભારતમાં માળખાગત સુવિધાઓ
જી. રઘુરામ

સાર્વત્રિક સ્વાસ્થ્ય કવચના પંથે ભારત
ડૉ. ઈંદુ ભૂષણ

**ફોકસ**

કરવેરાના પ્રસ્તાવઃ સામાન્ય નાગરિકને ફાયદા
ડૉ. અજય ભૂષણ પાંડે

**વિશેષ લેખ**

જળ અને સ્વચ્છતાનું અર્થતંત્ર
પરમેશ્વરન ઐયર



# 'ઈઝ ઓફ લિવિંગ' - કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૨૦-૨૧નો મુખ્ય સિદ્ધાંત

કેન્દ્રીય નાણાં મંત્રી અને કોર્પોરેટ બાબતોનાં મંત્રી નિર્મલા સીતારમણે યુનિયન બજેટ ૨૦૨૦-૨૧ રજૂ કરતાં કહ્યું હતું કે, "પ્રધાનમંત્રીએ તમામ નાગરિકો માટે જીવનને સરળ કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે." આ લક્ષ્યાંક ખેડૂતોને અનુકૂળ પહેલ દ્વારા સંભવ થયો છે, જેમ કે વર્ષ ૨૦૨૦-૨૧ માટે રૂ.૧૫ લાખ કરોડનો કૃષિ ધિરાણ લક્ષ્યાંક, નાશવંત ચીજવસ્તુઓ માટે રાષ્ટ્રીય સ્તરે કોલ્ડ સપ્લાય ચેઇન ઊભી કરવા 'કિસાન રેલ' અને 'કૃષિ ઉડાન' યોજનાઓ તથા પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા એવમ્ ઉત્થાન મહાભિયાન (PM-KUSUM) યોજના અંતર્ગત સ્વતંત્ર ધોરણે ૨૦ લાખ ખેડૂતોને સોલર પમ્પ આપવાની જોગવાઈ. નાણાં મંત્રીએ ઉમેર્યું હતું કે, "આ પૃષ્ઠભૂમિમાં સરકાર દેશને પ્રગતિના પંથે લઈ જવા કામ કરશે, જેથી આપણે સ્વાસ્થ્ય, સમૃદ્ધિ અને સુખાકારીને આગામી સ્તરે લઈ જવા હરણફાળ ભરી શકીશું." આ બજેટના કેન્દ્રમાં તમામ નાગરિકો માટે જીવનને સરળ કરવાનો લક્ષ્યાંક છે, જે મુખ્યત્વે ત્રણ થીમ સાથે સંબંધિત છેઃ

- મહત્ત્વાકાંક્ષી ભારત, જેમાં સમાજનાં તમામ વર્ગ જીવનનાં ઉચ્ચ ધારાધોરણની સાથે આરોગ્ય, શિક્ષણ અને નોકરીના વધારે સારા અવસર ઈચ્છે છે. એનાં મુખ્ય ઘટકો - કૃષિ, સિંચાઈ અને ગ્રામીણ વિકાસ; સુખાકારી, જળ અને સ્વચ્છતા; શિક્ષણ અને કૌશલ્ય વિકાસ છે.
- તમામ માટે આર્થિક વિકાસ, જે પ્રધાનમંત્રીનાં મંત્ર 'સબ કા સાથ, સબ કા વિકાસ, સબ કા વિશ્વાસ'ને સુસંગત છે, એમાં વ્યાપક આર્થિક સુધારા સામેલ હશે તથા ઊંચી ઉત્પાદકતા અને કાર્યદક્ષતા સુનિશ્ચિત કરવા ખાનગી ક્ષેત્ર માટે વધારે તક સામેલ હશે. એનાં મુખ્ય ઘટકો - વધુ ઉદ્યોગ, વાણિજ્ય અને મૂડીરોકાણ, માળખાગત સુવિધાઓ અને 'નવું અર્થતંત્ર' છે.
- કાળજી લેતો સમાજ, જે અંત્યોદય પર આધારિત, માનવીય અને લાગણીશીલ સમાજ છે. એનાં મુખ્ય ઘટકો - મહિલાઓ અને બાળક, સામાજિક કલ્યાણ, સંસ્કૃતિ અને પ્રવાસન તથા પર્યાવરણ અને આબોહવામાં પરિવર્તન છે.

**સરકારનો ઉદ્દેશ નીચેનાં લક્ષ્યાંક પ્રાપ્ત કરવાનો છેઃ**

- ડિજિટલ શાસન દ્વારા સાતત્યપૂર્ણ સેવાઓ પ્રદાન કરવી.
- નેશનલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પાઇપલાઇન દ્વારા જીવનની ભૌતિક ગુણવત્તામાં સુધારો કરવો.
- જોખમ ઘટાડીને આપત્તિનું નિવારણ કરવું.
- પેન્શન અને વીમાના વ્યાપક પહોંચ દ્વારા સામાજિક સુરક્ષાને પ્રોત્સાહન આપવું.

(સ્રોતઃ પ્રેસ ઇન્ફર્મેશન બ્યૂરો)

## પ્રધાનમંત્રીનાં ટ્વિટ

#JanJanKaBudgetમાં ઘણા સુધારા સામેલ છે. આ બજેટમાં અર્થતંત્રનાં મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોમાં રોજગારીનાં સર્જનને પ્રોત્સાહન આપવાની યોજના પણ સામેલ છે. મને સવિશેષ ખુશી એ વાતની છે કે બજેટમાં ખેડૂતોની આવક બમણી કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, એનાથી કરોડો મહેનતુ ખેડૂતોને મદદ મળશે.

નવા દાયકાનું આ પ્રથમ બજેટ #JanJanKaBudget છે. એમાં વૃદ્ધિ માટે નિર્ણાયક એક્શન પ્લાન સાથે ભવિષ્યનો દૃષ્ટિકોણ સામેલ છે. બજેટ આવક, રોકાણ, માંગ અને ઉપભોગ વધારશે. એનાથી આપણી નાણાકીય વ્યવસ્થા અને ધિરાણનો પ્રવાહ મજબૂત થશે.

#JanJanKaBudgetમાં કરવેરાનું ભારણ ઘટાડવા અને સામાન્ય નાગરિકના હાથમાં વધુ નાણાં આપવા વિવિધ પગલાં લેવામાં આવ્યાં છે. 'વિવાદ સે વિશ્વાસ' અને 'ફેસલેસ અપીલ' જેવાં પગલાં સાથે કાયદાકીય કાર્યવાહીની સંખ્યામાં ઘટાડો થશે અને વ્યવસ્થામાં લોકોનો વિશ્વાસ વધશે. (૧ ફેબ્રુઆરી, ૨૦૨૦)

Follow us on Facebook - https://www.facebook.com/pages/Yojana-Journal

ISSN-0971-8397

www.yojana.gov.in

માર્ચ-૨૦૨૦

# યોજના

*Let noble thoughts come to us from all sides - Rig Veda*

વિકાસને સમર્પિત

વર્ષ : ૪૭ અંક : ૧૨ સળંગ અંક : ૮૩૧ કિંમત : ₹ ૩૦

અપર મહાનિદેશક: ડૉ. ધીરજ કાકડિયા

મુખ્ય તંત્રી : રાજીન્દર ચૌધરી

તંત્રી : જે. એસ. પટેલ

| | | |
|---|---|---|
| છૂટક નકલ | : | ₹ ૩૦-૦૦ |
| વાર્ષિક લવાજમ | : | ₹ ૨૩૦-૦૦ |
| બે વર્ષ | : | ₹ ૪૩૦-૦૦ |
| ત્રણ વર્ષ | : | ₹ ૬૧૦-૦૦ |

લવાજમની રકમ
**"S.B.I. A/c. No. 515-08-10, Yojana (Guj.)"**ના નામે ચેક/ડિમાન્ડ ડ્રાફ્ટથી સરનામે મોકલી શકાશે.

**લવાજમ માટે**
**"yojanagujarati@gmail.com"**
પર e-mail કરવો, માર્ગદર્શિકા અને સબસ્ક્રિપ્શન ફોર્મ માગવું. સાથે તમારું પૂરું નામ-સરનામું, પિન કોડ, ઈમેલ-આઈ.ડી., મોબાઈલ નંબર મોકલવા.
યોજના (ગુજરાતી)નું લવાજમ ઑનલાઈન ભરી શકાશે :

(1) https://bharatkosh.gov.in/Product/Product

(2) https://www.publicationsdivision.com/beta01/

(3) http://yojana.gov.in

વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, હિંદી, મરાઠી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.

*DISCLAIMER : The views expressed in various articles are those of the authors' and they do not necessarily reflect the views of the Government or the organisation they work for. Maps, flags, photos & design are only indicative. They do not reflect the political map or legal representation of the flag of India / any other country.*

**www.publicationsdivision.nic.in**

**@DPD_India**

Kindly inform us if photocopies of Yojana are being sold.

## વિષયસૂચિ

**આર્થિક સર્વેક્ષણ ૨૦૧૯-૨૦ના મુખ્ય અંશો** ........ ૫

**કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૨૦-૨૧: સમતુલા જાળવવાની મહત્ત્વપૂર્ણ કામગીરી**
ડૉ. રાજીવ કુમાર ........ ૭

**કરવેરાના પ્રસ્તાવ: સામાન્ય નાગરિકને ફાયદા**
ડૉ. અજય ભૂષણ પાંડે ........ ૧૦

**શહેરી ક્ષેત્રોમાં પરિવર્તન લાવનારું કેન્દ્રનું અંદાજપત્ર**
દુર્ગા શંકર મિશ્રા ........ ૧૪

**જળ અને સ્વચ્છતાનું અર્થતંત્ર**
પરમેશ્વરન ઐયર ........ ૧૯

**ભારતમાં માળખાગત સુવિધાઓ**
જી. રઘુરામ ........ ૨૨

**સાર્વત્રિક સ્વાસ્થ્ય કવચના પંથે ભારત**
ડૉ. ઈંદુ ભૂષણ ........ ૨૬

**પર્યાવરણ અને વનપ્રદેશ**
ડૉ. એસ.સી. લહિરી ........ ૩૧

**ઔદ્યોગિક દૃષ્ટિકોણથી અંદાજપત્ર ૨૦૨૦-૨૧**
ડૉ. રણજીત મહેતા ........ ૩૪

**કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૨૦-૨૧: સલામત થાપણો, સક્ષમ સહકારી ક્ષેત્રની બેંકો અને એમએસએમઈને વિકાસનો વેગ**
શિશિર સિંહા ........ ૩૯

**શિક્ષણ ક્ષેત્રના દૃષ્ટિકોણથી અંદાજપત્રનું વિશ્લેષણ**
શલેન્દર શર્મા અને શશિરંજન જહા ........ ૪૩

**કૌશલ્ય, રોજગારી અને માનવસંસાધન વિકાસ: અંદાજપત્રના મુખ્ય સ્તંભ**
દિલીપ ચેનોય ........ ૪૬

**ખેડૂતોની સમૃદ્ધિ માટેનો એક્શન પ્લાન**
ડૉ. જગદીપ સક્સેના ........ ૪૯

**અંદાજપત્રમાં જાતિગત ફાળવણી અને વરિષ્ઠ નાગરિકો માટે જોગવાઈઓ**
ડૉ. શાહીન રાઝી અને નૌશીન રાઝી ........ ૫૩

**યોજના કાર્યાલય, પ્રકાશન વિભાગ**
માહિતી અને પ્રસારણ મંત્રાલય, ભારત સરકાર
C/o પ્રેસ ઈન્ફર્મેશન બ્યૂરો, અખંડાનંદ હોલ, બીજો માળ,
મધર ટેરેસા રોડ, સીએનઆઈ ચર્ચની નજીક
ભદ્ર, અમદાવાદ-૩૮૦૦૦૧ (ગુજરાત)
ફોન : ૦૭૯-૨૬૫૮૮૬૬૯
**E-mail : yojanagujarati@gmail.com**


લવાજમ અંગેની માહિતી શનિવાર, રવિવાર અને જાહેર રજાઓ સિવાયના દિવસોમાં બપોરના ૨ થી સાંજના ૪ વાગ્યા સુધી **ફોન : ૦૭૯-૨૬૫૮૮૬૬૯** પર મળશે.
કુલ પાનાં : ૬૦

ISSN-0971-8397

યોજના

## તંત્રીલેખ

### 'લોકલક્ષી અંદાજપત્ર'




આ દાયકાના પ્રથમ બજેટનો મૂળ સિદ્ધાંત જીવનને સરળ (ઈઝ ઓફ લિવિંગ) બનાવવાનો છે. બજેટને 'જન જન કા બજેટ' નામ આપવામાં આવ્યું અને એમાં કેટલાંક સાહસિક પગલાં લેવામાં આવ્યાં છે, જેની અર્થતંત્ર પર લાંબા સમય સુધી અસર થઈ શકે છે. માળખાગત સુધારા દ્વારા આ બજેટ વૃદ્ધિ અને રાજકોષીય નિયંત્રણ વચ્ચે સારું સંતુલન જાળવે છે. આર્થિક સર્વે ૨૦૧૯-૨૦માં ૧૩૦ કરોડ ભારતીયોની સંપત્તિના સર્જન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. બજેટની ત્રણ કેન્દ્રિત થીમ 'મહત્ત્વાકાંક્ષી ભારત, તમામને માટે આર્થિક વિકાસ અને કાળજી લેતો સમાજ' દ્વારા આ લક્ષ્યાંક પ્રાપ્ત કરવામાં આવશે. આ ત્રણે થીમ દરેક નાગરિકના જીવનને એક અથવા બીજી રીતે સ્પર્શે છે, પછી એ ખેડૂત હોય, રોકાણકાર હોય, વિદ્યાર્થી હોય, સેવા વર્ગધારક હોય કે સ્ટાર્ટ-અપ હોય. 'મહત્વાકાંક્ષી ભારત'માં સમાજના દરેક વર્ગના જીવનનાં ધારાધોરણને વધારવાની ઈચ્છા વ્યક્ત કરવામાં આવી છે, જેમાં આરોગ્ય, શિક્ષણ અને સમાજના તમામ વર્ગો માટે વધુ નોકરીની અવસરો સામેલ છે. 'તમામને માટે આર્થિક વિકાસ' પ્રધાનમંત્રીના 'સબ કા સાથ, સબ કા વિકાસ, સબ કા વિશ્વાસ' મંત્રનો સંકેત આપે છે. 'કાળજી લેતો સમાજ'માં છેવાડાના મનુષ્યના વિકાસને ધ્યાનમાં રાખીને માનવીય અને લાગણીશીલ અભિગમ અપનાવવામાં આવ્યો છે. 'યોજના'ના આ અંકમાં આ મુદ્દા પર બજેટનું ઊંડાણપૂર્વકનું વિશ્લેષણ પ્રસ્તુત કરવામાં આવ્યું છે. બજેટમાં ડિજિટલ શાસન દ્વારા સેવાઓને સતત પ્રદાન કરવી, નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન (NIP) દ્વારા જીવનની ભૌતિક ગુણવત્તામાં સુધારો કરવો, જોખમમાં ઘટાડો કરવાથી આપત્તિ નિવારણ તથા પેન્શન અને વીમાની પહોંચ વધારીને સામાજિક સુરક્ષા વધારવાની કલ્પના કરવામાં આવી છે. આ કંપનીઓ માટે ડિવિડન્ડ ડિસ્ટ્રિબ્યૂશન વેરો (DDT) દૂર કરવા સહિત વિવિધ પગલાં લેવામાં આવ્યાં છે, જેથી રોકાણને પ્રોત્સાહન મળશે. આ વેરો હવે રોકાણકારોએ ચૂકવવો પડશે. વળી, 'વિવાદ સે વિશ્વાસ' કરવેરા સાથે સંબંધિત કાયદાકીય વિવાદમાં ઘટાડો કરશે. બેંક ડિપોઝિટ પર વીમાકવચ વધારીને પાંચ લાખ રૂપિયા કરવામાં આવ્યું છે, સાથે-સાથે કરદાતાઓને કરવેરાનું માળખું પસંદ કરવાનો વિકલ્પ પ્રદાન કરવામાં આવ્યો છે, જેના પરિણામે મધ્યમવર્ગીય કરદાતાઓને કરમુક્તિનો નોંધપાત્ર લાભ મળી શકે છે, જે કરદાતા દ્વારા મુક્તિ અને કરકપાત પર નિર્ભર છે.

સ્ટાર્ટ-અપ ઈકો-સિસ્ટમને પ્રોત્સાહન આપવા બજેટમાં એમ્પ્લોયી સ્ટોક ઓપ્શન પ્લાન્સ (ESOPs) પર કરવેરાની ચૂકવણી સ્થગિત કરીને કર્મચારીઓ પર કરવેરાનું ભારણ હળવું કરવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. ખેડૂતોની આવક બમણી કરવા માટે ૧૬ સૂત્રીય કાર્યયોજના, સ્ટોરેજ અને લોજિસ્ટિક્સને સુનિશ્ચિત કરવા, બ્લૂ ઈકોનોમીને પ્રોત્સાહન આપવા અને બાગાયતી અને પશુ સંવર્ધન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. 'ઉડાન' યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૪ સુધીમાં ૧૦૦ એરપોર્ટની યોજના બનાવવામાં આવી છે. વળી, 'કૃષિ ઉડાન યોજના' ઉત્તર-પૂર્વ અને આદિવાસી જિલ્લાઓ માટે આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય માર્ગો પર શરૂ કરવામાં આવશે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (IoT), ક્વોન્ટમ કમ્પ્યૂટિંગ વગેરે માં નવીનતા પર આધારિત નવા અર્થતંત્રની કલ્પના કરવામાં આવી છે, જેથી ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર અને નાણાકીય સમાવેશને સક્ષમ બનશે.

આ બજેટ સરકારની કૃષિ, માળખાગત સુવિધા, સામાજિક ક્ષેત્ર, શિક્ષણ અને આરોગ્યના રોકાણમાં નોંધપાત્ર વધારો કરવા પ્રતિબદ્ધતા દર્શાવે છે. સ્વચ્છતાના મોરચે સરકાર ઓડીએફ વર્તણૂક જાળવવા ઓપન ડિફેકેશન ફ્રી (ODF) પ્લસ પ્રત્યે કટિબદ્ધ છે. નવી આર્થિકનીતિ સ્વરૂપે અપેક્ષિત સુધારા દ્વારા શિક્ષણ અને કૌશલ્ય વિકાસને મહત્ત્વ આપવામાં આવ્યું છે. આશરે ૧૫૦ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં એપ્રેન્ટિસશિપ ધરાવતા અભ્યાસક્રમ અને ડિગ્રી સ્તરના સંપૂર્ણ ઓનલાઈન શૈક્ષણિક કાર્યક્રમો શરૂ કરવામાં આવશે. ઉપરાંત નેશનલ પોલીસ યુનિવર્સિટી અને નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી વિજ્ઞાન, ફોરેન્સિક સાયન્સ અને સાયબર-ફોરેન્સિકના ક્ષેત્રમાં શરૂ કરવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. બજેટના ભાષણમાં ૨૮ ફેબ્રુઆરી, ૧૯૪૮ના રોજ સ્વતંત્ર ભારતના પ્રથમ નાણાં મંત્રી શણમુખમ ચેટ્ટીએ થોડાં સુવાક્ય ટાંક્યાં હતાં, જે આજે પણ પ્રસ્તુત છેઃ ''હે દયાળુ પરમાત્મા, અમારા માર્ગને પ્રકાશિત કરો. જો અમારો માર્ગ અમારી મહત્ત્વાકાંક્ષાથી ચકચકિત હોય અને અમારી નિયતિ આત્મવિશ્વાસથી મજબૂત હોય તો અમારું આગામી પગલું અમારા માટે પર્યાપ્ત છે.''

# આર્થિક સર્વેક્ષણ ૨૦૧૯-૨૦ના મુખ્ય અંશો

કેન્દ્રીય નાણાં મંત્રી અને કોર્પોરેટ બાબતોનાં મંત્રી નિર્મલા સીતારમણે સંસદમાં ઇકોનોમિક સર્વે ૨૦૧૯-૨૦ પ્રસ્તુત કર્યો, જેના મુખ્ય અંશો નીચે મુજબ છે:

**સંપત્તિનું સર્જન:** સર્વેક્ષણ દર્શાવે છે કે વિદેશી રોકાણ માટે ન ખુલેલાં ક્ષેત્રોની સરખામણીમાં ઉદારીકરણ પામેલાં ક્ષેત્રોમાં નોંધપાત્ર ઝડપથી વૃદ્ધિ થઈ છે.

સંપત્તિના સર્જનની સાથે ઉદારીકરણ પછી ભારતના જીડીપી અને માથાદીઠ જીડીપીમાં અભૂતપૂર્વ વધારો થયો છે, એમાં ધારણા વ્યક્ત કરવામાં આવી છે કે ભારતની ૫ ટ્રિલિયન ડોલરના અર્થતંત્રની આકાંક્ષા મુખ્યત્વે આ બાબતો પર નિર્ભર છે: (૧) બજારની ન દેખાતી ક્ષમતાને મજબૂત કરવી. (૨) વિશ્વાસ સાથે એને સહકાર આપવો.

સર્વેક્ષણ સૂચવે છે કે ડેટા અને ટેક્નોલોજીનો ઉપયોગ કરીને નીતિઓ પારદર્શક બનાવવી જોઈએ અને અસરકારક રીતે એનો અમલ થવો જોઈએ.

**નેટવર્ક ઉત્પાદનોમાં વિશેષતા ધરાવી રોજગારીનું સર્જન અને વૃદ્ધિ કરવી:** 'મેક ઇન ઇન્ડિયા'માં 'એસેમ્બલ ઇન ઇન્ડિયા ફોર વર્લ્ડ'નું સંકલન કરવા ભારત આ મુજબ કામગીરી કરી શકે છે:

પોતાના નિકાસ બજારનો હિસ્સો વર્ષ ૨૦૨૫ સુધીમાં આશરે ૩.૫% અને વર્ષ ૨૦૩૦ સુધીમાં ૬% કરવો.

વર્ષ ૨૦૨૫ સુધીમાં સારો પગાર આપતી ૪ કરોડ અને વર્ષ ૨૦૩૦ સુધીમાં આવી ૮ કરોડ રોજગારીઓનું સર્જન કરવું.

વર્ષ ૨૦૨૫ સુધીમાં ભારતને ૫ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનાવવા માટે મૂલ્ય સંવર્ધિત જરૂરિયાતોમાં નેટવર્ક ઉત્પાદનોની નિકાસ એક ચતુર્થાંશ વૃદ્ધિ પ્રદાન કરી શકે છે.

**સતત વિકાસ અને આબોહવામાં ફેરફાર:** ભારતે UNCCDની COP-૧૪નું આયોજન કર્યું હતું, જેમાં દિલ્હીના જાહેરનામા ''જમીનમાં રોકાણ કરવું અને તકો ઊભી કરવી''નો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

વન અને વૃક્ષોનું કવચ ૮૦.૭૩ મિલિયન હેક્ટર થયું છે, જે દેશના ૨૪.૫૬% ભૌગોલિક વિસ્તારને આવરી લે છે.

**કૃષિ અને ખાદ્યપદાર્થોનું વ્યવસ્થાપન:** 'કૃષિ, વનીકરણ અને મત્સ્યઉછેર' ક્ષેત્રમાંથી વર્ષ ૨૦૧૯-૨૦ માટે મૂળભૂત કિંમતો પર ગ્રોસ વેલ્યૂ એડેડ (GVA)માં અંદાજે ૨.૮% સુધીનો વધારો થયો છે. વર્ષ ૨૦૧૭-૧૮માં પૂર્ણ થયેલા છેલ્લાં ૬ વર્ષ દરમિયાન ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ ક્ષેત્રે આશરે ૫.૦૬%ના એવરેજ એન્યૂઅલ ગ્રોથ રેટ (AAGR) પર વૃદ્ધિ કરી છે જ્યારે વસ્તીના વંચિત વર્ગોના હિત જાળવવાની જરૂરિયાતની વાત આવી છે ત્યારે સર્વેમાં ખાદ્યસુરક્ષાની કામગીરીને આ રીતે જાળવી રાખવા ભાર મૂક્યો છે:

(૧) ખાદ્ય સહાય બિલમાં વધારાની સમસ્યાનું સમાધાન કરવું.

(૨) નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ (NFSA) અંતર્ગત દર અને કવચમાં સુધારો કરવો.

**ઉદ્યોગ અને માળખું:** ઇન્ડેક્સ ઓફ ઇન્ડસ્ટ્રિયલ પ્રોડક્શન (IIP-ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંક) મુજબ ઔદ્યોગિક ક્ષેત્રએ વર્ષ ૨૦૧૯-૨૦માં (એપ્રિલથી નવેમ્બર સુધી) ૦.૬%ની વૃદ્ધિ કરી હતી, જે વર્ષ ૨૦૧૮-૧૯માં (એપ્રિલથી નવેમ્બર સુધી) ૦.૫% હતી.

વર્ષ ૨૦૧૯-૨૦ (એપ્રિલથી નવેમ્બર) દરમિયાન ખાતર ક્ષેત્રએ ૪.૦%ની વૃદ્ધિ પ્રાપ્ત કરી હતી, જે વર્ષ ૨૦૧૮-૧૯ (એપ્રિલથી નવેમ્બર) દરમિયાન ૧.૩% હતી.


વર્ષ ૨૦૧૯-૨૦ (એપ્રિલથી નવેમ્બર) દરમિયાન સ્ટીલ ક્ષેત્રએ ૫.૨%ની વૃદ્ધિ પ્રાપ્ત કરી હતી, જે વર્ષ ૨૦૧૮-૧૯ (એપ્રિલથી નવેમ્બર) દરમિયાન ૩.૬% હતી.

૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ ભારતમાં કુલ ટેલિફોન જોડાણ ૧૧૯.૪૩ કરોડ હતાં.

**સામાજિક માળખું, રોજગારી અને માનવ વિકાસ:** કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સામાજિક સેવાઓ (સ્વાસ્થ્ય, શિક્ષણ અને અન્ય) પર થતો ખર્ચ જીડીપીના હિસ્સામાં વર્ષ ૨૦૧૪-૧૫માં ૬.૨%થી વધીને વર્ષ ૨૦૧૯-૨૦માં ૭.૭% થયો હતો (બજેટનો અંદાજ).

વર્ષ ૨૦૧૮માં હ્યુમન ડેવલપમેન્ટ ઇન્ડેક્સ (માનવ વિકાસ સૂચકાંક)માં ભારતનો ક્રમ ૧૨૯મો થયો, જે વર્ષ

૨૦૧૭માં ૧૩૦ હતો. વાર્ષિક હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્સ (HDI)માં સરેરાશ ૧.૩૪%ની વૃદ્ધિ સાથે ભારત સૌથી વધુ ઝડપથી સુધારો ધરાવતા દેશોમાં સામેલ છે. નિયમિત વેતનધારી/પગારદાર કર્મચારીઓનો હિસ્સો વર્ષ ૨૦૧૧-૧૨માં ૧૮% થી ૫% વધીને વર્ષ ૨૦૧૭-૧૮માં ૨૩% થયો હતો. વર્ષ ૨૦૧૧-૧૨માં અર્થતંત્રમાં કુલ ઔપચારિક રોજગારી ૮% હતી, જે ૨૦૧૭-૧૮માં વધીને ૯.૯૮% થઈ હતી. આખા દેશમાં આયુષ્માન ભારત અને મિશન ઈન્દ્રધનુષ દ્વારા આરોગ્યલક્ષી સેવાઓની સુલભતામાં સુધારો થયો છે. મિશન ઈન્દ્રધનુષ અંતર્ગત દેશના તમામ ૬૮૦ જિલ્લામાં ૩.૩૯ કરોડ બાળકોનું અને ૮૭.૧૮ લાખ ગર્ભવતી મહિલાઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. આશરે ૭૬.૭% ગ્રામીણ કુટુંબો અને આશરે ૯૬% શહેરી વિસ્તારોમાં પાકાં ઘર હતાં. ૧૦ વર્ષની ગ્રામીણ સ્વચ્છતા વ્યૂહરચના (૨૦૧૯-૨૯) શરૂ કરવામાં આવી છે, જેનું કેન્દ્ર સ્વચ્છતાની વર્તણૂક બદલવાનો તથા ઘર અને પ્રવાહી કચરાનું વ્યવસ્થાપન કરવા અંગે ધ્યાન કેન્દ્રિત કરવાનો છે. (સ્રોતઃ પ્રેસ ઈન્ફર્મેશન બ્યૂરો)



# કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૨૦-૨૧: સમતુલા જાળવવાની મહત્ત્વપૂર્ણ કામગીરી

ડૉ. રાજીવ કુમાર

આ વર્ષના અંદાજપત્રમાં ત્રણ મુખ્ય થીમને વણી લેવામાં આવી છે: મહત્ત્વાકાંક્ષી ભારત, તમામ માટે આર્થિક વિકાસ અને કાળજી લેતો સમાજ . આ અંદાજપત્રમાં પ્રધાનમંત્રીના 'સબ કા સાથ, સબ કા વિકાસ, સબ કા વિશ્વાસ' સ્વપ્નને અનુલક્ષીને ભારતની મહત્ત્વાકાંક્ષાઓને સંતોષવા માટે, લોકોને સ્વાસ્થ્ય અને શિક્ષણની ઉન્નત સુવિધાઓ પૂરી પાડીને તેમનું જીવનધોરણ સુધારવાનો ઉદ્દેશ રાખવામાં આવ્યો છે. ટકાઉક્ષમ વૃદ્ધિ અને આર્થિક વિકાસને આગળ વધારીને આ અંદાજપત્રમાં ખાનગી ક્ષેત્રને પ્રોત્સાહન આપવાનો અને આપણે સુનિશ્ચિતરૂપે સૌહાર્દપૂર્ણ તેમજ કાળજીપૂર્ણ સમાજનું ઘડતર કરી શકીએ તેવો પણ ઉદ્દેશ રાખવામાં આવ્યો છે.

કૃષિ અને સંલગ્ન ક્ષેત્ર ઘણા ચડાવ-ઉતારમાંથી પસાર થઇ રહ્યાં છે, જોકે સરકાર વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાના પોતાના લક્ષ્ય પ્રત્યે કટિબદ્ધ છે. અંદાજપત્રમાં ૧૬ એક્શન પોઇન્ટ્સ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે, જેમાં કૃષિ અને સંલગ્ન ક્ષેત્રનાં મોટા ભાગનાં પાસાં આવરી લેવામાં આવ્યાં છે. પુરવઠાની અડચણોના કારણે કૃષિ ઉત્પાદન અને ખેડૂતોની ઓછી આવક વચ્ચે મોટા પાયે અંતર રહ્યું છે. અંદાજપત્રમાં આરંભથી અંત સુધીની સંપૂર્ણ મૂલ્ય સાંકળને સમર્થન આપવાનો અને સંગ્રહ માટે ગોદામના ઉપયોગ તેમજ તેના વિકાસ પર ભાર મૂકવાનો ઉદ્દેશ રાખવામાં આવ્યો છે. બ્લ્યૂ ઇકોનોમીના વિકાસ અને તેના દ્વારા ભારતના દરિયાકાંઠાના વિકાસ પર પૂરતું ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. કોલ્ડ સપ્લાય ચેઇન તૈયાર કરવાની દિશામાં તેમજ ભારતીય રેલવેની મદદથી રેફ્રિજરેટેડ કોચ શરૂ કરવા માટે પ્રયાસો કરવામાં આવ્યા છે. બગડી જાય તેવાં ઉત્પાદનોને લાંબા



સમય સુધી ટકાવી રાખવા માટે આ આવકાર્ય પગલું છે.

આ અંદાજપત્રમાં અગ્રવર્તી ટેક્નોલોજી સાથે તાલમેલ વધારવાની જરૂરિયાત પર ધ્યાન આપવામાં આવ્યું છે. આગામી નીતિના કારણે ખાનગી ક્ષેત્રો ડેટા સેન્ટર પાર્ક બનાવી શકશે અને ક્વોન્ટમ ટેક્નોલોજી પર રાષ્ટ્રીય મિશનનું સર્જન કરી શકશે. અર્થતંત્રમાં સેવા ક્ષેત્રનો મોટો હિસ્સો છે અને આ પગલાંના કારણે આ ક્ષેત્ર અને ખાસ કરીને ઇન્ફર્મેશન ટેક્નોલોજીને લગતી સેવાઓમાં વિકાસને વેગ મળશે.

આગામી દાયકામાં ભારતમાં કામ કરતા વયજૂથની વસ્તી સૌથી વધુ હશે તેવો અંદાજ છે. મોટી સંખ્યામાં શ્રમબળ એ લાભદાયી બાબત છે ત્યારે ઉત્પાદકતા વધારવા માટે તેમને યોગ્ય કૌશલ્ય આપવું પણ ખૂબ મહત્ત્વનું છે. નવી શિક્ષણનીતિ દ્વારા આનો ઉકેલ લવાશે. વિકાસને વેગ આપવા અને વૈશ્વિક સ્તરે ભારત મુખ્ય સ્ટાર્ટ-અપ ઇકો-સિસ્ટમ તરીકે ઊભરી આવે તે માટે પ્રધાનમંત્રી ઉદ્યમશીલતા અને સ્ટાર્ટ-અપની આગ્રહપૂર્વક તરફેણ કરી રહ્યા છે. આ ચળવળને વધુ પ્રોત્સાહન આપવા માટે, અંદાજપત્રમાં સ્ટાર્ટ-અપમાં કર્મચારીઓ દ્વારા શરૂ કરવામાં આવેલા ESOP (એમ્પલોયી સ્ટોક ઓનરશિપ પ્લાન)ને કરરાહત આપવાની જોગવાઇ કરવામાં આવી છે. તેવી જ રીતે, સ્ટાર્ટ-અપને તેના પ્રારંભિક તબક્કે સહાય માટે સીડ ફંડની શરૂઆતથી ઊભરતા ઉદ્યોગસાહસિકોને પુષ્કળ પ્રોત્સાહન મળશે.

આર્થિક ક્ષેત્ર માટે સરકારે અનેક પગલાં લીધાં છે. મહત્ત્વપૂર્ણ પગલાંરૂપે, વિદેશી રોકાણકારો માટે બોન્ડ બજારને ખુલ્લું મૂકવામાં આવ્યું છે અને આઉટસ્ટેન્ડિંગ કોર્પોરેટ બોન્ડ્સમાં FPI દ્વારા રોકાણની હાલની ૯%ની મર્યાદા વધારીને ૧૫% કરવામાં આવી છે. વધુમાં ભારત બોન્ડ એક્સચેન્જ ટ્રેડેડ ફંડ (ETF)માં અપાર સફળતા બાદ સરકાર નવા ડેબ્ટ-ETF શરૂ કરવાની યોજનામાં છે, તેમાં પ્રારંભિક ધોરણે સરકારી સિક્યોરિટીઝને સામેલ કરવામાં આવશે. આ પગલાંથી બોન્ડ બજારને વધુ મજબૂત કરવામાં મદદ મળશે અને આર્થિક મધ્યસ્થીઓને વ્યવહારુ વિકલ્પ મળી રહેશે. તેના કારણે શિડ્યૂલ્ડ કમર્શિયલ બેંકો પર તેમની નિર્ભરતા ઘટશે.

માઇક્રો, મધ્યમ અને નાના ઉદ્યોગો (MSME) દેશના GDPમાં ૨૯% યોગદાન આપે છે. વર્તમાન પડકારોને અનુલક્ષીને આ અંદાજપત્રમાં આ ક્ષેત્રોને આર્થિક રાહતો આપવામાં આવી છે. આ ક્ષેત્રમાં મુખ્ય ધિરાણદાર નોને-બેંકિંગ ફાઇનાન્શિયલ કોર્પોરેશન (NBFCs)માંથી આવતા હોવાથી નાણાકીય કામકાજની મૂડી સુવિધા માટે હવે ટ્રેડ રિસિવેબલ્સ ડિસ્કાઉન્ટિંગ સિસ્ટમ (TReD) પ્લેટફોર્મ દ્વારા તેમને સુવિધા પૂરી પાડવામાં આવશે. વધુમાં, NBFCના હાલના સંઘર્ષને દૂર કરવા માટે, આ અંદાજપત્રમાં સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટિઝ ઇન્ટરેસ્ટ એક્ટ (SARFAESI કાયદો) અંતર્ગત દેવાની વસૂલાત માટે તેમની પાત્રતા મર્યાદા વધારીને અસ્કયામતો માટે રૂપિયા ૧૦૦ કરોડ અને ધિરાણ માટે રૂપિયા ૫૦ લાખ કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

જાહેર ક્ષેત્રના એકમોની કામગીરી સુધારવા માટે સરકાર હંમેશાં પ્રતિબદ્ધ છે. આગામી વર્ષોમાં વિનિવેશનાં લક્ષ્ય સંદર્ભે કેટલાક સવાલ ઊભા થાય છે, પરંતુ અમને વિશ્વાસ છે કે મોટા પાયે વિનિવેશ અને અસ્કયામતોના મુદ્રીકરણ દ્વારા તે પ્રાપ્ત કરી શકાય તેમ છે. LICમાં લોકભાગીદારી કરવાથી સરકારને વધારાની આવક તો મળશે જ, સાથે-સાથે, આ સંગઠનની કામગીરીમાં પણ પારદર્શકતા વધશે. ખાસ કરીને પંજાબ મહારાષ્ટ્ર સહકારી બેંક (PMC બેંક)માં થયેલી કટોકટી પછી બેંકિંગ પ્રણાલીમાં વિશ્વાસ વધારવાની ખૂબ જ જરૂર પડી હતી. આ સંદર્ભમાં સરકારે થાપણ પર રૂપિયા ૧ લાખના વીમાકવચના દાયકા જૂના નિયમને બદલી રૂપિયા ૫ લાખનું વીમા કવચ નક્કી કર્યું છે, જે આવકાર્ય પગલું છે.

વધુમાં લાંબા ગાળાના ટકાઉક્ષમ વિકાસ અને રોજગારી માટે સરકાર દ્વારા ભરવામાં આવેલું અન્ય એક પગલું નેશનલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પાઇપલાઇન (NIP)ની જાહેરાત છે. અંદાજપત્રમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફાઇનાન્સ કંપનીઓને રૂપિયા ૨૨,૦૦૦ કરોડનો ઇક્વિટી સપોર્ટ આપવા માટે પૂરતા પ્રમાણમાં ભંડોળની જોગવાઇ કરવામાં આવી છે. તેનો વધુ લાભ ઉઠાવી શકાય છે અને તેનાથી પરિયોજના માટે લાંબા ગાળાના ડેબ્ટ ફાઇનાન્સનું સર્જન કરી શકાય છે.

સરકારે પોતાના ડેટામાં પારદર્શકતા વધારવા માટે અને વિશ્વસનીયતા સુધારવા માટે અનેક પગલાં લીધાં છે. અંદાજપત્ર દ્વારા પ્રથમ વખત બોન્ડ અને ધિરાણ ઉપાડના રૂપમાં અંદાજપત્ર સિવાયની ચીજોની જાણ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે, જ્યારે આપણે 'વાસ્તવિક રાજકોષીય ખાધ' અને બજારના દૃષ્ટિકોણના સંદર્ભમાં આ પરિયોજનાઓનાં જોખમને ધ્યાનમાં લઈએ ત્યારે પ્રવર્તમાન સ્થિતિઓના કારણે આ વર્ષે ઋણમાં વૃદ્ધિ થવા છતાં આગામી વર્ષમાં આ આંકડામાં નોંધપાત્ર ઘટાડો થશે.

જો આપણે વધુ મુક્ત અર્થતંત્ર ઈચ્છતા હોઈએ તો આપણે વધુ ગ્રહણશીલ બનવું જરૂરી છે. આ અંદાજપત્રમાં કેટલાક ચોક્કસ વ્યાપારિક પ્રતિબંધ લાદવામાં આવ્યા છે, તે વ્યાપાક રીતે આપણા સ્થાનિક ઉદ્યોગોને સંબંધિત ટૂંકા ગાળા માટે ચીનમાંથી વધતી આયાતોથી સુરક્ષિત રાખવા માટે છે. સરકાર વધુ એવી ઉદારવાદી વ્યાપાર નીતિઓ અપનાવવાનું વિચારી શકે છે, જેમાં ભવિષ્યમાં સ્થાનિક ઉદ્યોગો વચ્ચે સ્પર્ધાત્મકતા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હોય.

એકંદરે અર્થતંત્રમાં જેમ વિવિધ માળખાકીય સુધારા કરવામાં આવ્યા છે તેની જેમ અંદાજપત્રમાં પણ સંપત્તિના નિર્માણને પ્રોત્સાહન આપીને ભૂતકાળની સ્થિતિમાં મહત્ત્વપૂર્ણ પરિવર્તન લાવવામાં આવ્યું છે. અર્થતંત્રમાં લોકોનો વિશ્વાસ પાછો સ્થાપિત કરવા માટે કોર્પોરેટ અને વ્યક્તિગત કરવેરા પદ્ધતિને ધીરે ધીરે સરળ બનાવવાની દિશામાં આગળ વધવાનું મહત્ત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. કરદાતાઓનું ચાર્ટર પણ સરકારમાં રોકાણકારો અને કોર્પોરેટ્સનો વિશ્વાસ વધારવામાં મદદ કરશે.

અંદાજપત્ર આવ્યા પછી બજારમાં ઘટાડો નોંધાયો તે તદ્દન પાયા વગરની વાત છે. બજાર કદાચ કેટલીક માંગમાં વધારો થાય તેવી નીતિઓ અથવા મોટા વ્યક્તિગત કરઘટાડાની અપેક્ષા રાખતા હતા, જોકે લાંબા ગાળાના સુધારા કરવામાં આવ્યા હોવાનું બજારને સમજાતાં પછીના બે દિવસમાં બધો ઘટાડો પાછો રિકવર થયો હતો. આપણે હંમેશાં શું હોઈ શકે છે અને શું હોવું જોઈએ તે વિશે વાત કરી શકીએ છીએ અને અંદાજપત્ર કદાચ બજારની અપેક્ષાઓ સંતોષવામાં નિષ્ફળ ગયું હોઈ શકે, પરંતુ મૂળભૂત રીતે તે અર્થતંત્રને પાયામાંથી મજબૂતી આપનારું છે.

આ અંદાજપત્રમાં ઊંચી વૃદ્ધિ હાંસલ કરવાના માર્ગમાં આવનારા પડકારને અનુભવવામાં આવ્યા છે અને ઓળખવામાં આવ્યા છે. સરકારે અગાઉ કહ્યું હતું તેમ અંદાજપત્રને માત્ર એક ઘટના તરીકે જોવું એ સમજદારીભર્યું નથી. છેલ્લા છ મહિનામાં નવી સરકારની રચના થઇ અને તે સાથે અંદાજપત્ર (FY૨૦) જાહેર થયું ત્યારથી સરકારે એવાં સંખ્યાબંધ પગલાં લીધાં છે, જેનાથી અર્થતંત્ર મધ્યમ ગાળાના લાભ ઉઠાવી શકે છે. મહેસૂલ એકત્રીકરણની પડકારજનક સ્થિતિમાં પણ રાજકોષીય દૂરંદેશી જાળવતી વખતે સરકાર પૂરતા ખર્ચ માટે સતત પ્રતિબદ્ધ છે.

આ અંદાજપત્ર યોગ્ય અને તર્કસંગત છે. આર્થિકવૃદ્ધિના માર્ગમાં આવનારા પડકારને ધ્યાનમાં રાખીને સમગ્ર તંત્રને સહેજ પણ અસર કર્યા વગર તેમાં ટૂંકા, મધ્યમ અને લાંબા ગાળાની વિકાસની સંભાવનાઓ પર સમાન રીતે ધ્યાન આપવાનો પ્રયાસ કરાયો છે. આ અંદાજપત્ર મહત્ત્વાકાંક્ષી ભારતનું નિર્માણ કરવાના આપણા લક્ષ્ય તરફ લઈ જનારું છે. તાજેતરમાં લેવામાં આવેલાં પગલાં આપણને USD ૫ ટ્રિલિયનનું અર્થતંત્ર બનાવવાના લક્ષ્ય તરફ લઈ જશે.


લેખક નીતિ આયોગના વાઇસ ચેરમેન છે. તેઓ સરકાર, શૈક્ષણિક સંસ્થાઓ, ઉદ્યોગો તેમજ બહુપક્ષીય સંસ્થાઓમાં કામ કરવાનો ખૂબ બહોળો અનુભવ ધરાવે છે.

ઈ-મેલ: vch-niti@gov.in.



**In case of any complaints/**

grievances of

**Yojana (Gujarati)**,

please write to us at:

yojanagujarati@gmail.com

For **Yojana (English / Hindi)** :

helpdesk1.dpd@gmail.com,


pdjucir@gmail.com

# કરવેરાના પ્રસ્તાવઃ સામાન્ય નાગરિકને ફાયદા

ડૉ. અજય ભૂષણ પાંડે

વર્તમાન સ્થિતિમાં બજેટ ૨૦૨૦-૨૧ સુધારાલક્ષી બજેટ છે. એમાં ભારતના તમામ આર્થિક વર્ગના લોકોને ધ્યાનમાં રાખવામાં આવ્યા છે. આ બજેટના પાયામાં રહેલી વાત એ છે કે, ભારતના અર્થતંત્રને ૫ ટ્રિલિયન ડોલરનું બનાવવાની સફરમાં દેશમાં છેવાડાનાં માનવીને પણ સહભાગી બનાવવામાં આવે અને એના સુધી વિકાસનાં મીઠા ફળ પહોંચાડવામાં આવે. આ બજેટ મુખ્યત્વે ત્રણ બાબતો કેન્દ્રિત છે — આકાંક્ષી ભારત, સ્વસ્થ ભારત અને તમામનો આર્થિક વિકાસ. એમાં ટેક્નોલોજી અને નવીનતાની મદદ સાથે વર્ષ ૨૦૨૦-૨૧ માટે ભેગા મળીને વિકાસ તરફ આગેકૂચ કરવા અને આર્થિક વૃદ્ધિને વેગ આપવાની રૂપરેખા રજૂ કરવામાં આવી છે.

બજેટમાં લોકોની આવક વધારવા, તેમના હાથમાં વધારે નાણાં પ્રદાન કરવા, તેમની ખરીદશક્તિ વધારવા, ઉપભોગ વધારવા અને પરિણામે બજારમાં માંગ વધારવાનો ઉપાય કરવામાં આવ્યો છે. માંગ વધવાથી રોજગારી અને લાભદાયક આવકની સાથે અર્થતંત્રના વૃદ્ધિના ચક્રને વેગ મળશે. આ પ્રયાસમાં કરવેરાની નીતિ મહત્ત્વપૂર્ણ છે, કારણ કે કરવેરાની આવક રોકાણ, રોજગારી અને વૃદ્ધિને વેગ આપવા ખર્ચ કરવાની સાથે પ્રાથમિકતા ધરાવતાં ક્ષેત્રો અને સરકારની કલ્યાણકારક યોજનાઓ પર ખર્ચ કરવા આવશ્યક છે, જે વંચિત સમુદાયના લોકોના હિતો જાળવે છે. કરવેરા સાથે સંબંધિત નીતિનો ઉપયોગ ચોક્કસ ઉદ્યોગો, વિસ્તારો અને નાણાકીય માધ્યમોને વેગ આપવા માટે પણ થાય છે, જે માટે આર્થિકનીતિ અને વૃદ્ધિ સાથે સંબંધિત સરકારની પ્રાથમિકતાઓ પર આધારિત ચોક્કસ ક્ષેત્રોમાં બચત અને રોકાણને એક દિશા આપવામાં આવશે. આ ઉદ્દેશો સાથે બજેટ ૨૦૨૦-૨૧ મૂળભૂત માળખાગત સુધારાઓ અને સર્વસમાવેશક વૃદ્ધિ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.



વસ્તુ અને સર્વિસ ટેક્ષ (જીએસટી) પરોક્ષ કરવેરામાં સીમાચિહ્નરૂપ સુધારો છે, જેણે 'ઇન્સ્પેક્ટર રાજ'નો અંત લાવીને વેપાર-વાણિજયની પ્રક્રિયાને સરળ બનાવવાની સાથે દેશના આર્થિક સંકલન ઊભું કર્યું છે, વિવિધ પ્રકારના કરવેરા દૂર કરીને આખા દેશમાં એકીકૃત કરવેરા વ્યવસ્થા ઊભી કરી છે, જેના પરિણામે લોજિસ્ટિક અને પરિવહન ક્ષેત્રોમાં કાર્યદક્ષતા ઊભી થઈ છે. જીએસટીના અમલ સાથે જે પરિવર્તન આવ્યું છે એને ધ્યાનમાં રાખીએ તો આ વ્યવસ્થામાં સ્થિરતા આવ્યા પછી પણ વ્યવસ્થામાં પારદર્શકતાની પ્રક્રિયા હજુ ચાલુ છે અને સરકાર વેપાર અને ઉદ્યોગના હિતમાં તેમનાં સૂચનો અને ભલામણોને સમાવવા તૈયાર છે. સરકારનાં માળખાગત પરિવર્તનોથી પ્રત્યક્ષ કરવેરાનું ક્ષેત્ર વધારે પારદર્શક, વધારે જવાબદાર અને વધારે સુલભ બન્યું છે.

સરકારનો લક્ષ્ય કરવેરા વિભાગ અને કરદાતાઓ વચ્ચે સંવાદ સ્થાપિત કરવાનો છે, જેથી કરવેરા વિભાગ કરદાતાઓની રજૂઆતો સાંભળે, કરદાતાઓને કર વ્યવસ્થામાં વિશ્વાસ બેસે. કરવેરા વિભાગ ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે, જે કરદાતાઓને વધારે સુવિધા આપે છે. વળી, કરવેરા વિભાગ કરચોરોને પકડવા ડેટા એનાલિટિક્સ અને ઇન્ફર્મેશન ટ્રાઈન્ગ્યુલેશન સાથે ઉચિત રીતે સજ્જ છે તથા લક્ષિત કામગીરીઓ સાથે લીકેજમાં ઘટાડો કરે છે. આ પ્રક્રિયા ફેસલેસ (faceless) છે પણ કરદાતાઓ માટે વધારે ઉપયોગી છે, કારણ કે આ પ્રક્રિયા સરળ, ઓનલાઈન અને મદદરૂપ છે, જેમાં કાયદાકીય વિવાદ થવાની શક્યતા સૌથી ઓછી છે.

પ્રત્યક્ષ અને પરોક્ષ વેરાના સંબંધમાં બજેટની મુખ્ય બાબતો નીચે મુજબ છે:

**પરોક્ષ કરવેરા-જીએસટી**


નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે કેન્દ્રીય ચીજવસ્તુ અને સર્વિસ ટેક્ષ (CGST)નો સંશોધિત અંદાજ રૂ. ૫,૧૪,૦૦૦ કરોડ છે અને આગામી નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે CGSTનો બજેટ અંદાજ રૂ. ૫,૮૦,૦૦૦ કરોડ છે. અત્યારે રિટર્નને સરળ કરવાની પ્રક્રિયા પ્રાયોગિક ધોરણે ચાલુ છે, જેનો અમલ ૧ એપ્રિલ, ૨૦૨૦થી થશે. એનાથી રિટર્ન ભરવાની પ્રક્રિયા સરળ થઈ જશે, જેમાં નિલ રિટર્ન માટે SMS આધારિત ફિલિંગ, રિટર્નનું પ્રી-ફીલીંગ, આંતરિક કરવેરા ધિરાણનાં પ્રવાહમાં સુધારો અને સંપૂર્ણ સરળીકરણ જેવી ખાસિયતો સામેલ છે. રિફંડની પ્રક્રિયા સરળ બનાવવામાં આવી છે અને કોઈ પણ પ્રકારના માનવીય હસ્તક્ષેપ વિના સંપૂર્ણપણે ઓટોમેટિક છે, સાથે-સાથે ડેટા એનાલિટિક્સ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ટૂલનો ઉપયોગ જીએસટીની બનાવટી ઇનપુટ ટેક્સ ક્રેડિટ, છેતરપિંડી કરવાના આશય સાથે થયેલા રિફંડના દાવા તથા અન્ય ગોટાળા પર નજર રાખવા માટે થાય છે.

કેટલાંક પગલાં નીતિનિયમનોમાં સુધારો કરવા માટે લેવામાં આવ્યાં છે. નીતિનિયમોનું પાલન કરવા અને રિટર્ન ફાઇલ કરવા વૈકલ્પિક ધોરણે તબક્કાવાર રીતે ઇ-ઇનવોઇસનો અમલ થશે. કરદાતાઓની આધાર આધારિત ચકાસણી પ્રસ્તુત કરવામાં આવી છે. એનાથી ડમી કે અસ્તિત્વ ન ધરાવતા યુનિટ દૂર કરવામાં મદદ મળશે. ડાઈનેમિક ક્વિક રિસ્પોન્સ કોડ (QR-code)ની દરખાસ્ત કન્ઝ્યુમર ઇનોવોઇસ માટે રજૂ કરવામાં આવી છે. ગ્રાહકોને ઇનવોઇસ મેળવવા પ્રોત્સાહન આપવા રોકડ વળતરની વ્યવસ્થા ઊભી કરવાનો વિચાર કરવામાં આવ્યો છે. જીએસટીના દરના માળખા પર પણ ચર્ચા ચાલુ છે, જેથી ઇન્વર્ટેડ ડ્યુટીના માળખા જેવી સમસ્યાઓનું સમાધાન થાય.

**પરોક્ષ વેરા – કસ્ટમ**

વર્ષ ૨૦૧૯-૨૦ માટે કસ્ટમ વેરાનો સંશોધિત અંદાજ રૂ. ૧,૨૫,૦૦૦ કરોડ છે, જયારે બજેટમાં રૂ. ૧,૫૫,૯૦૪ કરોડનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૨૦-૨૧ માટે બજેટનો અંદાજ રૂ. ૧,૩૮,૦૦૦ કરોડ છે. સરકારની નીતિગત દિશાને સુસંગત રીતે કસ્ટમમાં સૂચિત કરવેરાનાં કેટલાંક પગલાં ઉપરાંત લાભદાયક કરવેરાની ખરાઈ માટે અનુકૂળ જોગવાઈઓ કસ્ટમ ધારામાં સામેલ કરવામાં આવી છે, જે આયાતકાર પર ચોક્કસ જવાબદારી લાદશે અને શંકાસ્પદ કિસ્સામાં નિકાસ થયેલા દેશમાંથી નિશ્ચિત સમયમર્યાદામાં વેરિફિકેશન માંગવામાં આવશે. ડ્યૂટી અને એન્ટિ-ડમ્પિંગ નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યા છે તથા પ્રતિરોધક ઉપાયો માટે કાઉન્ટરવેઇલિંગ ડ્યૂટીના નિયમોને વધારે કડક કરવામાં આવી રહ્યા છે.

સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા પગરખાં, ફર્નિચર, રમકડાં, ટેબલવેર અને કિચનવેર, સ્ટેશનરી અને ઓફિસની અન્ય ચીજવસ્તુઓ તથા ઘરગથ્થું ઉપકરણ અને સામાન્ય વપરાશની ચીજવસ્તુઓ જેવાં અનેક ઉત્પાદન પર આયાત વેરો લાદવામાં




આવ્યો છે, જેનું ઉત્પાદન અતિ નાનાં, નાનાં અને મધ્યમ ઉદ્યોગ સાહસો (MSME) દ્વારા થાય છે. આ પ્રકારની ચીજવસ્તુઓ પર આયાતવેરો વધારવામાં આવ્યો છે. મોબાઈલ ફોન અને અન્ય ઈલેક્ટ્રોનિક ચીજવસ્તુઓ, ઈલેક્ટ્રિક વાહનો, બેટરી વગેરે જેવાં ક્ષેત્રોમાં સ્થાનિક મૂલ્ય સંવર્ધન વધારવા તબક્કાવાર ધોરણે ઉત્પાદન કરવા સંકેન્દ્રિત પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. બનાવટી અને અપ્રચલિત એન્ટ્રીઓને દૂર કરવા કસ્ટમમાંથી માફીની સમીક્ષા કરવામાં આવી છે તથા આ પ્રકારની ૮૦ મુક્તિઓને પ્રસ્તુત જાહેરનામામાં સુધારો-વધારો કરીને પાછી ખેંચવામાં આવી છે.

ભારતમાં તબીબી ઉપકરણનું નોંધપાત્ર રીતે ઉત્પાદન થતું હોવાથી આ પ્રકારનાં ઉપકરણોની આયાત પર કસ્ટમ ડ્યૂટીની રીતે હેલ્થ સેસ (Cesscess) નાંખવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. આ સેસમાંથી થનારી આવકનો ઉપયોગ ઓળખ કરવામાં આવેલા જિલ્લામાં આરોગ્યલક્ષી સેવાઓ માટે માળખાગત સુવિધાઓ ઊભી કરવા માટે થશે.

**પ્રત્યક્ષ કરવેરા**

કરવેરાની સંપૂર્ણ આવક, કરદાતાઓ અને રિટર્ન ભરનારાઓની સંખ્યામાં વધારો એ આવકવેરા વિભાગે હાથ ધરેલા પ્રયાસોનું પરિણામ છે. ઉપરાંત આ પ્રયાસોથી ભારતીય અર્થતંત્રની પ્રવૃત્તિનું પરિબળ એકથી વધારે સાથે કરવેરાની ઊંચી આવક દર્શાવે છે એટલે કે જીડીપીમાં વૃદ્ધિના દર કરતાં પરોક્ષ વેરામાં વૃદ્ધિનો દર વધારે છે.

કરવેરાની ઊંચી આવક ઉપરાંત વર્ષ ૨૦૧૪-૧૫થી વર્ષ ૨૦૧૮-૧૯ વચ્ચે પ્રત્યક્ષ કરવેરાની આવકમાં ૬૪%ની વૃદ્ધિ થઈ છે. કોર્પોરેટ કરવેરા અને વ્યક્તિગત આવકવેરામાં વધારો જોઈ શકાય છે. વળી, નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪થી નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ વચ્ચે રિટર્ન ફાઈલ કરનાર લોકોની સંખ્યામાં ૯૧.૦૨%નો વધારો થયો છે ત્યારે કરદાતાઓની સંખ્યામાં ૬૦.૫૫%નો વધારો થયો છે. આવકવેરાના મોરચે આ કામગીરી સાથે બજેટમાં પ્રત્યક્ષ કરવેરાની વ્યવસ્થાને સરળ કરવા અને પ્રસ્તાવિત ટેક્સ ચાર્ટરને કાયદાનો ભાગ બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો છે. આ ખરા અર્થમાં પ્રત્યક્ષ કરવેરાની વ્યવસ્થાને કરદાતાને અનુકૂળ બનાવવા માટે વધુ એક નિર્ણાયક પગલું છે. આવકવેરા ધારો કરદાતાઓની જવાબદારી જણાવે છે. કરદાતાઓની સંહિતા કરદાતાઓ પ્રત્યે સરકારની કરવેરા વહીવટીતંત્રની જવાબદારીઓ જણાવશે.

આપણે ઝડપથી કરવેરામાં સુધારા તરફ અગ્રેસર છીએ, જેમાં અતિશયોક્તિનો કોઈ ઈરાદો નથી અને પ્રગતિશીલ કરવેરાની વ્યવસ્થા પ્રત્યેની કટિબદ્ધતા છે. આ માળખાને સરળ કરવા ઉપરાંત વ્યવસાય અને વ્યક્તિઓ પર કરવેરાનું ભારણ ઘટાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. સરકારે સપ્ટેમ્બર-૨૦૧૯માં કોર્પોરેટ કરવેરામાં ઘટાડો કર્યો છે, જે દક્ષિણ-પૂર્વ એશિયાના અન્ય દેશોને સમકક્ષ છે. બજેટમાં ડિવિડન્ડ ડિસ્ટ્રિબ્યૂશન ટેક્સ (DDT) રદ કરવાની

દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. હવે ડિવિડન્ડ પર કરવેરાની ચુકવણી રોકાણકારોને કરવી પડશે, જે લાગુ પડેલા કરવેરાના સ્લેબ દરના માળખાને આધીન હશે. આની સાથે કેટલીક પ્રક્રિયાગત સરળતા હાથ ધરવામાં આવી છે.

એમાં આવકવેરાની નવી અને સરળ વ્યવસ્થા ઊભી કરવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે, જેમાં વ્યક્તિગત કરદાતાઓ માટે આવકવેરાના દરમાં નોંધપાત્ર ઘટાડો કરવામાં આવશે, જેઓ ચોક્કસ કરમુક્તિ અને છૂટછાટ જતી કરશે. આ પ્રકારની રાહતથી માગને વેગ મળશે એવી અપેક્ષા છે અને દર વર્ષે સરકારને રૂ. ૪૦,૦૦૦ કરોડની આવક જતી કરશે. કરવેરાની નવી વ્યવસ્થા સ્વીકારવી કે નહીં એ બાબત વૈકલ્પિક છે એટલે હાલ આવકવેરા ધારા અંતર્ગત કરમુક્તિ અને છૂટછાટનો વધારે લાભ લેનાર વ્યક્તિ તેનો લાભ લઈ શકે છે અને જૂની વ્યવસ્થા મુજબ કરવેરાની ચુકવણી કરી શકશે.

સરકારે અગાઉ 'સબ કા વિશ્વાસ' (લેગસી વિવાદ નિવારણ) દ્વારા અગાઉ કાયદેસર લડાઈ ઘટાડવા સતત પ્રયાસ કર્યા છે અને હવે બજેટમાં 'વિવાદ સે વિશ્વાસ' યોજના પ્રસ્તુત કરી છે. આ સૂચિત યોજનાનો મૂળભૂત ઉદ્દેશ વ્યવસાય અને ઉદ્યોગને મદદ કરવાનો છે, જેથી તેઓ કાયદેસર લડાઈમાં સંકળાયેલા ન રહે અને સંપત્તિનું સર્જન કરવામાં વધારે ધ્યાન કેન્દ્રિત કરે. જો યોજનાનો લાભ ૩૧ માર્ચ, ૨૦૨૦ અગાઉ લેવામાં આવે તો યોજના વ્યાજને સંપૂર્ણ માફી આપશે.

આવકવેરા વિભાગની ડિલિવરી વ્યવસ્થાની કાર્યદક્ષતા વધારવાના ઉદ્દેશ સાથે બજેટમાં એ દરખાસ્ત રજૂ કરવામાં આવી છે કે, CBDT (કેન્દ્રીય પ્રત્યક્ષ કરવેરા મંડળ) કરદાતાનું ચાર્ટર અપનાવશે અને એના અમલીકરણ માટે જરૂરી દિશા આપશે એટલે કરદાતાની સેવાઓની ડિલિવરી હવે કાયદા સાથે સંલગ્ન થશે. ઉપરાંત સહકારી મંડળીઓને રાહત આપવા માટે બજેટમાં કોર્પોરેટ કરેવરામાં ઘટાડાની જેમ સહકારી મંડળીઓના માટે કરવેરો ૩૦%થી ઘટાડીને ૨૨% કરવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. ઉપરાંત બજેટમાં વીજળીનું ઉત્પાદન કરવામાં સંકળાયેલી નવી સ્થાનિક કંપનીઓને ૧૫%ના પ્રોત્સાહનજનક કોર્પોરેટ કરવેરાના દરનો લાભ આપવાની દરખાસ્ત સામેલ છે.

પ્રાથમિકતા ધરાવતાં ક્ષેત્રોમાં વિદેશી સરકારોના સોવેરિયન વેલ્થ ફંડ દ્વારા રોકાણને પ્રોત્સાહન આપવા બજેટમાં ભારતમાં કરેલા રોકાણ પર થયેલી તેમની આવકને ૧૦૦% કરમુક્તિ આપવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. સ્ટાર્ટ-અપ પ્રતિભાશાળી કર્મચારીઓને આકર્ષી શકે એ માટે તેમને એમ્પ્લોયી સ્ટોક ઓપ્શન પ્લાન (ESOP) માટે સક્ષમ બનાવવા બજેટમાં ESOP સાથે સંબંધિત આવકમાં પાંચ વર્ષ માટે કર્મચારી દ્વારા કરવેરાની ચુકવણીમાં વિલંબની સુવિધા આપવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. સ્ટાર્ટ-અપ ઈકો સિસ્ટમને વધુ પ્રોત્સાહન આપવા બજેટમાં રૂ. ૧૦૦ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતા મોટા સ્ટાર્ટ-અપને ટેક્સ હોલિડે આપવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે અને કરમુક્તિનો ગાળો ૭ વર્ષથી વધારીને ૧૦ વર્ષ કરવામાં આવ્યો છે. બજેટમાં ફરજિયાત ઓડિટ માટેના લઘુતમ ટર્નઓવરની મર્યાદા રૂ. ૧ કરોડથી વધારીને રૂ. ૫ કરોડ કરવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે.

વ્યક્તિગત આવકવેરાની નવી વ્યવસ્થાથી આશરે ૮૦% કરદાતાઓને લાભ થશે. આ અંદાજને ડેટા એનાલિટિક્સનું સમર્થન પ્રાપ્ત છે. કરદાતાઓ દ્વારા તમામ પ્રકારની કરકપાતો અને કરમુક્તિઓ સાથે નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯નું વિશ્લેષણ કરવેરાના આધાર તરીકે થયું છે, જેમાં જાણકારી મળી છે કે આશરે ૬૯% કરદાતાઓ કરવેરાની નવી વ્યવસ્થા અપનાવશે તો તેમને રૂ. ૭૮,૦૦૦ સુધીની બચત થશે અને આશરે ૧૧% કરદાતાઓને નાણાકીય દૃષ્ટિએ 'નહીં નફો, નહીં નુકસાન' થશે, જોકે તેમને પણ હાલની કરવેરા વ્યવસ્થાની સરખામણીમાં નવી વ્યવસ્થા લાભદાયક લાગશે, કારણ કે એથી આવકવેરાનું માળખું સરળ અને ઓછું જટિલ બન્યું છે તેમજ કરદાતાઓ પર ચકાસણી અને નવા નિયમોના પાલન માટેના પેપરવર્કના ભારણમાં ઘટાડો થશે, જેમ કે રસીદોની જાળવણી, દસ્તાવેજીકરણ અને પુરાવાનું ભારણ.

લેખક ભારત સરકારના મહેસૂલ સચિવ છે અને GSTNના ચેરમેન છે.

ઈ-મેલઃ
rsecy@nic.in

# શહેરી ક્ષેત્રોમાં પરિવર્તન લાવનારું કેન્દ્રનું અંદાજપત્ર

દુર્ગા શંકર મિશ્રા


ભારત ઝડપથી વધી રહેલી શહેરી વસ્તીના સહિયારા વિકાસને પ્રોત્સાહન આપવા માટે "સબ કા સાથ, સબ કા વિકાસ, સબ કા વિશ્વાસ"ના મંત્ર સાથે સર્વાંગી પ્રયાસો કરી રહ્યું છે. વર્લ્ડ અર્બન પ્રોસ્પેક્ટ્સ (WUP), ૨૦૧૮માં અનુમાન લગાવવામાં આવ્યું હતું કે ભારતની કુલ વસ્તીમાંથી શહેરી વસ્તી ૩૪% છે, જે ૨૦૩૦ સુધીમાં વધીને ૪૦% અને ૨૦૫૦ સુધીમાં ૫૦% થઇ શકે છે. શહેરીકરણનું નવું મોજું આવ્યું છે તેમાં તકો અને પડકારો બંને અપેક્ષિત છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં GDPમાં શહેરી હિસ્સો ૭૫% રહેવાનું અનુમાન છે, જે ૨૦૦૯-૧૦ની તુલનાએ ૬૨-૬૩% વધારો છે [હાઇ પાવર્ડ એક્સ્પર્ટ કમિટી (HPEC), ૨૦૧૧].

### શહેરી પરિવર્તન માટે મિશન ૨૦૧૪-૧૯

ભારત સરકારે સુનિયોજિત અને પદ્ધતિસર શહેરી વિકાસ માટે સમગ્ર દુનિયામાં સૌથી વ્યાપક કાર્યક્રમ શરૂ કર્યા છે. સ્વચ્છતા અને ચોખ્ખાઇ, પરવડે તેવા આવાસ અને શહેરોમાં ગરીબી નાબૂદી જેવી સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે ૪,૫૦૦થી વધુ શહેરી સ્થાનિક સંગઠનો (ULB)ને સ્વચ્છ ભારત મિશન શહેરી (SBM-U), પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરી (PMAY-U) અને દીનદયાળ અંત્યોદય યોજના – રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન (DAY-NULM) જેવી વિવિધ મુખ્ય યોજનામાં આવરી લેવામાં આવ્યા છે. વધુમાં અટલ મિશન ફોર રિજુવેનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન (AMRUT) અંતર્ગત ૫૦૦ શહેરોમાં (૧ લાખથી વધુ વસ્તી ધરાવતા) સાર્વત્રિક પાણી પુરવઠો અને ગટર વ્યવસ્થા/કચરાના નિકાલ માટે જોગવાઇઓ કરવામાં આવી છે. ૧૨ શહેરોમાં હેરિટેજ સિટી ડેવલપમેન્ટ એન્ડ ઑગ્મેન્ટેશન યોજના (HRIDAY)નો પ્રારંભ કરવામાં આવ્યો છે, જેનો ઉદ્દેશ્ય તે શહેરોનો વારસો સાચવવાનો તેમજ તેનું પુનરોત્થાન કરવાનો છે. શહેરી પરિવહનને ખૂબ મોટો વેગ આપવા માટે, મોટા પાયે માસ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ્સ (MRTS)ની શરૂઆત કરવામાં આવી છે. અંતે નોંધનીય છે કે સ્માર્ટ સિટી મિશન (SCM)નો પણ ૧૦૦ શહેરોમાં પ્રારંભ કરવામાં આવ્યો હતો, જેનો ઉદ્દેશય શહેરોમાં મૂળભૂત ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો લાવવાનો અને સ્માર્ટ ઉકેલોનો ઉપયોગ કરીને લોકોને ઉત્તમ ગુણવત્તાનું જીવનધોરણ પૂરું પાડવાનો છે.

### ઉન્નત અંદાજપત્રીય સહકાર અને ભંડોળની ઉપલબ્ધતા

છેલ્લાં પાંચ વર્ષના વલણને અનુસરીને તાજેતરમાં કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૨૦-૨૧માં આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય (MoHUA)ને રૂ. ૫૦,૦૪૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે, જે ૨૦૧૯-૨૦માં કરવામાં આવેલી રૂ. ૪૨,૨૬૭ કરોડની



ફાળવણી (સુધારેલા આંકડા અનુસાર)માં નોંધપાત્ર વૃદ્ધિ દર્શાવે છે. આ બધાથી ઉપર વિશેષ આવાસ માટે વધારાનાં અંદાજપત્રીય સંસાધનો (EBR) તરીકે રૂ. ૧૦,૦૦૦ કરોડની પણ જોગવાઇ કરવામાં આવી છે.

### US $૫ ટ્રિલિયનના લક્ષ્યની દિશામાં ભારતની કૂચમાં શહેરો આર્થિક વિકાસનાં એન્જિન છે

અંદાજપત્રમાં એક નિશ્ચિત લક્ષ્ય એટલે કે દેશને US $૫ ટ્રિલિયનનું અર્થતંત્ર બનાવવાનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે, જે ૧૩૦ કરોડ ભારતીયોની આસ્થા, વિશ્વાસ અને આકાંક્ષાનું પીઠબળ છે. ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસને વેગ આપવા માટે સરકારે ૨૦૨૦-૨૫ સુધીના સમયગાળા માટે ૩૧ ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ રાષ્ટ્રીય ઇન્ફ્રાસ્ટ્રક્ચર પાઇપલાઇન (NIP)નો આરંભ કર્યો છે. NIPના કારણે જીવનધોરણમાં સુધારા આવશે અને તેના કારણે તમામ લોકોને સમાન પ્રમાણે માળખાગત સુવિધાઓ પ્રાપ્ત થશે તેવી અપેક્ષા છે અને તેના પરિણામે સહિયારો વિકાસ વધશે. વર્ષ ૨૦૨૦થી ૨૦૨૫ દરમિયાન અનુમાનિત રૂ. ૧૦૩ લાખ કરોડના ઇન્ફ્રાસ્ટ્રક્ચરના રોકાણમાંથી ૧૬% હિસ્સો શહેરી વિસ્તારોના પુનરોત્થાન માટે ફાળવવામાં આવ્યો છે. આ રોકાણના કારણે ભારત તેના શહેરી પડકારોમાં ઘટાડો કરી શકશે અને લોકોના જીવનમાં વધુ સકારાત્મક પ્રભાવ પાડી શકશે તેમજ ૭૦ મોટાં શહેરોની આસપાસ વસતા ઓછામાં ઓછા ૨૦ કરોડ ગ્રામીણ લોકોને પણ તેનાથી ફાયદો થશે.

### શહેરી પુનરોત્થાન માટે રોકાણને પ્રોત્સાહન


વિવિધ મોટી યોજનાનો આરંભ કરવામાં આવ્યો ત્યારથી કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૧૪-૨૦ દરમિયાન અંદાજે રૂ. ૧,૬૨,૧૬૫ કરોડની આર્થિક સહાય આપવામાં આવી છે. આના કારણે આ ક્ષેત્રમાં રૂ. ૧૦,૪૫,૦૭૬ કરોડનું રોકાણ થયું છે, જેમાં રાજ્ય/ULBs, લાભાર્થીઓ અને પબ્લિક-પ્રાઇવેટ પાર્ટનરશિપના ભાગીદારોનું યોગદાન સામેલ છે. આથી, એક વાત સ્પષ્ટ છે કે શહેરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે જે કેન્દ્રની સહાય આપવામાં આવે છે તેના લગભગ ૬.૫ ગણી રકમના રોકાણનું યોગદાન મળી રહ્યું છે. વધુમાં, વર્ષ ૨૦૨૦-૨૫ માટે કુલ રોકાણ રૂ. ૧૭,૭૪,૧૬૭ થવાનો અંદાજ છે. શહેરી વિસ્તારોનો વિકાસ NIP અંતર્ગત રોકાણનો મોટો હિસ્સો બની રહેશે.

"ભારતમાં વર્તમાન સમય ઝડપથી બદલાઇ રહ્યો છે, જેની ગતિ અને પ્રમાણ ન સમજી શકાય એવાં છે. 'ન્યૂ ઇન્ડિયા'નું નિર્માણ થઇ રહ્યું છે."
"આગામી બે દાયકામાં ભારત સમગ્ર દુનિયામાં સૌથી મોટા શહેરીકરણના મોજાનું સાક્ષી બનશે. આ એક પડકાર છે, પરંતુ એક વિરાટ જવાબદારી અને તક પણ છે... સામૂહિક પરિવહન, કચરાનું વ્યવસ્થાપન, પ્રદૂષણ પર નિયંત્રણ, ટકાઉક્ષમ આવાસ અને પરવડે તેવાં મકાન અમારા માટે સૌથી પ્રાથમિકતાના કાર્યક્રમો છે."

**— પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી.**

### શહેરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર: કનેક્ટિવિટી પર વિશેષ ભાર

અંદાજપત્ર ૨૦૨૦-૨૧માં, કુલ રૂ. ૨૦,૦૦૦ કરોડ માસ રેપિડ ટ્રાન્ઝિસ્ટ સિસ્ટમ અને મેટ્રો પરિયોજનાઓ માટે ફાળવવામાં આવ્યા છે (અગાઉના વર્ષની તુલનાએ વધુ ફાળવણી છે) તેમજ રૂ. ૧૮,૬૦૦ કરોડ રૂપિયાના ખર્ચે ૧૪૮ કિલોમીટર લાંબી બેંગલુરુ સબ અર્બન ટ્રાન્સપોર્ટ પરિયોજનાનું નિર્માણ કરવાનો પ્રસ્તાવ રેલવે મંત્રાલય દ્વારા કરવામાં આવ્યો છે. આ ઉપરાંત અંદાજપત્રમાં મુંબઇ-અમદાવાદ વચ્ચે હાઇસ્પીડ રેલ,



ચેન્નઇ-બેંગલુરુ એક્સપ્રેસવે, દિલ્હી-મુંબઇ એક્સપ્રેસ-વે અને જળમાર્ગો દ્વારા નદીકાંઠાના વિસ્તારોમાં આર્થિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. ભારતનેટ કાર્યક્રમ દ્વારા તમામ ULBs માટે ડિજિટલ કનેક્ટિવિટી ઉપલબ્ધ કરાવવા પર ધ્યાન આપવામાં આવ્યું છે, જેમાં વ્યક્તિગત ગ્રાહકો ભાવ અને વીજળી પ્રદાતા/સ્રોત (થર્મલ અથવા RE) પસંદ કરી શકે તે માટે વિકલ્પ સાથે પ્રી-પેઇડ સ્માર્ટ વીજ મીટર આપવાની પણ જોગવાઇ રહેશે.

**સ્વચ્છ અને સ્વસ્થ ભારત માટે સ્વચ્છ ભારત મિશન (શહેરી)**

આ અંદાજપત્રમાં પાણી અને સફાઇને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે, કારણ કે સફાઇની પ્રવૃત્તિઓ અને મૃત્યુદર તેમજ સ્વાસ્થ્ય પરિણામો (આર્થિક સમીક્ષા, ૨૦૧૮-૧૯) વચ્ચે સીધો સંબંધ છે. સ્વચ્છ ભારત મિશન (શહેરી) નામથી મુખ્ય કાર્યક્રમ અંતર્ગત અત્યાર સુધીમાં ૬૬ લાખથી વધુ શૌચાલયનું નિર્માણ કરવામાં આવ્યું છે અને ૯૯%થી વધુ શહેરો ખુલ્લામાં શૌચ મુક્ત (ODF) બની શક્યા છે. ૧૨૭૬ શહેરોને ODF+ અને ૪૧૧ શહેરોને ODF++ તરીકે પ્રમાણિત કરવામાં આવ્યા છે. અન્ય ઘણાં શહેરો આવા પ્રમાણીકરણ માટે દેખરેખ હેઠળ છે. ઘનકચરાના વ્યવસ્થાપન (SWM) માટે પણ પ્રશંસનીય કામગીરી કરવામાં આવી છે. અંદાજપત્રના વક્તવ્યમાં સેપ્ટિક ટાંકીઓ અને ગટરોની આપોઆપ સફાઇ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે અને આ દિશામાં પહેલાંથી જ પગલાં લેવામાં આવી રહ્યાં છે.

**હર ઘર જલઃ AMRUT**

દેશમાં ૧ લાખથી વધુ વસ્તી ધરાવતાં ૫૦૦ શહેરોમાં જૂન-૨૦૧૫માં AMRUT (અમૃત) યોજના શરૂ કરવામાં આવી છે, જેમાં પાણીના પુરવઠા માટે સાર્વત્રિક કવરેજ અને ગટર તેમજ કચરાનું કવરેજ ૩૧%થી વધારીને ૬૨% સુધી લઇ જવાનું લક્ષ્ય છે. આ યોજના અંતર્ગત દરેક રાજ્ય/ કેન્દ્ર શાસિત પ્રદેશો માટે રૂપિયા ૭૭,૪૬૦ કરોડની ફાળવણી માટે રાજ્યના વાર્ષિક એક્શન પ્લાન (SAAP) મંજૂર કરવામાં આવ્યા છે. આમાંથી અડધી રકમ પાણી પુરવઠા માટે, ૪૨% રકમ ગટર અને કચરાના નિકાલ માટે ફાળવવામાં આવી છે. રૂ. ૭૩,૦૦૭ કરોડની પરિયોજનાઓ અમલીકરણ હેઠળ છે; આ પરિયોજનાઓમાંથી રૂ. ૮,૭૨૫ કરોડનાં કામ પૂર્ણ થઇ ગયાં છે. અત્યાર સુધીમાં ૭૧ લાખ પાણીના નળ અને ૪૩ લાખ ગટર જોડાણ આ યોજના હેઠળ આપવામાં આવ્યાં છે.

**જળસંરક્ષણને પ્રોત્સાહનઃ જનઆંદોલન**

જળસંરક્ષણને "જનઆંદોલન" બનાવવા માટે મંત્રાલય દ્વારા જળશક્તિ અભિયાન શરૂ કરવામાં આવ્યું, જેમાં ચાર મુખ્ય બાબતો પર ભાર મૂક્યો છેઃ

૧) વરસાદી પાણીનો સંગ્રહ
૨) ટ્રીટમેન્ટ કરેલા નકામા પાણીનો ફરી ઉપયોગ
૩) જળાશયનો જીર્ણોદ્ધાર
૪) વૃક્ષારોપણ

૭૫૦થી વધુ ULBsને પાણીના અછતગ્રસ્ત તરીકે ઓળખવામાં આવ્યા છે અને તેમને પાણીના સંગ્રહના માળખા બાંધવા, ટ્રીટમેન્ટ કરેલા નકામા પાણીનો ફરી ઉપયોગ કરવા, ઓછામાં ઓછા એક જળાશયનો જીર્ણોદ્ધાર કરવા અને વૃક્ષારોપણ કરવા માટે કાયદાનું પાલન કરવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. અત્યાર સુધીમાં ૨.૩૯ લાખ વરસાદી પાણીના સંગ્રહની જગ્યાઓ ઊભી કરવામાં આવી છે અને અન્ય ૨.૨૨ લાખ જગ્યાઓનું બાંધકામ ચાલી રહ્યું છે. નાણાં મંત્રીએ એક મિલિયનથી વધુ વસ્તી ધરાવતાં તમામ શહેરોને વર્તમાન વર્ષમાં જ જળ જીવન મિશનના હેતુ સિદ્ધ કરવા માટે ભારપૂર્વક જણાવ્યું છે. આને સાકાર કરવા માટે AMRUT અંતર્ગત પગલાં લેવામાં આવી રહ્યાં છે.



### શહેરી ભારતને વધુ સ્માર્ટ બનાવવાની દિશામાં સ્માર્ટ સિટી મિશન

સ્માર્ટ સિટી મિશને તેના અમલીકરણનાં પાંચ વર્ષ પૂર્ણ કર્યાં છે. રૂ. ૨,૦૫,૦૧૮ કરોડની પ્રસ્તાવિત ૫,૧૫૧ પરિયોજનાઓમાંથી ૮૦%થી વધુ પરિયોજનાઓ અમલીકરણના વિવિધ તબક્કે છે. ઇન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર્સ (ICCC), સ્માર્ટ સ્ટ્રીટ્સ/રોડ, સાર્વજનિક બાઇક શેરિંગ, સ્માર્ટ સૌર ઊર્જા, સ્માર્ટ પોલ્સ, સ્માર્ટ વોટર અને ઇન્ટિગ્રેટેડ સ્માર્ટ ટ્રાફિક/ટ્રાન્ઝિટ મેનેજમેન્ટ જેવી નાવીન્યપૂર્ણ પરિયોજનાઓ ભારતીય શહેરો દ્વારા પહેલી જ વખત હાથ ધરવામાં આવેલા મોખરાના પ્રયાસો છે. અંદાજપત્ર ૨૦૨૦-૨૧માં સ્માર્ટ સિટી મિશન અને AMRUT માટે વર્ષ ૨૦૨૦-૨૧ માટે રૂ. ૧૩,૭૫૦ કરોડ ફાળવવામાં આવ્યા છે જ્યારે ૨૦૧૯-૨૦માં રૂ. ૯,૮૪૨ કરોડ ફાળવવામાં આવ્યા હતા તેની તુલનાએ લગભગ ૪૦% વધુ રકમ છે.

### સૌના માટે પરવડે તેવું ઘર

પ્રધાનમંત્રીની દૂરંદેશી સાકાર કરવા માટે સરકાર વર્ષ ૨૦૨૨ સુધીમાં "સૌના માટે ઘર" ઉપલબ્ધ કરાવવા માટે પ્રતિબદ્ધ છે. એક કરોડથી વધુ મકાનોને પહેલાંથી જ મંજૂરી આપી દીધી છે; ૬૨ લાખથી વધુ મકાનોનું બાંધકામ શરૂ થઇ ગયું છે અને ૩૨ લાખ મકાનોનું કામ પૂર્ણ થઇ ગયું છે /સોંપી દીધાં છે. દર વર્ષે અંદાજપત્રીય જોગવાઇઓ ઉપરાંત રાષ્ટ્રીય શહેરી આવાસ ભંડોળ (NUHF)ની રચના કરીને અલગથી મિકેનિઝમ તૈયાર કરવામાં આવ્યું છે. આવાસ યોજનાઓને રૂ. ૬૦,૦૦૦ કરોડની વધારાની ફાળવણી માટે અંદાજપત્ર સિવાયનાં EBR દ્વારા સંસાધન ઉપલબ્ધ કરાવવાના હેતુથી કેન્દ્રીય મંત્રીમંડળે NUHFને મંજૂરી આપી છે. સરકાર દ્વારા બેંકો/નાણાકીય સંસ્થાઓની અગ્રતા ક્ષેત્રે ધિરાણની અછતોનો ઉપયોગ કરીને રૂ. ૧૦,૦૦૦ કરોડની પ્રારંભિક સિલક સાથે રાષ્ટ્રીય આવાસ બેંક (NHB)માં અફોર્ડેબલ હાઉસિંગ ફંડ (AHF)ની રચના કરી છે.

અંદાજપત્ર ૨૦૨૦-૨૧માં PMAY-U માટે અંદાજપત્ર અંતર્ગત કુલ રૂ. ૮૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે, જ્યારે EBR માટે રૂ. ૧૦,૦૦૦ કરોડ ફાળવ્યા છે. નાણાં મંત્રીએ ખાનગી પહેલ હેઠળ પરવડે તેવા આવાસ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે કેટલીક ચોક્કસ કરવેરાની છૂટછાટ આપી છે અને વર્તમાન જોગવાઇઓને લંબાવી પણ છે. તેનાથી પણ શહેરી વિસ્તારોની ખોટ પુરાશે.

### ગરીબી નાબૂદી, આજીવિકા અને કૌશલ્ય વિકાસ

શહેરોમાં ગરીબો, જેમાં ખાસ કરીને નવા જ સ્થળાંતરિત થયેલા લોકોને રોજગારી, રહેણાંક અને સામાજિક જરૂરિયાતોના અભાવનો સામનો કરવો પડે છે, જેનું નિવારણ વ્યાપક અને એકીકૃત રીતે એકસાથે લાવવામાં આવશે. મતલબ કે દીનદયાળ અંત્યોદય યોજના – રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન (DAY-NULM)ના રૂપમાં શહેરી આજીવિકાની સમસ્યા દૂર કરવા માટે મિશનનો અભિગમ શરૂ કરવામાં આવ્યો હતો.

DAY-NULMના પ્રાથમિક લક્ષ્ય પર શહેરી ગરીબો છે, જેમાં શહેરોમાં રહેતા ઘરવિહોણા લોકો પણ સામેલ છે. અંદાજપત્ર ૨૦૨૦-૨૧માં DAY-NULM માટે રૂ. ૭૯૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે. પ્રધાનમંત્રીનું સપનું સાકાર કરવા માટે યુવાનોના કૌશલ્યમાં વધારો કરવાના આશયથી તમામ ULBમાં નવા બહાર પડેલા એન્જિનિયરોને એક વર્ષની ઇન્ટર્નશિપ પૂરી પાડવાનો પ્રસ્તાવ પણ મૂક્યો છે. આ માટે રાજ્ય સાથે વિચાર-વિમર્શ કરીને એક યોજના તૈયાર કરવામાં આવી રહી છે.

### ઇઝ ઓફ લિવિંગ અને ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ

આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય (MoHUA) દ્વારા ૨૦૧૮માં સૌપ્રથમ વખત ૧૧૧ શહેરોને આવરી લેતો 'ઇઝ ઓફ લિવિંગ ઇન્ડેક્સ' બહાર પાડવામાં આવ્યો હતો. 'ઇઝ ઓફ લિવિંગ ઇન્ડેક્સ-૨૦૧૯' (વ્યવસાય કરવા માટે સરળ સ્થાન)નું મૂલ્યાંકન હાલમાં ચાલી રહ્યું છે અને ટૂંક સમયમાં તે બહાર પાડવામાં આવશે. વિશ્વ બેંકના 'ડૂઇંગ બિઝનેસ રિપોર્ટ-૨૦૨૦' અનુસાર ઇઝ ઓફ 'ડૂઇંગ બિઝનેસમાં ભારત ૬૩મા ક્રમે આવ્યું છે, જે વર્ષ ૨૦૧૯માં આવેલા ૭૭મા ક્રમ કરતા સારી સ્થિતિ દર્શાવે છે તેમજ ભારત બાંધકામની મંજૂરીઓ આપવામાં ઓછો સમય લેનાર દેશ બની રહ્યો છે. વર્તમાન સમયમાં ભારત બાંધકામની મંજૂરીઓ આપવા બાબતે ૨૭મા ક્રમે આવે છે જ્યારે ૨૦૧૭માં ૧૮૫મા ક્રમે હતું. ઑનલાઇન બિલ્ડિંગ પરમિશન સિસ્ટમ (OBPS)નો અમલ અત્યાર સુધીમાં ૨,૫૦૬ શહેરોમાં કરવામાં આવ્યો છે, જેમાં ૪૪૪ AMRUT શહેરો સામેલ છે. ૨૦૧૯માં MoHUA દ્વારા મ્યુનિસિપલ પર્ફોર્મન્સ




ઈન્ડેક્સ પર શરૂ કરવામાં આવ્યો હતો, જેનો હેતુ સુશાસન, ટેક્નોલોજી, સેવાઓ, આયોજન અને ફાઈનાન્સ એમ પાંચ સ્તંભની મદદથી ભારતનાં મ્યુનિસિપલ સંગઠનોની કાર્યક્ષમતા વધારવાનો અને તેનું મૂલ્યાંકન કરવાનો છે.

### આબોહવા પરિવર્તન અને ટકાઉક્ષમ શહેરીકરણ

શહેરોમાં સ્વચ્છ હવા અને આબોહવા સંબંધિત કામગીરીઓ માટે રૂ. ૪૪૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. MoHUA દ્વારા પહેલાંથી જ 'ક્લાઈમેટ સ્માર્ટ સિટીઝ અસેસમેન્ટ ફ્રેમવર્ક' શરૂ કરવામાં આવ્યું છે, જે ૧૦૦ સ્માર્ટ શહેરોમાં આબોહવા પરિવર્તન સાથે અનુકૂલન અને તેમાં ઘટાડો કરવા માટેની પ્રવૃત્તિઓ માટે ક્ષમતા નિર્માણ કરવાના આશયથી મોખરાનો પ્રયાસ છે. આ પ્રયાસના ભાગરૂપે મંત્રાલયે શહેરો અને સમાન વિચારસરણીના સંગઠનો વચ્ચે 'ક્લાઈમેટ સ્માર્ટ સિટી એલાયન્સની શરૂઆત કરી છે.

### ભાવિ સ્થિતિ

ભારત સરકાર ન્યૂ ઇન્ડિયાનું નિર્માણ કરવા માટે પ્રતિબદ્ધ છે, જેમાં નગરો અને શહેરો આર્થિક વિકાસના આધારબિંદુ તરીકે કામ કરશે. ઈઝ ઓફ લિવિંગને પ્રોત્સાહન-પ્રતિભાવ આપતું સુશાસન, સ્વચ્છ અને ટકાઉક્ષમ પર્યાવરણ, ઝડપી આર્થિક વૃદ્ધિ અને નાગરિકો માટે આજીવિકાની તકો વગેરેને વાઈબ્રન્ટ શહેરી ભારત માટે પ્રગતિના માર્ગો તરીકે ઓળખવામાં આવ્યા છે. મંત્રાલય વ્યાપક, સમાવિષ્ટ, સહભાગી અને ડેટા આધારિત અભિગમ અનુસરીને ભવિષ્યનાં શહેરોનું નિર્માણ કરવા માટે પ્રતિબદ્ધ છે. તેનો ઉદ્દેશ સ્માર્ટ શહેરો અને US $૫ ટ્રિલિયનનું અર્થતંત્ર બનાવવાની રાષ્ટ્રની સફર તેમજ ન્યૂ ઇન્ડિયા વિશે આપણી સમજ સાથે શહેરી પરિવર્તનને આગળ વધારવાનો છે.


### સંદર્ભો:


- McKinsey Global Institute (2010). India's urban awakening: Building inclusive cities, sustaining economic growth. McKinsey & Company.
- MoUD (2011) Report of High-Powered Expert Committee (HPEC)
- Union Budget 2019-20. Ministry of Finance, Government of India.
- Union Budget 2020-21. Ministry of Finance, Government of India.
- United Nations, DSA, Population Division (2018). World Urbanisation Prospects: 2018 Revision.
- Economic Survey (2016-17, 2018-19, 2019-20). Government of India, New Delhi.



લેખક ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના સચિવ છે.

ઈ-મેલ:
secyurban@nic.in

# જળ અને સ્વચ્છતાનું અર્થશાસ્ત્ર

**પરમેશ્વરન ઐયર**

વર્ષ ૨૦૧૪થી સ્વચ્છતાના 'જન આંદોલન'માં પ્રધાનમંત્રીના રાજકીય નેતૃત્વ અંતર્ગત સ્વચ્છ ભારત મિશન (એસબીએમ)એ સમગ્ર રાષ્ટ્રને આજે ''સાફ'' કરી દીધું છે. આ મિશનને સમગ્ર વિશ્વએ અત્યાર સુધીમાં અનુભવેલ સ્વચ્છતા માટેનો સૌથી મોટો વર્તણૂક પરિવર્તન કરતો કાર્યક્રમ માનવામાં આવે છે. સૌથી અગત્યનું પરિબળ કે જેણે તફાવત સર્જ્યો અને એસબીએમને ૧.૩ કરોડ લોકોની સામૂહિક શક્તિનો લાભ પૂરો પાડ્યો તે ચોક્કસપણે આ રાજકીય નેતૃત્વ જ હતું. આ પ્રયાસમાં ટોચ પરથી પ્રધાનમંત્રીના સંપૂર્ણ ટેકાની સાથે નાણા મંત્રાલયે છેલ્લાં પાંચ વર્ષની અંદર એક લાખ કરોડ રૂપિયાથી વધુના રોકાણ સાથે ભારતને ખુલ્લામાં શૌચમુક્ત (ઓડીએફ)ના બૃહદ લક્ષ્ય સાથે જોડી દીધું છે.

જાન્યુઆરી-૨૦૨૦માં એસબીએમના અમલીકરણ પરથી મેળવવામાં આવેલ તારણોના આધાર પર એડીસ અબાબામાં 'સ્કેલિંગ ઓન સેનિટેશન ઈન આફ્રિકા' વિષય પર એક મંત્રી સ્તરીય રાઉન્ડ ટેબલ ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈથિયોપિયા, નાઈજિરિયા, કેન્યા અને સેનેગલના સ્વચ્છતા મંત્રીઓએ માત્ર પાંચ વર્ષની અંદર ખુલ્લામાં શૌચને દૂર કરવામાં ભારતે જે સફળતા પ્રાપ્ત કરી હતી તેના પર આશ્ચર્ય પ્રગટ કર્યું અને તેઓ સૌ એ બાબતે સંમત થયા હતા કે પોતાના દેશોમાં એસબીએમ મોડલની પ્રતિકૃતિ તૈયાર કરવા માટે તેમને જે સૌથી મોટી સમસ્યા નડે છે તે એ છે કે જે રીતે ભારતે ૨૦૧૪થી




કર્યું છે તે રીતે તેઓ તેમના નાણા મંત્રાલયને સ્વચ્છતાની અંદર મોટું રોકાણ કરવા તૈયાર નથી કરી શકતા.

દરમિયાન ભારતીય નાણાં મંત્રીઓએ વર્ષ પ્રતિવર્ષ સ્વચ્છતામાં રોકાણ કરવાના મહત્ત્વ અને તેની લાંબા ગાળાની અસરને પણ સ્વીકાર કરી છે. આ ભંડોળમાંનો મોટો ભાગ કરોડો ગરીબ અને છેવાડાના પરિવારોને ઘરમાં શૌચાલયનું નિર્માણ કરવા માટે નાણાકીય સહાય પૂરી પાડવામાં ગયો છે અને તેમનો ઉપયોગ લોકોની વર્તણૂકમાં પરિવર્તન લાવવા, જનઆંદોલનને આગળ વધારવા અને ફિલ્ડ ફંક્શનરીની ક્ષમતાનું નિર્માણ કરવા માટે પણ થયો છે. ગ્રામીણ ભારતમાં આશરે ૧૦ કરોડથી વધુ શૌચાલયનું નિર્માણ કરવામાં આવ્યું છે અને આશરે ૫૫ કરોડ લોકોએ ખુલ્લામાં શૌચ કરવાનું બંધ કર્યું છે, જેના પરિણામે વૈશ્વિક સ્તરે ખુલ્લામાં શૌચના સ્તરમાં અડધા કરતા વધુનો ઘટાડો નોંધાયો છે.

આ રોકાણ પરના વળતર અનેકગણાં છે અને બૃહદ અર્થતંત્ર, બજાર અને રોજગારી ઉપર તેની અસર નોંધપાત્ર છે. યુનિસેફે તાજેતરમાં અંદાજ કાઢ્યો છે કે ભારતમાં સ્વચ્છતા માટે કરવામાં આવેલ રોકાણ ૪૦૦% પરિણામ આપે છે, જ્યાં ઓડીએફ ગામની અંદર પ્રત્યેક ગ્રામીણ પરિવાર દવાના ખર્ચમાં ઘટાડો, સમયની બચત અને જીવન બચતના પરિણામે ૫૦,૦૦૦ રૂપિયાની બચત કરી શકે છે. આ દરમિયાન ટોઈલેટ બોર્ડ કોએલિશનનો અંદાજ છે કે ભારતમાં સ્વચ્છતા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સર્વિસ માર્કેટ ૨૦૨૧ સુધીમાં ૬૦ બિલિયન ડોલરનું થઈ જશે, જે આરોગ્ય અને પર્યાવરણના ખર્ચને ઘટાડીને નવી રોજગારીનું નિર્માણ કરશે તેમજ પરિવારની બચતમાં વૃદ્ધિ કરશે.

શૌચાલયને લગતા હાર્ડવેર સામાનનું ઉત્પાદન કરતા વ્યવસાયમાં જોડાયેલ ઘણા લોકોએ એસબીએમના સમયગાળા દરમિયાન વિશાળ વૃદ્ધિ નોંધાવી છે. યુનિસેફ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલ અભ્યાસમાં અંદાજ લગાવવામાં આવ્યો છે કે એસબીએમ દ્વારા છેલ્લાં પાંચ વર્ષમાં ૭૫ લાખથી વધુ ફૂલ ટાઈમને સમકક્ષ રોજગારીની તકોનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેનાથી ગ્રામીણ અર્થતંત્રને મોટો વેગ મળ્યો છે.

હવે એ બાબત સંપૂર્ણ સ્પષ્ટ છે કે સ્વચ્છતા ક્ષેત્રમાં રોકાણ એ વાસ્તવમાં બૃહદ અર્થતંત્ર, આરોગ્ય અને સામાજિક લાભને સુવિધા પૂરી પાડનાર ઘટક છે. સરકાર વિશાળ ગ્રામીણ વિકાસના મુખ્ય આધારસ્તંભ તરીકે પાણી અને સ્વચ્છતાને પ્રાથમિકતા આપવાનું ચાલુ રાખશે. સરકાર એ બાબતની ખાતરી આપવા માટે પ્રતિબદ્ધ છે કે આ સફળતા સંતુલિત રહે. તમામ રાજ્ય દ્વારા ઓડીએફની જાહેરાત કરવાના પ્રસંગે ૨ ઓક્ટોબર, ૨૦૧૯ના રોજ પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે “આ એકમાત્ર પડાવ છે અને અંતિમ સ્થાન નથી



અને આપણે બધાએ એ બાબતની ખાતરી કરવી જોઈએ કે લોકો શૌચાલયનો ઉપયોગ કરે અને તેમાં કોઈ પાછળ ના રહી જાય.'' આ બાબતને નાણા મંત્રી નિર્મલા સીતારમણ દ્વારા ૨૦૨૦-૨૧ના બજેટમાં સમર્થન આપવામાં આવ્યું હતું, જ્યાં તેમણે તમામ ગામડાં માટે ૨૦૨૪ સુધીમાં ઓડીએફ સંતુલિતતા, બાયો ડિગ્રેડેબલ વેસ્ટ મેનેજમેન્ટ, ગ્રે વોટર મેનેજમેન્ટ, મળ-કાદવ વ્યવસ્થાપન અને સૌથી અગત્યના પ્લાસ્ટિક કચરાના નિકાલ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા માટે ૧૦,૦૦૦ કરોડ રૂપિયાની જાહેરાત કરી છે.

અન્ય એક અગત્યની પાયાની સેવા કે જેના પ્રત્યે આ સરકાર પ્રતિબદ્ધ છે તે છે પાઈપ વડે પાણીનો પુરવઠો પૂરો પાડવો. આ વર્ષે સ્વતંત્રતા દિવસના અવસર પર પ્રધાનમંત્રીએ જળ જીવન મિશન (જેજેએમ)ની જાહેરાત કરી, જેનું લક્ષ્ય ૨૦૨૪ સુધીમાં ભારતના પ્રત્યેક પરિવાર માટે પાઈપના માધ્યમથી પાણી પહોંચાડવાનું છે અને આ યોજના માટે કેન્દ્ર અને રાજ્ય સરકારના ૩.૬ લાખ કરોડની કટિબદ્ધતા દર્શાવવામાં આવી છે. ૨૦૨૦-૨૧ માટેના બજેટમાં સરકારે અગાઉથી જ જેજેએમ માટે ૧૧,૫૦૦ કરોડ રૂપિયાના કેન્દ્રના હિસ્સાની ફાળવણી કરી દીધી છે, જેમાં ૧૨,૦૦૦ કરોડ રૂપિયાના વધારાના બજેટના સંસાધનની વધારાની જોગવાઈ પણ કરવામાં આવી છે.

પરંતુ ગ્રામીણ જળ અને સ્વચ્છતા ક્ષેત્રમાં સૌથી મોટી પ્રેરણા એ પંદરમા નાણાં પંચ અંતર્ગત પીવાના પાણી અને સ્વચ્છતા માટે ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓને ફાળવવામાં આવેલ ૯૦,૦૦૦ કરોડ રૂપિયાની નાણાકીય ફાળવણીના ૫૦%ની રકમ છે. આ તે બાબતની પણ ખાતરી કરશે કે ગ્રામ પંચાયત અને સ્થાનિક સમુદાય તેમના પાણી અને સ્વચ્છતા ઈન્ફ્રાસ્ટ્રક્ચરની દેખરેખ રાખવા માટે જવાબદાર છે અને તે લોકોને સેવાઓ પૂરી પાડવાની સંતુલિતતા પ્રદાન કરે છે. આ પહોંચ એ બાબતની પણ ખાતરી કરશે કે સ્વચ્છતાની જેમ જ પાણીનો પુરવઠો અને તેની સારસંભાળની જોગવાઈ પણ દરેક વ્યક્તિની જવાબદારી બનશે.


લેખક ભારત સરકારના જળશક્તિ મંત્રાલયમાં પીવાના પાણી અને સ્વચ્છતા વિભાગના સચિવ છે.

ઈ-મેલઃ
param.iyer@gov.in





# ભારતમાં માળખાગત સુવિધાઓ

જી. રઘુરામ

નાણાં મંત્રી નિર્મલા સીતારમણે અંદાજપત્રમાં રાષ્ટ્રીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન (NIP)નો સંદર્ભ આપીને ઈન્ફ્રાસ્ટ્રક્ચર હિસ્સાનો પરિચય કરાવ્યો હતો, જેમાં રૂ. ૧૦૨.૫૧ ટ્રિલિયનના રોકાણ સાથે પાંચ વર્ષની દૂરંદેશી બતાવવામાં આવી છે. પરિવહન ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટેના આ કુલ રોકાણમાંથી રસ્તાઓ માટે રૂ. ૧૯.૬૪ લાખ કરોડ, રેલવે ક્ષેત્ર માટે રૂ. ૧૩.૬૯ લાખ કરોડ, હવાઈ મથક માટે રૂ. ૧.૪૩ લાખ કરોડ, બંદર અને શહેરી ભાગો તેમજ આવાસ (મેટ્રો, જાહેર પરિવહન અને ઈલેક્ટ્રિક વાહનો), ગ્રામીણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (ગ્રામીણ માર્ગો) અને કૃષિ (સંગ્રહ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રેફ્રિજરેટેડ પરિવહન) માટે રૂ. ૧.૦૧ લાખ કરોડ ફાળવવામાં આવ્યા છે.

માર્ગો, રેલવે, હવાઈ મથક અને બંદરમાં ૩૬% રોકાણ કરવામાં આવશે. જો આપણે તેમાં અન્ય રોકાણ ઉમેરીએ તો તે લગભગ ૪૦%નો આંકડો વટાવી જાય. એકંદરે કહીએ તો પરિવહનનું માળખું એ NIPમાં સૌથી મહત્ત્વપૂર્ણ રોકાણ છે. કુલ NIP રોકાણમાંથી અંદાજે ૨૦% (રૂ. ૧૯.૫ લાખ કરોડ)નું રોકાણ ૨૦૨૦-૨૧ દરમિયાન કરવામાં આવશે તેવી અપેક્ષા છે. આ દિશામાં કેન્દ્રીય અંદાજપત્રમાં રૂ. ૧.૧૭ કરોડની ફાળવણી પરિવહન મંત્રાલય અને રૂ. ૦.૪ લાખ કરોડની ફાળવણી શહેરી પરિવહન (રૂ. ૦.૨ લાખ કરોડ) અને ગ્રામીણ માર્ગો (રૂ. ૦.૨ લાખ કરોડ) માટે કરવામાં આવી છે. બાકીની રકમ આંતરિક ઉપાર્જન (accruals), ઋણ, રાજ્યના ભંડોળ અને ખાનગી ભંડોળ દ્વારા આવશે. આવું ભંડોળ મળી રહે તે સુનિશ્ચિત કરવા માટે નીતિ નિર્દેશન ટકાઉક્ષમ હોય અને પૂરતા પ્રમાણમાં ભંડોળનો ઉપયોગ થાય તે મહત્ત્વપૂર્ણ છે.

માર્ગ ક્ષેત્રમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગોના વર્ગીકરણમાં વૃદ્ધિ (હાલમાં ૧.૩ લાખ કિલોમીટરથી વધારીને ૨.૦ લાખ કિલોમીટર) કરવી, એક્સપ્રેસ-વેનું નિર્માણ, ઈલેક્ટ્રોનિક ટોલ પ્લાઝાનો વધુ



ઉપયોગ અને ટ્રાફિક નિયમન માટે અદ્યતન ટેક્નોલોજીના ઉપયોગ પર નીતિઓમાં ભાર મૂકવામાં આવ્યો છે. દિલ્હી–મુંબઇ એક્સપ્રેસ-વે પર તાત્કાલિક ધ્યાન આપવામાં આવ્યું છે અને અન્ય ૧૩,૦૦૦ કિલોમીટરના ધોરીમાર્ગો અપગ્રેડ કરવા પર ધ્યાન આપવામાં આવ્યું છે. આ ક્ષેત્રમાં બિલ્ડ ઓપરેટ ટ્રાન્સફર (BOT), હાઇબ્રીડ એન્યુઈટી મોડલ (HAM) અને ટોલ ઓપરેટ ટ્રાન્સફર (TOT) સહિત પબ્લિક-પ્રાઇવેટ પાર્ટનરશિપ (PPP)ના અલગ અલગ રૂપે પ્રયોગો કરવામાં આવ્યા છે, જેથી વધુ પરિયોજનાઓ પર કામ કરી શકાય. જોકે, માર્ગ ક્ષેત્ર પર હજુ પણ જમીનના અધિગ્રહણ અને પર્યાવરણને લગતી મંજૂરીઓની સમસ્યાઓના કારણે નોંધપાત્ર પ્રમાણમાં વિલંબ થઇ રહ્યો છે. સંખ્યાબંધ પરિયોજનાઓ ધિરાણ કરતી સંસ્થાઓ માટે નોન પર્ફોર્મિંગ અસ્કયામતો બની ગઇ છે. માર્ગોનો ઉપયોગ કરનારાઓ માટે સલામતી એ મહત્ત્વપૂર્ણ પરિણામી માપદંડ છે, જેના પર હજુ પણ વ્યાપક રીતે ધ્યાન આપવામાં આવ્યું નથી. આબોહવા પર અસરની બાબતોમાં પેટ્રોલ અને ડીઝલથી હવે ઇલેક્ટ્રિક વાહનો (EV) તરફ લોકો વળી રહ્યા છે, પરંતુ તેને અપનાવવાનું પ્રમાણ હજુ પણ ઘણું ઓછું છે.

રેલવે ક્ષેત્રમાં સુધારાને કેટલોક વેગ આપવામાં આવ્યો છે. મુસાફર ટ્રેનમાં ખાનગી ક્ષેત્રની ભાગદારી સમાવવાનો વિચાર આવકાર્ય પગલું છે. આ એવો સુધારો છે, જે ઘણા સમય પહેલાં થઇ જવો જોઇતો હતો. જમીનમાર્ગ, હવાઇમાર્ગ અને જળમાર્ગ જેવાં પરિવહનનાં અન્ય ક્ષેત્રોમાં પરંપરાગત રીતે જ ખાનગી ક્ષેત્રની સેવાઓ છે તેને અપનાવવાની પ્રતીક્ષા હતી. આવા સેવા પ્રદાતાઓના કારણે સખત ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો અને જવાબદારીની જરૂર પડશે, જે સારી બાબત છે.

તાજેતરમાં બે તેજસ એક્સપ્રેસનાં ઉદાહરણ હાફવે હાઉસના અર્થમાં છે, કારણ કે સેવા પ્રદાતા ભારતીય રેલવે કેટરિંગ અને પર્યટન નિગમ (IRCTC) મૂળરૂપે ભારતીય રેલવેની પેટા સંસ્થા છે અને સ્પર્ધાત્મક બિડિંગ પ્રક્રિયા દ્વારા તેનો અમલ કરવામાં આવ્યો નહોતો. ૧૫૦ ટ્રેન સામેલ કરવાનું લક્ષ્ય આવકાર્ય છે, છતાં કેટલા સારા પ્રમાણમાં રાહત કરાર અને બોલી લગાવવાની પ્રક્રિયા થાય છે તેના પર બધું નિર્ભર છે. રિયલ એસ્ટેટ મૂલ્ય અને ગ્રાહકોની સેવાઓમાં સુધારો કરીને રેલવે સ્ટેશનમાંથી મૂલ્ય વધારવાની વાતો ઘણાં વર્ષથી ચાલે છે. આ દિશામાં કેટલાંક સ્ટેશનમાં આશાનું કિરણ દેખાયું છે. જો આ રીતે ૭૫૦ સ્ટેશનનો વિકાસ કરવાનો પ્રસ્તાવ હોય તો આ દિશામાં વેગ વધારવાની જરૂર છે.

કેડરનું એકબીજામાં વિલીનીકરણ કરવાનું પગલું પણ આવકાર્ય છે. છેલ્લા ચાર દાયકા કરતાં વધુ સમયથી આંતરિક વિભાગ વચ્ચે આવતા અવરોધો દૂર કરવા માટે આ સંદર્ભે ચર્ચા થતી હતી, સંખ્યાબંધ સમિતિઓ દ્વારા પણ તેની ભલામણ કરવામાં આવી હતી, જોકે હજુ પણ કેટલાક આંતરિક અવરોધો છે અને શું બધી કેડરનું વિલીનીકરણ કરવું જોઇએ કે પછી ઓછામાં ઓછી. શરૂઆતના તબક્કે પણ કોઇ મધ્યસ્થીનો હોદ્દો વધુ સારો રહેશે તે અંગે ચર્ચા થઇ રહી છે.

વર્ષોથી રેલવેમાં ટેક્નોલોજી અને ક્ષમતા સુધારવા પર ભાર મૂકવામાં આવ્યો છે. સમર્પિત માલવહન કોરિડોર (DFC) અને હાઇસ્પીડ રેલ (HSR) સંબંધિત પરિયોજનાઓ આનું જ પરિણામ છે. સેમી હાઇ સ્પીડ રેલ કોરિડોરનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે, છતાં વર્તમાન કોરિડોર પર તેની વાસ્તવિક અસરકારકતા અંગે ચર્ચા ચાલી રહી છે. પશ્ચિમ અને પૂર્વ DFCs નિર્માણ હેઠળ છે અને તેમના કેટલાક ભાગ સક્રિય છે.

વર્ષ ૨૦૨૨ સુધીમાં કોરિડોર સંપૂર્ણ કાર્યરત થઇ જશે તેવી અપેક્ષા છે. આનાથી ઉચ્ચ માગવાળા રૂટ પર માલની હેરફેરમાં સુધારો આવશે તેવી અપેક્ષા છે અને તેના પરિણામે પરંપરાગત સમાંતર રૂટ પર મુસાફર ટ્રેનની ક્ષમતામાં સુધારો આવશે, જોકે કિંમત અને ટ્રેકના ઍક્સેસના ચાર્જ તેમજ DFC પર ટ્રાફિક લઇ જવા માટે તેનો મહત્તમ લાભ કેવી રીતે ઉઠાવી શકાય તે એક ચિંતાની બાબત છે. અન્ય એક ચિંતાની બાબત DFCના માપદંડનો ઉપયોગ કરવા માટે રોલિંગ સ્ટોકની ઉપલબ્ધતા છે. આવા કેટલાક રોલિંગ સ્ટોક ચોખ્ખી DFC હેરફેર માટે ઉપયોગી નીવડશે ત્યારે પરંપરાગત રેલવે લાઇન પર હેરફેર માટે મુશ્કેલી પણ સર્જાશે. DFCના અનુભવના આધારે નવા સમર્પિત કોરિડોર (જેની પહેલાંથી જ પરિકલ્પના કરવામાં આવી છે) હાથ ધરવામાં આવશે.

સમર્પિત કોરિડોર તરીકે હાઇ સ્પીડ રેલ (HSR) હાલમાં અમદાવાદ અને મુંબઇ વચ્ચે નિર્માણાધીન છે. આના પર ૩૨૦ કલાકદીઠ કિલોમીટરની ઝડપે જાપાનની શૈલીની બુલેટ ટ્રેન દોડશે, જેનાથી આ બંને શહેર વચ્ચેનું અંતર ૬ કલાકથી ઘટીને માત્ર ૨ કલાકના શ્રેષ્ઠ સમયનું થઇ જશે. તેના અનુગામી કોરિડોરની પરિકલ્પના કરવામાં આવે ત્યારે આગામી તૈયારીઓમાં પ્રથમ કોરિડોરના અનુભવનો પ્રભાવ જોવા મળશે.

એકંદરે ભારતીય રેલવેમાં સંખ્યાબંધ પહેલ હાથ ધરવામાં આવી હોવાનું દેખાઇ રહ્યું છે ત્યારે કેવી રીતે PPPને પ્રોત્સાહન આપવામાં આવશે તેની પાયાની બાબતો અને રોલિંગ સ્ટોકની સ્વદેશી બનાવટ માટે સંશોધન અને વિકાસ પર ધ્યાન આપવા બાબતે હજુ પણ કોઇ સ્પષ્ટતા નથી. ભારતીય રેલવેના સતત આધુનિકીકરણ માટે અને આગામી પાંચ વર્ષમાં ઓછામાં ઓછા ૪૦% મોડલ હિસ્સામાં વધારો કરવા માટે આ બંને ખૂબ નિર્ણાયક છે. રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે આવા મોડલ હિસ્સા આબોહવા સંવેદનશીલતા માટે મહત્ત્વપૂર્ણ છે.

હવાઇ મથક ક્ષેત્રમાં મુખ્યત્વે બે બાબત પર ધ્યાન આપવામાં આવ્યું છે. સૌથી પહેલાં તો ટોચનાં ૩૦ હવાઇ મથકમાં PPP પ્રાથમિક ધોરણે ક્ષમતા અને સેવામાં સુધારો કરવો. બીજું કે અંદાજે ૧૦૦ હવાઇ મથક વધારવા અને તમામ શ્રેણી-IIII (tier-II) અને શ્રેણી-III શહેરોમાં તેમનું પોતાનું હવાઇ મથક ઉપલબ્ધ કરાવવું. શરૂઆતમાં બિલ્ડ-ઓપરેટ-ટ્રાન્સફર (BOT) ધોરણે પાંચ હવાઇ મથકમાં [જ્યાં એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (AAI) 'સત્તાધીશ' છે] PPP લાવવામાં સફળતા મળ્યા પછી પ્રક્રિયા અને રાહત સમજૂતીમાંના અર્થઘટનમાં ઘણી ચિંતાઓ ઊભી થઇ હતી. આના કારણે વધુ PPPમાં ૧૦ વર્ષનો વિલંબ થયો.

ત્યારબાદ બિલ્ડ ઓપરેટ ટ્રાન્સફર ધોરણે વર્ષ ૨૦૧૬થી 'સત્તાધીશ' તરીકે રાજ્ય સરકારના સંચાલન હેઠળ ગ્રીનફિલ્ડ હવાઇ મથક (હાલનાં હવાઇ મથક ક્ષેત્રોને પણ સેવા આપવા માટે) આપવાનું શરૂ થયું. વચગાળાના સમયમાં આધુનિક કરવામાં આવેલા AAI હવાઇ મથક હવે ઓપરેટ મેન્ટેન ટ્રાન્સફર (OMT) ધોરણે આપવામાં આવે છે. છ હવાઇ મથક ફાળવી દેવામાં આવ્યાં છે. વધુની કાર્યવાહી ચાલુ છે. નીચલા સ્તરનાં શહેરોમાં સેવા આપવા માટે હવાઇ મથક વધારવા સંદર્ભે તે નભી શકશે કે કેમ તે મુદ્દો છે. આવાં હવાઇ મથકમાં PPPને આકર્ષવાં મુશ્કેલ છે, છતાં યોગ્ય વાયેબિલિટી ગેપ ફંડિંગ/સબસિડીથી કામ થઇ શકે છે. એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા દ્વારા ફોલબેક વિકલ્પની અપેક્ષા છે, છતાં એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા દ્વારા સંખ્યાબંધ ખોટ કરતાં હવાઇ મથકને વ્યવસ્થાપન સંબંધિત ચિંતા કરવામાં આવી છે. એવો પણ એક સવાલ છે કે આટલાં હવાઇ મથકની જરૂર છે કે પછી કેટલાંક સ્થળોએ આસપાસનાં સ્થળોથી માર્ગ પરિવહન કનેક્ટિવિટી દ્વારા સેવા આપી શકાય તેમ છે.

બંદર ક્ષેત્રમાં સાગરમાલા ખૂબ મોટી પરિયોજનાલક્ષી યોજના છે, જેની કલ્પના કરવામાં આવી હતી એટલી ઝડપે આગળ નથી વધી રહી, તેમાં એક સમસ્યા પર્યાવરણના મુદ્દાની છે તો વાસ્તવિક મુદ્દો કદાચ તેની જરૂરિયાતના પ્રકારનો પણ હોઇ શકે છે. કાર્યદક્ષતા વધારવા માટે બંદરોના આધુનિકીકરણ અને વધુ સારી કનેક્ટિવિટી માટે ઇન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂર છે. નવાં સ્થળો દ્વારા ક્ષમતામાં ઉમેરો અનિવાર્ય ના હોય ત્યાં સુધી જરૂરી નથી. કેન્દ્ર સરકાર દ્વારા સંચાલિત મોટાં બંદરોમાં અને વધુમાં રાજ્ય સરકાર દ્વારા સંચાલિત ખાનગી બંદરોમાં વાજબી પ્રવેશ કર્યો છે. ખરેખર તો કન્ટેનર ક્ષેત્રે વધુ પડતી ક્ષમતાની સ્થિતિ પણ આવી શકે છે. ઊર્જા ક્ષેત્ર હવે કોલસા પરથી અક્ષય ઊર્જા તરફ ખસી રહ્યું હોવાથી કોલસા માટે પણ આવું થઇ શકે છે.

પ્રતિબંધિત રાહત સમજૂતીઓના કારણે કેટલાક અગાઉના PPP તેમની શ્રેષ્ઠ કામગીરી કરવા માટે સમર્થ નથી. નિયમન કાયદામાં રિસ્ટ્રક્ચરિંગની પ્રક્રિયાની ઘણા લાંબા સમયથી ચર્ચા ચાલી રહી છે તેમાં હવે ઉતાવળ લાવવાની જરૂર છે. જમીન વિસ્તાર સાથે કનેક્ટિવિટીના પ્રશ્નો, ખાસ કરીને રેલવે દ્વારા કનેક્ટિવિટીના પ્રશ્નો DFC અને ઇન્ડિયન પોર્ટ રેલ કોર્પોરેશન લિમિટેડ (IPRCL) બંનેની મદદથી સુધારવા જોઇએ. રેલવે અને બંદરો વચ્ચે સંકલન સુધારવા માટે ૨૦૧૫માં IPRCLની રચના કરવામાં આવી હતી.

દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશને (DMRC) બતાવેલી સફળતાના આધારે ૧૨ અન્ય શહેરોમાં જાહેર પરિવહન ઇન્ફ્રાસ્ટ્રક્ચર તરીકે મેટ્રોનો વિકાસ થઇ રહ્યો છે. આ તમામ શહેરમાં મેટ્રોનો પ્રભાવ નોંધપાત્ર રહેશે, કારણ કે એમાંથી કેટલાંકમાં તો માત્ર એક અથવા બે રૂટ છે. સામાન્યપણે રૂટનું આખું નેટવર્ક હોવું આવશ્યક છે, જેથી ઇન્ટ્રા-સિટી કનેક્ટિવિટી થઇ શકે. મુખ્ય મેટ્રો શહેરોને લાભ થશે, કારણ કે ત્યાં નેટવર્ક તૈયાર કરવાનો અભિગમ છે.

જ્યારે PPPના પ્રયાસો કરવામાં આવ્યા ત્યારે સંભવિત હૈદરાબાદ સિવાય સારી સફળતા નહોતી. મેટ્રોના નિર્માણ અને પરિચાલનમાં સરકારી પ્રક્રિયાઓની જટિલતાના કારણે કોઇ પણ ખાનગી પક્ષ માટે આ કામ મુશ્કેલ થઇ જાય એ સમજી શકાય તેવી બાબત છે. શહેરી પરિવહન માટે મેટ્રો પરિવહનની મદદથી ઇન્ટરમોડલ (એકથી વધુ માધ્યમ સાથે)ની અવિરત કનેક્ટિવિટીના મુદ્દે પણ ધ્યાન આપવાનું બાકી છે. શ્રેણી-II અને

| પરિયોજનાના સમયમાં વિલંબનો ડેટાઃ | | |
|---|---|---|
| **ક્ષેત્ર** | **દેખરેખ કરવામાં આવેલી પરિયોજનાઓ** | **વિલંબ થયેલી પરિયોજનાઓ** |
| માર્ગ પરિવહન અને ધોરીમાર્ગો | ૮૬૬ | ૨૨૧ |
| રેલવે | ૩૧૨ | ૧૫૦ |
| નાગરિક ઉડ્ડયન | ૧૩ | ૫ |
| શિપિંગ અને બંદર | ૧ | ૧ |
| કુલ | ૧૧૯૨ | ૩૭૭ |

સ્રોતઃ કેન્દ્રીય ક્ષેત્ર પરિયોજનાઓ (રૂ. ૧૫૦ કરોડ અને તેથી વધુ) પર ૪૦૮મો ફ્લેશ અહેવાલ, નવેમ્બર-૨૦૧૯, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને પરિયોજના દેખરેખ વિભાગ, સાંખ્યિકી અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય.

શ્રેણી-III શહેરોમાં આબોહવા પર અસરના દૃષ્ટિકોણથી જાહેર પરિવહનનું આયોજન મહત્ત્વપૂર્ણ છે. બસના કદના બદલે તેના શ્રેષ્ઠ ઉપયોગ સહિત બસ કોરિડોરનું યોગ્ય આયોજન કરવાની જરૂર છે. પ્રવાસનની રૂપરેખાઓ માટે એનાલિટિક્સના ઉપયોગથી ઘણી મોટી મદદ મળશે.

છેલ્લા બે દાયકામાં ગ્રામીણ માર્ગ ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં નોંધપાત્ર સુધારો આવ્યો છે. આના માટે સતત ફાળવણી એ સારી અંદાજપત્રીય નીતિ છે. ગ્રામીણ રસ્તાઓનો વિકાસ થઇ રહ્યો છે ત્યારે કૃષિ પુરવઠા સાંકળમાં નવી તકોનો સંપૂર્ણ લાભ લેવાનો પણ હજુ બાકી છે. 'કિસાન રેલ'ની જાહેરાત સહિત કોલ્ડ ચેઇન પર ધ્યાનમાં આપવામાં આવ્યું તે આવકાર્ય પગલું છે. મલ્ટિમોડલ (એકથી વધુ માધ્યમ) કનેક્ટિવિટી સાથે રેલ આધારિત રીફર (reefer) હેરફેરથી નિકાસ સહિતનાં કૃષિ ઉત્પાદનોને બજાર સુધી પહોંચાડવાની કામગીરી ઉન્નત થઇ શકે છે.

અંદાજપત્રમાં યોગ્ય જાહેરાતો કરવામાં આવી છે ત્યારે હંમેશની જેમ તેના અમલ પર ધ્યાન આપવું પણ જરૂરી છે, અન્યથા ભૂતકાળની જેવી જ જાહેરાતો આપણે કરતાં રહીશું. પરિયોજનાઓના સમયમાં થયેલા વિલંબનાં ડેટા નબળા અમલીકરણનો પુરાવો છેઃ "વિવિધ પરિયોજનાઓની અમલીકરણ એજન્સીઓ દ્વારા જાણ કરવામાં આવેલા વિલંબના મુખ્ય કારણોમાં જમીનના હસ્તાંતરણમાં વિલંબનાં, જંગલ/ પર્યાવરણની મંજૂરીમાં વિલંબ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર સહાયમાં વિલંબ અને ઊણપ, પરિયોજનાના ફાઇનાન્સિંગ માટે જોડાણમાં વિલંબ, વિગતવાર એન્જિનિયરિંગને અંતિમ મંજૂરીમાં વિલંબ, તકમાં ફેરફાર, ટેન્ડરની કામગીરી, ઓર્ડર અને ઉપકરણોના પુરવઠામાં વિલંબ, કાયદો અને વ્યવસ્થાની સમસ્યાઓ, ભૌગોલિક અનિશ્ચિતતાઓ, અમલીકરણ પહેલાંની ટૂંકા ગાળાની સમસ્યાઓ અને કરારને લગતા પ્રશ્નો છે." (સ્રોતઃ http://www.cspm.gov.in/english/flr/Fr_nov_Report_2019.pdf, પાનું ૧૧, ૮ ફેબ્રુઆરી, ૨૦૨૦, સવારે ૭:૦૦ ઍક્સેસ કર્યું)

વાસ્તવિક પડકાર એ ઉકેલ પ્રદાન કરવાનું છે. વર્તમાન અંદાજપત્રમાં પરિયોજના તૈયાર કરવાની સુવિધા, યુનિવર્સિટીઓમાંથી વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીની સક્રિયપણે સામેલગીરીનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. આવી સામેલગીરી કહેવામાં અને કરવામાં સરળ છે. પહેલ માટે તૈયાર થવા અને જાગૃતિ ફેલાવવા માટે આપણે યોગ્ય તંત્ર શોધવાની જરૂર છે. સાગરમાલાની જેમ ધ્યાન આપવા માટે સ્ટ્રક્ચરલ ઉકેલ અને ઇન્ડિયન પોર્ટ રેલ એન્ડ રોપવે કોર્પોરેશન લિમિટેડ (IPRCL)ની જેમ સંકલનનો યોગ્ય સંદર્ભમાં ઉપયોગ થઇ શકે. રાહત સમજૂતીઓ અને કરાર પર તીવ્રતા અને સુગમતા બંને માટે ઘણું વધુ ધ્યાન આપવાની જરૂર છે. અંતે નિયામકની ભૂમિકા ઘણી મહત્ત્વપૂર્ણ બની જાય છે, કારણ કે હાલમાં પરિપકવતા સાથે 'સંવેદનશીલ' નિયમનોની જરૂર છે.

લેખક બેંગલુરુ ખાતે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટના ડાયરેક્ટર છે તથા ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને પરિવહન માળખું તેમજ લોજિસ્ટિક્સ અને સપ્લાય ચેઇન મેનેજમેન્ટમાં નિષ્ણાત છે.

ઈ-મેલઃ
graghu@iimb.ac.in

# સાર્વત્રિક સ્વાસ્થ્ય કવચના પંથે ભારત

ડૉ. ઈંદુ ભૂષણ


યુનાઈટેડ નેશન્સની યુનિવર્સલ હેલ્થ કવરેજ (યુએચસી) વિષયે યોજાયેલી બેઠકમાં સપ્ટેમ્બર-૨૦૧૯ના પ્રધાન મંત્રીએ પોતાના પ્રવચનમાં આરોગ્ય અંગેના નવા દૃષ્ટિકોણ બાબતે જણાવતાં કહ્યું હતું કે "વિશ્વ કલ્યાણની શરૂઆત લોકોના કલ્યાણ સાથે થાય છે અને આરોગ્ય તેમાં નોંધપાત્ર અને નિશ્ચિત પરિબળ છે." તેમણે એ બાબત ઉપર ભાર મૂક્યો હતો કે આરોગ્યની વ્યાખ્યા અને અર્થ માત્ર રોગની ગેરહાજરી પૂરતો જ સીમિત નથી, પરંતુ તંદુરસ્ત જીવન જીવવું તે દરેક વ્યક્તિનો અધિકાર છે અને તેની ખાતરી રાખવી તે દેશની ફરજ છે.

ભારત માટે આરોગ્ય અંગેનો આ નવો દૃષ્ટિકોણ ચાર સ્તંભ પર ઊભો છેઃ રોગ ના થાય તે અંગે ખાતરી રાખવી, પોસાય તેવી આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવી, ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓની ખાતરી રાખવી તથા મિશન મોડમાં આવીને અસરકારક રીતે સરકારી યોજનાઓના અમલનો એમાં સમાવેશ થાય છે.

રોગો અટકાવવાના (પ્રિવેન્ટીવ હેલ્થ)ના પ્રથમ સ્તંભમાં યોગ, આયુર્વેદ અને ફિટનેસ ઉપર ભાર મૂકવામાં આવે છે. રસીકરણને અગ્રતા આપવામાં આવે છે અને તેમાં માત્ર નવી રસીઓ રજૂ કરવા ઉપર જ નહી પણ દૂરના અને ગ્રામીણ વિસ્તારમાં રસીની ઉપલબ્ધિ વધારવા ઉપર પણ ભાર મૂકવામાં આવે છે. ભારત સરકારે અસ્થમા, ગળા અને ફેફસાંના કેન્સર જેવા રોગો ઉપર નિયંત્રણ માટે ઈ-સિગારેટ પર સંપૂર્ણપણે પ્રતિબંધ લાદી દીધો છે. સ્વચ્છતાને આરોગ્ય માટે મહત્ત્વનું યોગદાન આપતું પરિબળ ગણવામાં આવે છે. સ્વચ્છ ભારત અથવા તો ક્લીન ઈન્ડિયા મિશન, શૌચાલયના ઉપયોગ અંગેના વર્તણૂકલક્ષી હકારાત્મક ફેરફાર વડે કરોડો લોકોના જીવ બચાવવામાં સહાયરૂપ નિવડે છે.

ભારત સરકારે આયુષ્માન ભારત નામની મહત્ત્વાકાંક્ષી યોજના શરૂ કરી છે, જેનો ઉદ્દેશ પ્રાથમિક, સેકન્ડરી અને ટર્શિયરી સ્તરે આરોગ્યના મુદ્દાને ઐતિહાસિક અને ક્રાંતિકારી (રોગો અટકાવવા, પ્રોત્સાહન, સારવાર અને દર્દીઓને યોગ્ય સ્થળે સારવાર માટે લઈ જવા) રીતે હલ કરવાનો છે. આયુષ્માન ભારત એ યુનાઈટેડ નેશન્સના સસ્ટેનેબલ ડેવલપમેન્ટનું ધ્યેય ૩.૮ એટલે કે યુનિવર્સલ હેલ્થ કવરેજ (યુએચસી) પ્રાપ્ત કરવા માટેની મોખરાની યોજના છે. આરોગ્યને અલગ અલગ પદ્ધતિ તરીકે નહીં, પણ એક ઘનિષ્ઠ એકમ તરીકે ગણીને આયુષ્માન ભારતમાં બે ઘટકો-આરોગ્ય અને વેલનેસ સેન્ટરને આવરી લેવાયા છે તથા પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના (પીએમ-જેએવાય) એ આરોગ્ય અંગેના રોગ અટકાવવાના, આરોગ્ય માટે પ્રોત્સાહન આપવાના, સારવારના તથા સારવારના સ્થળે લઈ જવાના મુદ્દાઓ હલ કરે છે.






આયુષ્માન ભારત લક્ષ્યાંકના પ્રથમ ઘટક હેઠળ દેશમાં વર્ષ ૨૦૨૨ સુધીમાં ૧,૫૦,૦૦૦ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર સ્થાપવાની યોજના છે. હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર એ આયુષ્માન ભારત યોજનાનું પ્રાથમિક સંભાળનું ઘટક છે, જેમાં કેન્સર, ડાયાબિટીસ અને કાર્ડિયો-વાસ્ક્યુલર તથા અન્ય જીવનશૈલી આધારિત બીમારીઓની તપાસ અને વ્યવસ્થાપનનો સમાવેશ થાય છે.

આ દૃષ્ટિકોણનો બીજો સ્તંભ પોસાય તેવી આરોગ્ય સેવાઓનો છે, જે આયુષ્માન ભારત યોજનાના બીજા ઘટક પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના (પીએમ-જેએવાય) મારફતે સંતોષવામાં આવે છે. ભારતમાં આરોગ્ય માટે થતા અતિશય ખર્ચના કારણે અંદાજે ૬ કરોડ લોકો દર વર્ષે ગરીબીની જીવનરેખા નીચે ધકેલાઈ જાય છે. પીએમ-જેએવાય એ જાહેર ભંડોળથી ચાલતી વીમા યોજના છે કે જેમાં ૫૦ કરોડથી વધુ ગરીબો અને દયનીય સ્થિતિમાં જીવતા નાગરિકોને ઈન-પેશન્ટ સંભાળ માટેની કેશલેસ સેકન્ડરી અને ટર્શિયરી સર્વિસીસ પૂરી પાડવામાં આવે છે. આ યોજના એ રીતે ડિઝાઈન કરવામાં આવી છે કે ગરીબોને નાણાકીય મુશ્કેલીનો સામનો કરવો ના પડે તે રીતે સમયસર અને ગુણવત્તાયુક્ત હૉસ્પિટલની આરોગ્ય સેવાઓ પ્રાપ્ત કરવાનો છે. તે કેન્દ્ર અને રાજ્ય સરકારની નક્કર ભાગીદારી વડે તેમજ ફેડરલ વહીવટી માળખા મારફતે પબ્લિક હેલ્થ ફાઈનાન્સિંગ પૂરું પાડે છે.


આ ઉપરાંત સપ્ટેમ્બર-૨૦૧૯ની સ્થિતિએ ૫૦૦૦થી વધુ ફાર્મસીની સ્થાપના કરવામાં આવી હતી, જેની હેઠળ મહત્ત્વનાં ૮૦૦ ઔષધ પોસાય તેવા ભાવે પૂરાં પાડવામાં આવ્યાં છે. આ પહેલના કારણે કાર્ડિયાક સ્ટેન્ટ્સના ભાવ ઘટીને ૮૦% તથા ઘૂંટણ-ઈમ્પલાન્ટના ભાવ ૫૦થી ૭૦% થઈ ગયા છે. દર વર્ષે ૨.૨ લાખ એન્ડ સ્ટેજ રેનલ ડિસીઝ (ઈએસઆરડી)ના નવા દર્દીઓનો ઉમેરો થાય છે. આ કારણે દર વર્ષે ૩.૪ કરોડ ડાયાલિસીસની વધારાની માંગ ઊભી થાય છે. ડાયાલિસીસનો ખર્ચ આજીવન ભોગવવો પડતો હોવાના કારણે મોટા ભાગના પરિવારોના માથે આફત ઊભી થાય છે. પ્રધાન મંત્રી નેશનલ ડાયાલિસીસ પ્રોગ્રામ હેઠળ લાખો લોકો જિલ્લા હોસ્પિટલોમાં ફ્રી ડાયાલિસીસની સુવિધા પ્રાપ્ત કરી શકે છે અને ઈએસઆરડીના દર્દીઓને મોટી રાહત થાય છે.

આ દૃષ્ટિકોણના ત્રીજા સ્તંભ તરીકે સપ્લાય સાઈડના વિસ્તરણ ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને તબીબી ક્ષેત્રે માળખાગત સુવિધાઓનું નિર્માણ કરી ગુણવત્તાયુક્ત તબીબી શિક્ષણ પૂરું પાડવામાં આવે છે. આ ક્ષેત્ર માટે નેશનલ મેડિકલ કમિશન એક્ટ-૨૦૧૯ને એક મહત્ત્વનો સુધારો ગણવામાં આવે છે. તેનાથી મેડિકલ એજ્યુકેશન અને સર્ટિફિકેશન ક્ષેત્રે દેશના નવા નિયંત્રક (રેગ્યુલેટર) માટેનો માર્ગ મોકળો થયો છે, વિદ્યાર્થીઓનો અનેક પરીક્ષાઓ આપવાનો બોજ ઘટ્યો છે. તબીબી શિક્ષણમાં નૈતિકતા વધી છે, તબીબી શિક્ષણનો ખર્ચ ઘટ્યો છે. પ્રક્રિયાઓ સરળ થઈ છે. તબીબી કોલેજોમાં બેઠકોની સંખ્યા વધારી શકાઈ છે તથા સૌના માટે ગુણવત્તાયુક્ત આરોગ્ય સંભાળ વ્યાપકપણે ઉપલબ્ધ બની શકે છે.

સરકાર આરોગ્ય યોજનાઓના મિશન મોડમાં અમલીકરણ કરે તે ચોથો સ્તંભ છે અને આ સ્તંભ વિવિધ ધ્યેય પ્રાપ્ત કરવા માટે આવશ્યક છે. મેટરનલ, નીઓ-નેટલ, રિ-પ્રોડક્ટિવ અને બાળકોના આરોગ્ય અંગેના વિવિધ કાર્યક્રમને સમુદાય સુધી લઈ જવાની આવશ્યકતા છે. ભારત સરકારે પણ નેશનલ પોષણ અભિયાન અથવા નેશનલ ન્યુટ્રિશન મિશન મારફતે એનીમિયાની બીમારી હલ કરવા તથા માતા માટે પૂરતા પોષણની જોગવાઈ કરી બાળકનો વિકાસ રૂંધાતો રોકવા માટેનો પ્રયાસ હાથ ધર્યો છે. સસ્ટેનેબલ ડેવલપમેન્ટના ધ્યેયમાં સહી કરનાર દેશ તરીકે તથા મિશન મોડની અન્ય દરમિયાનગીરીઓમાં વર્ષ ૨૦૨૫ સુધીમાં ટીબીની નાબૂદી તથા વર્ષ ૨૦૨૨ સુધીમાં સિંગલ યુઝ્ડ પ્લાસ્ટિક્સની નાબૂદી વડે વાતાવરણનું પ્રદૂષણ ઘટવાની સાથે-સાથે તમામ નાગરિકોના આરોગ્ય અને શરીર સૌષ્ઠવ (વેલનેસ) માટે પ્રયાસ થઈ રહ્યો છે.

### અંદાજપત્ર ૨૦૨૦-૨૧: આરોગ્ય માટે પ્રબળ રાજકીય ઈચ્છાશક્તિ દર્શાવાઈ

ભારત હવે જીડીપીના સંદર્ભમાં ૨.૯ ટ્રિલિયન યુએસ ડોલર સાથે વિશ્વનું પાંચમા નંબરનું સૌથી મોટું અર્થતંત્ર છે. ભારતમાં સીધું વિદેશી મૂડીરોકાણ વધ્યું છે. ભારતમાં ૨૦૦૯-૧૪ સુધીમાં સીધુ વિદેશી મૂડીરોકાણ ૧૯૦ અબજ યુએસ ડોલર હતું તે ૨૦૧૪-૧૯ દરમિયાન વધીને ૨૮૪ અબજ યુએસ ડોલર થયું છે. કેન્દ્ર સરકારનું દેવું માર્ચ-૨૦૧૪માં જીડીપીના ૫૨.૨% હતું તે ૨૦૧૯-૨૦માં ઘટીને જીડીપીના ૪૮.૭% સુધી પહોંચ્યું છે.




કેન્દ્ર સરકારનું વર્ષ ૨૦૨૦-૨૧નું અંદાજપત્ર આરોગ્ય માટે મજબૂત નિષ્ઠા દર્શાવે છે. કેન્દ્રનાં નાણાં મંત્રી નિર્મલા સીતારમણે ભારત સરકારના તેમના બજેટ પ્રવચનમાં જણાવ્યું હતું કે ભારત સરકાર આરોગ્ય સંભાળ અંગે એક સમગ્રલક્ષી દૃષ્ટિકોણ ધરાવે છે અને તેનું રૂપાંતર નાગરિકોના શરીર-સૌષ્ઠવ (વેલનેસ)માં થાય છે. આરોગ્ય માટે બજેટની ફાળવણી વર્ષ ૨૦૧૯-૨૦માં રૂ.૬૨,૩૯૮ કરોડ હતી તે ૨૦૨૦-૨૧માં વધીને રૂ.૬૯,૦૦૦ કરોડ કરવામાં આવી છે, જે સરકારે આપેલા વચનનો પુનરોચ્ચાર કરે છે.

ભારતને દુનિયામાં સૌથી યુવાન દેશ ગણવામાં આવે છે, કારણ કે ઉત્પાદનલક્ષી વયજૂથમાં એટલે કે ૧૫થી ૬૫ વર્ષના વયના લોકોની સંખ્યા અહીંયાં સૌથી વધારે છે. આ ડેમોગ્રાફિક ડિવિડન્ડ (વસ્તીલક્ષી લાભ)ની સાથે સાથે નવી ટેક્નોલોજી અને ખાસ કરીને એનાલિટિક્સ, મશીન લર્નિંગ, રોબોટિક્સ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સમાં રોકાણ અને તેનો ઉપયોગ કરીને આરોગ્યના ક્ષેત્રે અને અર્થતંત્રની વૃદ્ધિને આગળ ધપાવવાનું વચન આપવામાં આવ્યું છે.

આ બજેટ નાગરિકોના આરોગ્યને અગ્રસ્થાન આપે છે. સાર્વત્રિક રસીકરણ, મિશન ઈન્દ્રધનુષ વગેરે વડે કેટલીક યોજનાઓને મજબૂત બનાવીને રસીકરણ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. આ યોજના વિસ્તારીને સંબંધિત ૧૨ રોગોને આવરી લઈ નવી ૫ રસીનો સમાવેશ

કરાયો છે. બિનચેપી રોગોનો વ્યાપ વધે નહીં તે માટે રોગ સામે લડત આપવા ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ એક મહત્ત્વનો હિસ્સો છે અને તેના દ્વારા આહારની બિન-આરોગ્યપ્રદ ટેવો, ધૂમ્રપાન અને કેફી પીણાં, ભૌતિક કસરતનો અભાવ, તણાવ અને અજંપાની સ્થિતિ નિવારવાનો પ્રયાસ થાય છે. જળ જીવન મિશન એ પીવાના સલામત પાણી ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે અને આરોગ્યના વિઝનને સબળ બનાવવા માટે સ્વચ્છ ભારત મિશનને પણ વધુ મજબૂત કરાયું છે અને ગરીબો ઉપર પડતો ચેપી અને બિનચેપી રોગોનો બોજ ઘટાડવા પ્રયાસ કરાઈ રહ્યો છે.

વર્ષ ૨૦૨૫ સુધીમાં ટ્યૂબરક્લોસીસની નાબૂદી અંગેના વચનનો પુનરોચ્ચાર કરતાં નાણાં મંત્રીએ ‘‘ટીબી હારેગા, દેશ જીતેગા'' ઝુંબેશ વડે આ દિશાના પ્રયાસો મજબૂત બનાવવા દરખાસ્ત કરી છે. તેમણે ૨૦૨૪ સુધીમાં જન ઔષધી કેન્દ્ર યોજના વિસ્તારીને તેને તમામ જિલ્લામાં પહોંચાડીને તથા તેની મારફતે ૨૦૦૦ ઔષધો અને ૩૦૦ ઓપરેશન માટેના સાધનો પૂરા પાડવાની જાહેરાત કરી છે.

બજેટમાં આયુષ્માન ભારતના બંને ઘટકો માટે ફાળવણીઓ જાળવી રાખવામાં આવી છે અને હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર માટે રૂ.૧૬૦૦ કરોડ અને રૂ.૬૪૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. આ બાબત દર્શાવે છે કે સરકારે આ યોજનામાં સ્પષ્ટ વિશ્વાસ મૂક્યો છે.

વર્ષ ૨૦૧૮માં શરૂઆત થઈ ત્યારથી જ આયુષ્માન ભારત યોજનાના બંને ઘટકોએ સારી પ્રગતિ દર્શાવી છે. ૩૦ હજારથી વધુ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર હાલમાં કાર્યરત છે, જે વ્યાપકપણે પ્રાથમિક આરોગ્ય સંભાળ અને કેટલાક કરોડ લોકો માટે કેન્સર, ડાયાબિટીસ અને હાઈપરટેન્શન સહિતના બિનચેપી રોગો માટે સ્ક્રીનિંગની સુવિધા પૂરી પાડે છે.

પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના (પીએમ-જેએવાય) ૩૨ રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં અમલમાં છે અને ૫૦ કરોડથી વધુ ગરીબ અને દયનીય સ્થિતિમાં જીવતા લોકોને આ યોજના હેઠળ આવરી લેવયા છે. માત્ર ૧૮ માસના ગાળામાં જ આ યોજનામાં ૮૦ લાખથી વધુ લોકોને રૂ.૧૧,૦૦૦ કરોડની સારવાર પૂરી પાડવામાં આવી છે. આ કારણે લાભાર્થીઓને રૂ.૨૨,૦૦૦ કરોડનો લાભ થયો છે. આ યોજનાની પેનલમાં ૨૧,૦૦૦થી વધુ હોસ્પિટલ (ખાનગી અને જાહેર બંને)નો સમાવેશ કરાયો છે અને તે પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના હેઠળ લોકોને સારવાર પૂરી પાડી રહ્યા છે.

આમ છતાં આરોગ્ય સેવાની સ્થિતિ સુધારવા માટેના અવરોધો નિવારવા ખાસ કરીને વર્ગ-૨ અને વર્ગ-૩નાં શહેરો ઉપર ભાર મુકાઈ રહ્યો છે. નાણાં મંત્રીએ આ સમસ્યા હલ કરવા માટે વાયાબિલિટી ગેપ ફંડિંગ (વીજીએફ) યોજના હેઠળ નાનાં શહેરોમાં હોસ્પિટલ સ્થાપવાની જાહેરાત કરી છે. પ્રથમ તબક્કામાં જ્યાં પેનલ હેઠળ આવતી હોસ્પિટલ ઉપલબ્ધ ના હોય તેવા આકાંક્ષી જિલ્લાઓને અગ્રતા આપવામાં આવશે. જ્યાં રાજ્ય સરકાર જમીન આપવાની ઈચ્છા ધરાવતી હશે ત્યાં જિલ્લા હોસ્પિટલોમાં પબ્લિક પ્રાઈવેટ ભાગીદારીના અભિગમનો ઉપયોગ કરી મેડિકલ હોસ્પિટલ સ્થાપવામાં આવશે. આના કારણે યુવાનો માટે મોટી સંખ્યામાં રોજગારી ઊભી કરવાની બાબતને વેગ મળશે અને મેડિકલ વર્કફોર્સ ઊભો થશે તથા મેડિકલ સર્વિસ અંગેની જોગવાઈઓ મજબૂત થશે. બજેટમાં મેડિકલ ડિવાઈસીસ (તબીબી સાધનો) ઉપર વેરાની જાહેરાત કરવામાં આવી છે. આ વેરાથી સ્થાનિક ઉદ્યોગોને વેગ મળશે. આ વેરામાંથી મળેલી આવકનો ઉપયોગ આરોગ્ય ક્ષેત્રે માળખાગત સુવિધાઓના સહયોગ માટે કરવામાં આવશે.

ભ્રષ્ટાચાર અને છેતરપિંડી અંગેના પડકારો હલ કરવા માટે અને દર્દીની માહિતીની સલામતી માટે સરકારે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મશીન લર્નિંગ જેવી મોખરાની ટેકનોલોજીનો ઉપયોગ કરવા જેવાં કેટલાંક કદમ ઉઠાવ્યાં છે અને તેનાથી સર્વિસ આપવાની કાર્યક્ષમતામાં વધારો અને ગેરરીતિઓના નિયંત્રણમાં સહાય થશે.

### સાર્વત્રિક આરોગ્ય કવરેજના માર્ગમાં પડકારો અને તકો

પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના (પીએમ-જેએવાય)ની જે પ્રારંભિક ગતિશીલતા પ્રાપ્ત થઈ તેનાથી સાર્વત્રિક આરોગ્ય કવરેજ (યુએચસી)ના અભિગમનો મજબૂત પુરાવો પ્રાપ્ત થયો છે અને તે પ્રાપ્ત કરવા માટેનું અમલમાં મૂકી શકાય તેવું માળખું ઊભુ થયું છે. પ્રથમ વર્ષે સ્થાપના કરવામાં આવે અને બીજા વર્ષે પ્રવૃત્તિ મજબૂત કરવામાં આવે તે પછી સિસ્ટમને મજબૂત બનાવાય અને તે પછી કાર્યક્ષમતામાં વધારો કરી સાર્વત્રિક આરોગ્ય કવરેજનો મજબૂત પાયો હાથ ધરી શકાય તેમ છે.

**આમ છતાં પણ કેટલાક પડકાર ઊભા જ છે**

જે વસ્તીને ધ્યાનમાં રાખીને યોજના ઘડવામાં આવી હોય તે લોકોમાં જાગૃતિ અને સ્વીકાર વધે તે આવશ્યક છે. પરિસ્થિતિ મુજબ તૈયાર કરવામાં આવેલ સામાજિક અને વર્તણૂંકલક્ષી પરિવર્તનની સંપર્કની વ્યૂહરચના સમાજના અત્યંત દયનીય સ્થિતિમાં જીવતા લોકો સુધી પહોંચવા માટે જરૂરી છે.

તમામ જાહેર હોસ્પિટલનો પેનલમાં સમાવેશ કરી યોજનાને મજબૂત બનાવવાની જરૂર છે, જેથી લાભાર્થીઓ આ સુવિધાઓની સારી ગુણવત્તા પ્રાપ્ત કરી શકે. કેન્દ્ર સરકારના ગૃહ વિભાગ, રેલવે, સ્ટીલ અને કોલસા મંત્રાલય જેવાં વિવિધ મંત્રાલય હેઠળ ચાલતી ૬૦૦ હોસ્પિટલોનો પેનલમાં સમાવેશ કરી દેવામાં આવ્યો છે.

બાંધકામ ક્ષેત્રના કામદારો, ટ્રક ડ્રાઈવર્સ, કાપડ ઉદ્યોગના કામદારો અને વિવિધ કસબીઓ માટે આ યોજના વિસ્તારીને દયનીય સ્થિતિમાં જીવતા લોકોમાં આ યોજના વિસ્તારવી જોઈએ. આશા અને આંગણવાડી કામદારો/ હેલ્પર્સ, ગ્રામીણ સ્તરના ઉદ્યોગસાહસિકો (વીએલઈએસ), એમએસએમઈ માલિકો/કામદારો તથા અન્ય વર્ગોને આવરી લઈ આ યોજના વિસ્તારવાની જરૂર છે. આ યોજનામાં આગળ રહીને વ્યાપક અમલીકરણ કરનાર સમુદાયને આવરી લઈ આ યોજનાની કટિબદ્ધતા સુધારી શકાય તેમ છે.

આરોગ્ય સંભાળની ગુણવત્તામાં સુધારો કરવો જરૂરી છે. આ માટે સરકાર ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ દ્વારા વિકસાવાયેલી યોજના રાજ્ય સાથે મળીને સ્ટાન્ડર્ડ ટ્રીટમેન્ટ વર્કફ્લોસ (STWs) મારફતે અમલમાં મૂકી રહી છે.

તમામ પ્રકારની ગેરરીતિઓ ઘટાડવા માટે મજબૂત ભ્રષ્ટાચાર અને છેતરપિંડી નિવારણ માટે વ્યવસ્થા ગોઠવવાની આવશ્યકતા છે. આ માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મશીન લર્નિંગ જેવી ટેકનોલોજી અમલમાં મૂકીને છેતરપિંડી શોધવા, અટકાવવા અને ભ્રષ્ટાચારની તકો ઘટાડવા માટે મજબૂત કદમ લેવાની જરૂર છે.

**સારાંશઃ**

આરોગ્ય એ સરકારની રાજકીય અને નાણાંકીય કટિબદ્ધતા છે. સાર્વત્રિક આરોગ્ય કવરેજનું ધ્યેય ભારત જેવા મહત્ત્વાકાંક્ષી દેશ માટે પ્રશંસાપાત્ર છે. ભારત સરકારે આ ધ્યેયમાં વિશ્વાસ વ્યક્ત કરીને તેને મજબૂત નાણાકીય કટિબદ્ધતા સાથે પીઠબળ પૂરું પાડવાના કારણે વિશ્વ અનુસરણ કરી શકે અને વિસ્તારી શકે તેવો દાખલો પૂરો પાડ્યો છે.

અંદાજપત્ર ૨૦૨૦-૨૧ એ માત્ર ઈરાદાની ઘોષણા નથી, પરંતુ સાર્વત્રિક આરોગ્ય કવરેજ માટે અમલમાં મૂકી શકાય તેવી નીતિ અને સાકાર થઈ શકે તેવા ધ્યેય વ્યક્ત કરે છે. અંદાજપત્રમાં આરોગ્યને જે ઉચ્ચ અગ્રતા આપવામાં આવી છે તે સૌના માટે આરોગ્યની સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરે છે. આ બજેટમાં ઘનિષ્ટ અને દૂરગામી આરોગ્ય યોજનાઓ આવરી લેવાઈ છે, જે દેશમાં આરોગ્ય અને શરીર સૌષ્ઠવ ક્ષેત્રે ક્ષમતા સાકાર કરવાની અને પંડિત દીનદયાળ ઉપાધ્યાયનું અંત્યોદય વિઝન સાકાર કરી કતારમાં છેલ્લે ઊભેલા માણસને સર્વિસ પૂરી પાડવા સાધનો ઉપલબ્ધ કરવા માટેનું ધ્યેય વ્યક્ત કરાયું છે.


લેખક આયુષ્માન ભારત અને પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના ઘડવા અને તેના અમલીકરણ માટે જવાબદાર રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સત્તામંડળના CEO છે.

ઈ-મેલઃ i.bhushan@gov.in




# પર્યાવરણ અને વનપ્રદેશ

ડૉ. એસ.સી. લહિરી

હવાનું પ્રદૂષણ એ વર્તમાન સમયની સૌથી મોટી વૈશ્વિક સમસ્યાઓમાંનું એક છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)ના જણાવ્યા અનુસાર વિશ્વની ૯૧% વસ્તી દૂષિત હવાનો શ્વાસ લે છે કે જે કેન્સર, સ્ટ્રોક અને હૃદયરોગની બીમારીઓનું કારણ બની રહી છે અને બાળકોનો વિકાસ અને વૃદ્ધિને અવરોધી રહી છે. 'આઈક્યુએર એર વિઝ્યુઅલ' અને 'ગ્રીનપીસ' દ્વારા કરવામાં આવેલ એક અભ્યાસમાં એવાં શહેરો શોધી કાઢવામાં આવ્યાં છે કે જ્યાં હવાનું પ્રદૂષણ સૌથી વધુ છે. આ યાદીમાં ભારત અગ્રસ્થાને છે જ્યાં સૌથી ખરાબ ૧૦ શહેરોમાંથી ૭ અને સૌથી ખરાબ ૩૦માંથી ૨૨ શહેરો ભારતનાં છે. આ સંશોધનમાં પીએમ ૨.૫ નામે જાણીતા ફાઈન પાર્ટીક્યુલેટ મેટરના સ્તર ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

આ અતિસૂક્ષ્મ કણો માનવીના વાળની પહોળાઈ કરતાં પણ ૨૦ ગણા નાના છે અને માનવીય આરોગ્યને સૌથી વધુ નુકસાન કરે છે. તે ધાતુ, ઓર્ગેનિક કમ્પાઉન્ડ અથવા કોલસામાંથી વીજળી ઉત્પન્ન કરતા સ્ટેશનમાં દહનમાંથી નીકળતી ઉપપેદાશો, લાકડા અને કોલસાની સળગતા ચૂલા, વાહનોના એન્જિન કે ફેક્ટરીઓ હોઈ શકે છે. આ પ્રકારના હવાના પ્રદૂષણની કિંમત માનવીના આરોગ્ય અને અર્થતંત્ર માટે અત્યંત ભારે છે.

વિશ્વ બેંકનો અંદાજ છે કે વાયુ પ્રદૂષણ માટે ભારત જીડીપીના ૮.૫% જેટલો ખર્ચ કરે છે કે જે સંસાધનોનો એક મોટો હિસ્સો આવરી લે છે અને વધુ ઝડપથી અર્થતંત્રનો વિકાસ કરવા માટે આ ઔદ્યોગિકીકરણ સમસ્યાને વધારી શકે છે. ભારત સરકારે ૨૦૧૯માં પંચવર્ષીય નેશનલ ક્લીન એર એક્શન પ્લાન (એનસીએપી)ની જાહેરાત કરી હતી. તે સમગ્ર ભારતમાં અમલીકરણ કરવા માટેની એક રાષ્ટ્રીય સ્તરની યોજના છે, જેનો ઉદ્દેશ ૨૦૨૪ સુધીમાં કણ પદાર્થના દ્રાવણને ૨૦-૩૦% ઘટાડવાનો છે.

પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયને વાર્ષિક બજેટ ૨૦૨૦-૨૧માં કરવામાં આવેલ ફાળવણી બજેટ ૨૦૧૯-૨૦ની સરખામણીમાં ૫% વધારી દેવામાં આવી છે, તેમાં પ્રદૂષણ ઘટાડાની અને જળવાયુ પરિવર્તનના એક્શન પ્લાનની ખર્ચની જોગવાઈમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. જળવાયુ પરિવર્તન એક્શન પ્લાન (સીસીએપી) માટે ૪૦ કરોડ રૂપિયાના ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે જ્યારે ૪૬૦ કરોડ રૂપિયા પ્રદૂષણ નિયંત્રણ માટે ફાળવવામાં આવ્યા છે અને આ પાછલા બજેટની સમાન જ છે. પ્રદૂષણના નિયંત્રણની યોજનાનો ખ્યાલ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડસ/કમિટીને નાણાકીય સહાય પૂરી પાડવા માટે અને નેશનલ ક્લીન એર પ્રોગ્રામ (એનસીએપી)ને ભંડોળ પૂરું પાડવા માટે વિકસિત કરવામાં આવ્યો છે.



કેન્દ્રીય પ્રાયોજિત યોજના (સીએસએસ) નેશનલ મિશન ફોર એ ગ્રીન ઇન્ડિયા (જીઆઈએમ) માટેની ફાળવણી ગત નાણાકીય વર્ષના ૨૪૦ કરોડ રૂપિયાથી વધારીને ૩૧૧ કરોડ રૂપિયા કરવામાં આવી છે. વન્યજીવન ક્ષેત્રમાં સરકારે કેટલાક પ્રોજેક્ટ્સ શરૂ કર્યા છે, જેવા કે પ્રોજેક્ટ ટાઈગર અને પ્રોજેક્ટ એલિફન્ટ. પ્રોજેક્ટ ટાઈગર માટેની ફાળવણી અગાઉના ૩૫૦ કરોડ રૂપિયાથી ઘટીને ૩૦૦ કરોડ રૂપિયા કરવામાં આવી છે જ્યારે પ્રોજેક્ટ એલિફન્ટ માટે તે ૩૦ કરોડ રૂપિયાથી વધારીને ૩૫ કરોડ રૂપિયા કરવામાં આવી છે. વાઘની વસ્તી અને જંગલી બિલાડીઓના સંરક્ષણ માટે જવાબદાર મંત્રાલય અંતર્ગતની સ્વાયત્ત સંસ્થા નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી (એનટીસીએ)ની બજેટ ફાળવણીમાં નાનકડો વધારો જોવા મળ્યો, જે ૨૦૧૯-૨૦ના બજેટમાં ૧૦ કરોડ રૂપિયા હતી. ૨૦૨૦-૨૧માં તેને ૧૦.૫ કરોડ રૂપિયા કરવામાં આવી છે.

નેશનલ કોસ્ટલ મિશન માટેનું બજેટ પણ થોડું વધારવામાં આવ્યું છે, જે ગત નાણાકીય વર્ષમાં ૯૫ કરોડ રૂપિયા હતું તેને વધારીને સરકારે આ વર્ષે ૧૦૩ કરોડ રૂપિયા કર્યું છે. નેશનલ કોસ્ટલ મિશન અંતર્ગત પર્યાવરણ, જંગલ અને જળવાયુ પરિવર્તન મંત્રાલય એ દરિયાકાંઠે રહેતા સમુદાયના ભરણપોષણની સુરક્ષાની ખાતરી માટે જવાબદાર છે. બજેટનું સંબોધન કરતા સમયે નાણાં મંત્રી નિર્મલા સીતારમને પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન માટે અનેક જાહેરાતો કરી હતી. "સ્વચ્છ હવા નીતિ (Clean Air Policy) માટે ૪૪૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે સરકાર એવાં રાજયને સક્રિયપણે સહાયતા કરશે, જેઓ વાયુની ગુણવત્તા સુધારવા માટે યોજનાઓનું અમલીકરણ કરી રહ્યા છે, એવી પણ જાહેરાત કરવામાં આવી હતી કે ચોક્કસ ધોરણો ન ધરાવતા કોલસા સંચાલિત પાવર પ્લાન્ટને ટૂંક સમયમાં બંધ કરી દેવામાં આવશે.

નાણાં મંત્રીએ જળવાયુ પરિવર્તનના સંદર્ભમાં પ્રધાનમંત્રીની બે આંતરરાષ્ટ્રીય પહેલનો ઉલ્લેખ કર્યો હતો, કોએલીશન ફોર ડિઝાસ્ટર રેસિલિયન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (સીડીઆરઆઈ) અને આંતરરાષ્ટ્રીય સોલાર એલાયન્સ (આઈએસએ) કે જે તેમના મત અનુસાર સેનડાઈ ફ્રેમવર્ક ફોર ડિઝાસ્ટર રિસ્ક રિડકશન માટે ભારતની પ્રતિબદ્ધતાને પ્રાપ્ત કરવામાં, અનુકૂલન સાધવામાં અને ૨૦૩૦ સંતુલિત વિકાસના લક્ષ્યાંક (એસડીજી)ને પ્રાપ્ત કરવામાં મદદ કરશે. ભારતે ૨૦૧૫માં પેરિસ કરાર અંતર્ગત "શ્રેષ્ઠ પ્રયાસ"ના આધાર પર દેશના અનિવાર્ય વિકાસને ધ્યાનમાં રાખીને પોતાનો નેશનલી ડીટર્માઇન્ડ કોન્સન્ટ્રેશન (એનડીસી) જમા કરાવ્યો.

નાણાં મંત્રીએ કહ્યું કે પીએમ-કુસુમ યોજના આગળ વિસ્તૃત કરવામાં આવશે. સ્ટેન્ડ અલોન સોલર પંપ લગાવવા માટે ૨૦ લાખ ખેડૂતોને મદદ કરવામાં આવશે. અન્ય ૧૫ લાખ ખેડૂતોને તેમના ગ્રીડ સાથે જોડાયેલ પંપ સેટને સૂર્ય ઊર્જા આધારિત કરવામાં મદદ કરવામાં આવશે. ખેડૂતોને તેમની બિનઉપજાઉ જમીન ઉપર સૂર્ય ઊર્જા નિર્માણ ક્ષમતાની સ્થાપના કરવા અને તેને ગ્રીડને વેચવા માટે સક્ષમ બનાવવા માટે એક યોજનાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

સ્વચ્છ બળતણમાં પરિવર્તિત કરવા માટે એક નોંધપાત્ર રોકાણ કરવું ખૂબ જરૂરી છે. શેરધારકો, નિયામક સંસ્થાઓ, સ્થાનિક સરકારો વગેરેની ભૂમિકા સ્પષ્ટપણે સ્થાપિત કરવી જરૂરી છે. ટેક્નોલોજી અને પ્રદૂષણ નિયંત્રણના સાધનોની એક સ્વતંત્ર નિષ્ણાતોની ટુકડી દ્વારા દેખરેખ રાખવાની જરૂર છે. આશરે ૧૦૦ જેટલા કોલસા સંચાલિત પાવર પ્લાન્ટ્સ છે, જેમાંના તમામની ક્ષમતા ૧૦૦ મેગાવોટ કરતાં ઓછી છે, તેમાંના ઘણા રાજ્ય સરકાર હસ્તકના છે અને જેઓ જરૂરી ધોરણોનું પાલન નથી કરી રહ્યા.

૨૦૧૫ની પેરિસ કરાર અંતર્ગત ભારતે ૨૦૦૫ના સ્તરની સરખામણીએ પોતાની જીડીપી ઉત્સર્જન તીવ્રતાને ૨૦૩૦ સુધીમાં ૩૩-૩૫% ઘટાડવાની પ્રતિબદ્ધતા રજૂ કરી હતી. તેણે ૨૦૩૦ સુધીમાં ભારતની ઊર્જા ક્ષમતાનો ૪૦% હિસ્સો બિનઅશ્મીભૂત બળતણનાં સંસાધનોમાંથી ઉત્પન્ન કરવાની અને વધારાનાં જંગલ અને વૃક્ષ આવરણના માધ્યમથી ૨.૫-૩ અબજ ટનના કાર્બન ડાયોક્સાઈડના વધારાના 'કાર્બન સિંક'નું નિર્માણ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. સરકારની સૂર્ય ઊર્જાની નીતિનું લક્ષ્ય ગ્રીન હાઉસ ગેસના ઉત્સર્જનને ઘટાડવાનું છે. સૂર્ય ઊર્જા માટેના ટેરીફમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. દેશમાં પુનઃ પ્રાપ્ય ઊર્જાની સ્થાપિત ક્ષમતા (૨૦૧૯માં) અંદાજે ૮૫ ગીગાવોટ નોંધાઈ હતી જ્યારે પવન ઊર્જા ૩૭ ગીગાવોટ અને સૂર્ય ઊર્જા ૩૨ ગીગાવોટ નોંધાઈ છે. સોલર વૃક્ષોને ફળદ્રુપ જમીન ઉપર ઉગાડી શકાય છે કે જેઓ ગ્રીડને ભરપૂર ઊર્જા પૂરી પાડી શકે છે અને ખેડૂતોની આવકને વધારી શકે છે.

ભારતે ડાવોસથી પણ આગળ જઈને વૈશ્વિક સમુદાયને લગતા મુદ્દાઓની

ચર્ચા કરી છે અને જળવાયુ પરિવર્તનના મુદ્દા પર તમામ સ્તર પર સક્રિય ભાગ લીધો છે અને પેરિસ આબોહવા કરાર માટેના પોતાના ટેકાનો વારંવાર પુનઃ ઉચ્ચાર કર્યો છે. ભારતે ૨૦૨૨ સુધીમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકનો નિકાલ કરવાની, બિનઅશ્મીભૂત બળતણમાં પુનઃ પ્રાપ્ય ઊર્જા ક્ષમતા અને પેટ્રોલ તથા ડીઝલમાં બાયોફ્યૂઅલ બ્લેન્ડની માત્રા વધારવામાં પોતાનો હિસ્સો વધારવાની કટિબદ્ધતા જાહેર કરી છે. આ ઉપરાંત ભારતે ગંગા નદીના જીર્ણોદ્ધાર અને સ્વચ્છ ભારત અભિયાન જેવી પહેલ પણ હાથ ધરી છે.

આર્થિક સર્વેક્ષણઃ ૨૦૧૯-૨૦ અનુસાર દેશના કુલ ભૌગોલિક ક્ષેત્રફળમાં ભારતનું જંગલ આવરણ ૨૪.૫૬% હતું. ભારતીય વન સર્વેક્ષણ અહેવાલ (આઈએસએફઆર), ૨૦૧૯નાં મુખ્ય તારણો જણાવે છે કે ૨૦૧૭ની સરખામણીએ જંગલોમાં કાર્બનનો જથ્થો વધ્યો છે. કાર્બનનો જથ્થો એ એવું કાર્બન છે કે જેને હવામાનમાંથી નીચોવીને કાઢવામાં આવ્યું છે અને હવે તેને વન્ય ઈકો સિસ્ટમની અંદર સંગ્રહિત કરવામાં આવ્યું છે.

ગ્રીન ઈન્ડિયા મિશન (જીઆઈએમ)નો ઉદ્દેશ ભારતમાં પાંચ મિલિયન હેક્ટર (એમએચએ) સુધીનું ગ્રીન કવર વધારવાનો અને વર્તમાન ઉપસ્થિત ૫ મિલિયન હેક્ટર સુધીના ગ્રીન કવરની ગુણવત્તા સુધારવાનો છે. તેણે આશરે ત્રણ મિલિયન પરિવાર માટે જંગલ આધારિત આજીવિકાની આવક પણ વધારવાની છે. આર્થિક સર્વેક્ષણ અહેવાલના જણાવ્યા અનુસાર ૧૩ રાજ્યમાં ૧૨૬,૯૧૬.૩૨ હેક્ટર વિસ્તારમાં વન્ય આવરણ વધારવા માટે જીઆઈએમ અંતર્ગત કુલ ૩૪૩.૦૮ કરોડ રૂપિયાની રકમ ફાળવવામાં આવી છે.


કેન્દ્રીય અને રાજ્ય બંને સ્તર પર નિયામક પ્રક્રિયાઓમાં રોકાયેલ સંસ્થાઓ મોટાં શહેરો અને શહેરી કેન્દ્રોમાં પર્યાવરણનાં નિયામક ધોરણો જાળવવા માટે ઓછી ક્ષમતા ધરાવે છે. આ સંસ્થાઓમાં સ્ટાફ ઓછો છે અને મોટા ભાગે ઈન્ફ્રાસ્ટ્રક્ચરની તંગી છે. આ સંસ્થાઓને તાત્કાલિક મજબૂત બનાવવાની જરૂર છે.

## એક કદમ આગળ

કોલસા સંચાલિત પાવર પ્લાન્ટ કે જેઓ ચોક્કસ ધોરણોનું પાલન નથી કરતા તેમને બંધ કરવાની પ્રક્રિયા અમલમાં મૂકવામાં આવશે. ભારતે પેરિસમાં ૨૦૩૦ સુધીમાં ભારતની ઊર્જા ક્ષમતાનો ૪૦% હિસ્સો બિનઅશ્મીભૂત બળતણનાં સંસાધનોમાંથી ઉત્પન્ન કરવાની અને વધારાના ૨.૫-૩ બિલિયન ટનના કાર્બન ડાયોક્સાઈડના વધારાના 'કાર્બન સિંક'નું નિર્માણ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી અને આ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે તે ઝડપથી આગળ વધી રહ્યું છે. જીઆઈએમનું તમામ રાજ્યમાં આક્રમક રીતે અને અસરકારક રીતે અમલીકરણ કરવું પડશે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ જેવી નિયામક સંસ્થાઓને મજબૂત કરવાની જરૂર છે.

## સંદર્ભોઃ


- Ministry of Finance, GOI, Annual Budget 2020-21: Budget Highlights.
- Ministry of Finance, Economic Survey, 2019-20.
- Lok Sabha Committee on Estimates 30th Report, December, 2019.
- PIB, GOI, Salient features of Union Budget 2020-21.
- Ministry of Environment, Forest & Climate Change, GOI, Annual Report, 2019.
- Guardian, https://www.theguardian.com/cities/2019/mar/05/india-home-to-22-of-worlds-30-most-polluted-cities-greenpeace-says
- World Health Organisation, https://www.who.int/health-topics/air-pollution#tab=tab_1
- Business Standard, https://www.business-standard.com/article/pti-stories/budget-environment-ministry-gets-rs-3100-crore-in-2020-21-120020101340_1.html
- Economic Times, Environment Ministry gets Rs. 3100.
- Ashok Gulati, Indian Express.
- Amitabh Sinha, Sowmiya Ashok, Indian Express.
- Srishti Choudhary, Livemint.
- Bhupender Yadav, Economic Times.
- Iain Marlow, Bloomberg.



લેખક ૨૫ વર્ષ કરતાં વધુ સમયથી આયોજન પંચ સાથે સંકળાયેલા છે તેમજ ઉદ્યોગો અને ખનીજો, કૃષિ અને પશુ સંવર્ધન જેવાં વિવિધ ક્ષેત્રમાં અલગ અલગ હોદ્દા પર સેવા આપી છે.

ઈ-મેલઃ
sclahiry@gmail.com

# ઔદ્યોગિક દૃષ્ટિકોણથી અંદાજપત્ર ૨૦૨૦-૨૧

ડૉ. રણજીત મહેતા

અંદાજપત્રનો જો અમલ કરવામાં આવે તો, ભારતની આર્થિકનીતિમાં માળખાકીય પરિવર્તન થઇ શકે છે. નાણાં મંત્રી નિર્મલા સીતારમણે ૧ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ તેમની સરકારના કાર્યકાળનું બીજું કેન્દ્રીય અંદાજપત્ર રજૂ કર્યું હતું. ભારત સરકારે વર્ષ ૨૦૨૦-૨૧ માટે રૂ. ૩૦,૪૨,૨૩૦ના ખર્ચનો પ્રસ્તાવ મૂક્યો છે, જે ૨૦૧૯-૨૦ના સુધારેલા અંદાજ કરતાં ૧૨.૭%ની વૃદ્ધિ બતાવે છે. વિનિવેશ દ્વારા મોટા પ્રમાણમાં આવકના અંદાજ સાથે રૂ. ૨૨,૪૫,૮૯૩ની આવકનું અનુમાન છે, જે ૧૬.૩%ની વૃદ્ધિ બતાવે છે. વર્ષ ૨૦૨૦-૨૧માં સરકારે ૧૦%ના દરે GDPની સંભવિત વૃદ્ધિ (એટલે કે વાસ્તવિક વૃદ્ધિ વત્તા ફુગાવો)નું અનુમાન લગાવ્યું છે. વર્ષ ૨૦૧૯-૨૦માં સંભવિત વૃદ્ધિનું અનુમાન ૧૨%ના દરે હતું.

GDPના ૨.૭%નું મહેસૂલ ખાધનું લક્ષ્ય છે, જે ૨૦૧૯-૨૦માં ૨.૪%ના સુધારેલા અનુમાન કરતાં વધુ છે. રાજકોષીય ખાધનું લક્ષ્ય GDPના ૩.૫% રાખવામાં આવ્યું છે, જે ૨૦૧૯-૨૦ના ૩.૮%ના સુધારેલા અનુમાન કરતાં ઓછું છે. સરકાર વર્ષ ૨૦૧૯-૨૦ માટે ૩.૩%ની રાજકોષીય ખાધ અને ૨૦૨૦-૨૧માં ૩%નું મધ્યમ અવધિના નાણાકીય લક્ષ્યનું તેનું અંદાજપત્રીય લક્ષ્ય ઓળંગવાનો અંદાજ રાખે છે. આમાં અંદાજપત્ર સિવાયનાં ઋણ (૨૦૨૦-૨૧માં GDPના ૦.૯%) સામેલ નથી. ૨૦૧૯-૨૦ માટે સુધારેલા અનુમાન (RE) અને ૨૦૨૦-૨૧ માટે અંદાજપત્રીય અનુમાન (BE) બંને માટે ૦.૫%નો ઘટાડો (deviation) આર્થિક જવાબદારી અને અંદાજપત્રીય વ્યવસ્થાપન (FRBM) કાયદાની કલમ-૪ (૩)ને સુસંગત છે. (FRBM કાયદાની કલમ ૪ (૨) અનઅપેક્ષિત નાણાકીય અમલીકરણ સાથે અર્થતંત્રમાં માળખાકીય સુધારાના કારણે અંદાજિત રોજકોષીય ખાધમાં ઘટાડા માટે ટ્રિગર મિકેનિઝમ પૂરું પાડે છે.)

નાણાં મંત્રીએ કૃષિ, લોકોની સુખાકારી અને શિક્ષણ પર નોંધપાત્ર પ્રમાણમાં ભાર મૂક્યો છે. આ ત્રણ ક્ષેત્રમાં વસ્તીના મોટા વર્ગ પર પ્રભાવ પાડવાની સંભાવના સમાયેલી છે. કૃષિ ક્ષેત્ર માટે રૂ. ૧.૬ લાખ કરોડની વધુ ફાળવણીમાં કૃષિ ક્ષેત્રમાં પરિવર્તન લાવવાનો આશય સ્પષ્ટ પ્રતિત થાય છે.


'બ્લ્યૂ ઇકોનોમી' એ દરિયાઇ-મત્સ્ય ક્ષેત્રને સંગઠિત કરવાની દિશામાં તેમજ સમગ્ર મૂલ્ય સાંકળમાં ક્ષમતાનું સર્જન કરવાની દિશામાં વ્યૂહાત્મક પગલું



છે. આ ક્ષેત્રનું નિયમન કરવા માટે અગાઉના અંદાજપત્રમાં મત્સ્ય વિભાગની રચના કરવામાં આવી હતી તેનાથી એક ડગલું આગળ આ નિર્ણય લેવાયો છે. તદ્નુસાર, કૃષિ ક્ષેત્ર માટે ૧૬ પોઇન્ટનો એજન્ડા, પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશિપ (PPP) હોસ્પિટલો માટે વાયેબિલિટી ગેપ ફંડિંગ અને FDIના નિયમોમાં સંભવિત ફેરફાર સાથે નવી શિક્ષણનીતિ આ અંદાજપત્રના મુખ્ય ઘટકો છે, જે રોજગારી નિર્માણ અને કૌશલ્ય વિકાસમાં મદદરૂપ થશે.

બેંકિંગ પ્રણાલીની સ્થિરતા, કંપની કાનૂનને બિનગુનાઇત ગણવા માટેનો પ્રસ્તાવ, અન્ય કાયદાઓ પર ફેર-વિચારણા, કોન્ટ્રાક્ટ એક્ટમાં બહેતર સુધારા, પજવણી રોકવા માટે કાયદામાં કરદાતાના ચાર્ટરની રચના જેવાં પગલાં લઇ લોકોનો વિશ્વાસ જીતવાનો મજબૂત સંદેશો આપવામાં આવ્યો છે.

સરકારે ESOPs પર ૫ વર્ષ માટે કરવેરામાં છૂટ, રૂપિયા ૧૦૦ કરોડનું ટર્નઓવર ધરાવતા સ્ટાર્ટ-અપ માટે કરવેરામાં તર્કસંગતતા અને સ્ટાર્ટ-અપ IPR માટે ડિજિટલ પ્લેટફોર્મ જેવી પહેલ દ્વારા અર્થતંત્રમાં સ્ટાર્ટ-અપના યોગદાનને પણ ધ્યાને લીધું છે. ઇઝ ઓફ ડૂઇંગ બિઝનેસમાં સુધારો લાવવા માટે NIRVIK (નિર્યાત રીન વિકાસ યોજના) સ્કીમ, લાભાંશ વિતરણ કર (ડિવિડન્ડ ડિસ્ટ્રિબ્યૂશન ટેક્સ)ની નાબૂદી અને GST કરવેરામાં સરળીકરણ જેવા પગલાં લેવાથી રોકાણકારોના વિશ્વાસમાં વધારો થશે.




માઇક્રો, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSME) ધબકતા અર્થતંત્રના જીવનદાન છે; આથી આ અંદાજપત્રમાં તેના માટે ધિરાણમાં સુધારો કરવા પર અને આવા વ્યાવસાયિકોના હાથમાં વધુ રોકડ આવે તેના પર ધ્યાન આપવામાં આવ્યું છે. નોન-બેંકિંગ ફાઇનાન્શિયલ ઇન્સ્ટિટ્યૂટ્સ (NBFC) ટ્રેડ રિસિવેબલ્સ ડિસ્કાઉન્ટિંગ સિસ્ટમ (TReDS) દ્વારા MSMEને ઇનવોઇસ ફાઇનાન્સિંગ કરી શકશે, જેના કારણે ભારતીય અર્થતંત્રમાં વેગ માટે ઇંધણ પુરાવાની તકો વધશે તેમજ બેંકિંગ, ફાઇનાન્શિયલ સર્વિસીસ અને ઇન્સ્યોરન્સ (BFSI) ક્ષેત્ર દ્વારા સ્વીકાર્યતા અને વિશ્વાસનો વ્યાપ વધશે. એકીકૃત પ્રાપ્તિ ચેનલ તરીકે સરકારી ઇ-માર્કેટપ્લેસ (GeM)નો વ્યાપ વધારવાથી વધુ વેન્ડર (હાલમાં ૩.૨ લાખ છે) પ્લેટફોર્મ પર આવી શકશે.

ધિરાણદારો માટે દેવા વસૂલાત પર ધ્યાન આપતા નાની ટિકિટના કદની લોન માટે નાના NBFCને ડેબ્ટ રિકવરી ટ્રિબ્યૂનલ (DRT)નો આશરો લેવાની મંજૂરી આપવામાં આવી છે જે NPA ઘટાડવામાં અને અસ્કયામતોની ગુણવત્તા સુધારવામાં મદદરૂપ થશે.

શહેરી કેન્દ્રોને વિકાસનાં એન્જિન તરીકે પારખીને અને ખાનગી ક્ષેત્રોની ભૂમિકાને મહત્ત્વ આપીને, PPP મોડલ હેઠળ પાંચ સ્માર્ટ સિટીનો વિકાસ, ઇલેક્ટ્રોનિક ઉત્પાદનને પ્રોત્સાહન, સૌર ઇન્ફ્રાસ્ટ્રક્ચર, વધુ ટ્રેન, હવાઇ મથકો અને ડેટા સેન્ટર પાર્કના પ્રસ્તાવ મૂકવામાં

આવ્યા છે. અંદાજપત્રમાં કરવેરાના પ્રસ્તાવ લોકોમાં વિશ્વાસ જગાવવા, નિશ્ચિતતા લાવવા અને વધુ રોકાણને આકર્ષવા તેમજ દાવાઓમાં ઘટાડો કરવાની દિશામાં છે.

કરવેરાના પ્રસ્તાવોની મુખ્ય વિશેષતાઓ કે જેનો ઉલ્લેખ કરવો જરૂરી છે તેમાં ઓછી આવકવાળા વર્ગમાં કરવેરાના દરમાં ઘટાડો, ઘણા સમયથી જેની પ્રતીક્ષા થતી હતી તે લાભાંશ વિતરણ કર ડિવિડન્ડ ડિસ્ટ્રિબ્યૂશન ટેક્સની નાબૂદી, સોવરિન (sovereign) વેલ્થ ફંડ દ્વારા વ્યાજ અને મૂડી વૃદ્ધિનાં રોકાણો, ઊર્જા ઉત્પાદન કરતી કંપનીઓ માટે છૂટછાટપૂર્ણ કરવેરા પદ્ધતિ, ટેક્નોલોજીનો વધુ ઉપયોગ કરવા માટે ફેસલેસ અપીલની શરૂઆત, MSME માટે જટિલતાઓમાંથી રાહત અને કરવેરા દાવા પતાવટ યોજનાનો સમાવેશ થાય છે.

અંદાજપત્ર ૨૦૨૦-૨૧માં મહત્ત્વાકાંક્ષા, આર્થિક વિકાસ અને સંભાળ રાખતા સમાજની થીમ સાથે યોગ્ય સંતુલન સાધવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ ત્રણ વ્યાપક થીમ આના દ્વારા શક્ય છેઃ

- ભ્રષ્ટાચારમુક્ત અને નીતિ સંચાલિત સુશાસન
- સ્વચ્છ અને મજબૂત આર્થિક ક્ષેત્ર
- 'ઇઝ ઓફ લિવિંગ'

**a) મહત્ત્વાકાંક્ષી ભારત**


આ ભાગમાં સમાજના દરેક વર્ગને સ્વાસ્થ્ય, શિક્ષણ અને વધુ રોજગારીની ઉપલબ્ધતા સાથે વધુ સારાં જીવનધોરણનો સમાવેશ થાય છે. મહત્ત્વાકાંક્ષી ભારતના ત્રણ ઘટકોઃ કૃષિ, સિંચાઇ અને ગ્રામીણ વિકાસ, લોકસુખાકારી, પાણી અને સફાઇ અને શિક્ષણ અને કૌશલ્ય છે.

૧૬ એક્શન પોઇન્ટ સાથે આ ત્રણ ઘટકો માટે રૂપિયા ૨.૮૩ લાખ કરોડની ફાળવણી કરવામાં આવી છે; જેમાં સામેલ છે બ્લ્યૂ ઇકોનોમી, કિસાન રેલ, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બંને પ્રકારના રૂટ માટે કૃષિ ઉડાન, બાગાયત ક્ષેત્રમાં વધુ સારી માર્કેટિંગ અને નિકાસ માટે એક ઉત્પાદન-એક જિલ્લો, જૈવિક ખેતી પોર્ટલ, ઝીરો-બજેટ નેચરલ ફાર્મિંગ, ૨૦ લાખ ખેડૂતો માટે સ્વતંત્ર સોલર પમ્પ ઊભા કરવા માટે PM-KUSUMનું વિસ્તરણ, અન્ય ૧૫ લાખ ખેડૂતોને તેની ગ્રીડથી જોડાયેલા પમ્પ સેટથી સૌરઊર્જા મેળવવામાં મદદ થશે, ખેડૂતોને સારી સંગ્રહ ક્ષમતા માટે તેમજ પરિવહનખર્ચ ઘટાડવા માટે સ્વસહાય જૂથો (SHG) દ્વારા સંચાલિત ગ્રામ સંગ્રહ યોજના અને દીનદયાળ અંત્યોદય યોજના કે જેના દ્વારા ૫૮ લાખ સ્વસહાય જૂથની મદદથી ગરીબી નાથવા માટે ૦.૫ કરોડ પરિવારોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે.

**b) સૌનો આર્થિક વિકાસઃ "સબ કા સાથ, સબ કા વિકાસ, સબ કા વિશ્વાસ"**

આ ભાગમાં ઉદ્યોગ, વાણિજ્ય અને રોકાણનો સમાવેશ થાય છેઃ

- પોર્ટલ દ્વારા કામ કરવા માટે અને "આરંભથી અંત સુધી" સુવિધા અને સહકાર પૂરો માટે સેટઅપ ઊભું કરવા ઇન્વેસ્ટમેન્ટ ક્લિયરન્સ સેલનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.
- ટેકનિકલ ટેક્સટાઇલમાં ભારતને



વૈશ્વિક પ્રહરીના સ્થાને લાવવા માટે રાષ્ટ્રીય ટેકનિકલ ટેક્સટાઇલ મિશન ઊભું કરવામાં આવશે, જે ૨૦૨૦-૨૧થી ૨૦૨૩-૨૪ના ચાર વર્ષના સમયગાળા માટે અમલમાં રહેશે.

- વધુ નિકાસ ધિરાણ ચુકવણીનું લક્ષ્ય હાંસલ કરવા માટે નવી યોજના NIRVIK (નિર્વિક) શરૂ કરવામાં આવશે, જેમાં નાના નિકાસકારને વધુ વીમાકવચ, પ્રીમિયમમાં ઘટાડો, દાવાની પતાવટ માટે સરળીકૃત પ્રક્રિયા પૂરી પાડે છે, GeMનું ટર્નઓવર રૂ. ૩ લાખ કરોડ સુધી લઇ જવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. નિકાસ કરેલાં ઉત્પાદનો પર જકાત અને કરવેરામાં સુધારાની યોજના શરૂ કરવામાં આવશે. તમામ મંત્રાલયે "ઝીરો ડિફેક્ટ – ઝીરો ઇફેક્ટ" મેન્યુફેક્ચરિંગને સુસંગત ગુણવત્તા માપદંડ ઓર્ડર ઇશ્યૂ કરવાના રહેશે.

**ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રઃ** આગામી ૫ વર્ષમાં રૂપિયા ૧૦૦ લાખ કરોડનું રોકાણ કરાશે.

ધોરીમાર્ગો, રેલવે, બંદરો અને જળમાર્ગો, હવાઇ મથકો, વીજળી અને પાવર તેમજ નવા અર્થતંત્ર પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ૨૦૨૦-૨૧માં પરિવહન ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે રૂપિયા ૧.૧૭ લાખ કરોડ ફાળવવાનો પ્રસ્તાવ મુકાયો છે. રાષ્ટ્રીય ઇન્ફ્રાસ્ટ્રક્ચર પાઇપલાઇન માટે રૂપિયા ૧૦૩ લાખ કરોડની પરિયોજનાઓ; ૩૧ ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ પ્રારંભ કરવામાં આવ્યો છે. તમામ ક્ષેત્રમાં ૬૫૦૦થી વધુ પરિયોજનાઓને તેમના કદ અને વિકાસના તબક્કા અનુસાર વર્ગીકૃત કરવામાં આવશે. કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને મુખ્ય નિયામકોની ભૂમિકા સ્પષ્ટ કરવા માટે ટૂંક સમયમાં રાષ્ટ્રીય લોજિસ્ટિક્સ નીતિ જાહેર કરાશે. સિંગલ વિન્ડો ઇ-લોજિસ્ટિક્સ બજાર તૈયાર કરાશે. રોજગારી સર્જન, કૌશલ્ય વિકાસ તેમજ MSMEમાં સ્પર્ધાત્મકતા લાવવા પર ધ્યાન અપાશે. નવી ટેક્નોલોજીનો ફાયદો ઉઠાવવા માટે સમગ્ર દેશમાં ખાનગી ક્ષેત્રને ડેટા સેન્ટર પાર્કનું નિર્માણ કરવાની મંજૂરી આપતી નીતિ લાવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે, ૧,૦૦,૦૦૦ ગ્રામ પંચાયતોને લિંક કરવા માટે ભારતનેટ દ્વારા ફાઇબર ટુ હોમ (FTTH) જોડાણો આપવામાં આવશે.

સ્ટાર્ટ-અપને લાભ અપાવવા માટે ડિજિટલ પ્લેટફોર્મ જેવાં પગલાં લેવામાં આવ્યા છે, જેથી અવરોધરહિત અમલ થઇ શકે અને IPR પ્રાપ્ત કરી શકાય. નવાં અને ઊભરતાં ક્ષેત્ર સહિત વિવિધ ટેક્નોલોજી ક્ષેત્રોમાં નોલેજ ટ્રાન્સલેશન ક્લસ્ટર્સ 'ઊભાં કરવામાં આવશે. પરિકલ્પનાના ડિઝાઇનિંગ, બનાવટ અને માન્યતા માટે તેમજ ટેકનોલોજી ક્લસ્ટર્સને વધુ આગળ લઇ જવા માટે ટેસ્ટ બેડ રાખવામાં આવશે અને નાના પાયાની ઉત્પાદન સુવિધાઓ સ્થાપિત કરવામાં આવશે. આનુવંશિક/જનિનિક ક્ષેત્રમાં ભારતનું સ્થાન બનાવવા માટે – બે નવી રાષ્ટ્રીય સ્તરની વિજ્ઞાન યોજનાઓ શરૂ કરવામાં આવશે, જેથી વ્યાપક ડેટાબેઝનું નિર્માણ થઇ શકે. પ્રારંભિક તબક્કાના સ્ટાર્ટ-અપની વિચારધારાને સમર્થન આપવા અને તેના વિકાસ માટે સીડ ફંડ સહિત પ્રારંભિક સમયના ફંડિંગનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

### c) સંભાળ રાખતો સમાજ

સંભાળ રાખતા સમાજમાં મહિલાઓ અને બાળકો, સામાજિક કલ્યાણ, સંસ્કૃતિ અને પર્યટનને કેન્દ્રસ્થાને રાખ્યા છે.

**સંસ્કૃતિ અને પર્યટન**

- પર્યટનને પ્રોત્સાહન આપવાના આશયથી ૨૦૨૦-૨૧ માટે રૂપિયા ૨૫૦૦ કરોડની ફાળવણી.
- ૨૦૨૦-૨૧ માટે સંસ્કૃતિ મંત્રાલય માટે રૂ. ૩૧૫૦ કરોડની ફાળવણીનો પ્રસ્તાવ.
- સંસ્કૃતિ મંત્રાલય હેઠળ ભારતીય ધરોહર અને સંરક્ષણ સંસ્થાનની સ્થાપનાનો પ્રસ્તાવ; ડીમ્ડ યુનિવર્સિટીના દરજ્જા સાથે.
- ૫ પુરાતત્ત્વ સ્થળોને આઇકોનિક સ્થળો તરીકે વિકાસ કરીને સ્થળ પર બનાવાશેઃ સંગ્રહાલયો રાખીગઢી (હરિયાણા), હસ્તિનાપુર (ઉત્તરપ્રદેશ), શિવસાગર (આસામ), ધોળાવીરા (ગુજરાત), અદિચાનલ્લુર (તામિલનાડુ).
- કોલકાતામાં ભારતીય સંગ્રહાલયનો જીર્ણોદ્ધાર કરવાની જાહેરાત પ્રધાનમંત્રીએ જાન્યુઆરી-૨૦૨૦માં કરી છે.
- કોલકાતામાં ઐતિહાસિક ટંકશાળ ઈમારતમાં સિક્કાશાસ્ત્ર (numismatics) અને વ્યાપાર સંગ્રહાલય શરૂ કરવામાં આવશે.
- સમગ્ર દેશમાં વધુ ૪ સંગ્રહાલયોનું નવીનીકરણ અને જીર્ણોદ્ધાર કરવામાં આવશે.

- રાંચી (ઝારખંડ)માં આદિજાતિ સંગ્રહાલય ઊભું કરવા માટે સહકાર આપવામાં આવશે.
- અમદાવાદ નજીક આવેલા હડપ્પા યુગના સ્થળ લોથલ ખાતે જહાજ મંત્રાલય દ્વારા મેરિટાઈમ સંગ્રહાલય શરૂ કરવામાં આવશે.
- બધી રાજ્ય સરકાર ૨૦૨૧ દરમિયાન કેટલાંક પસંદ કરવામાં આવેલાં ચોક્કસ ગંતવ્ય માટે વિકાસની રૂપરેખા તૈયાર કરશે અને આર્થિક આયોજનનું માળખું ઘડશે તેવી અપેક્ષા છે, જેની સામે રાજ્યને ૨૦૨૦-૨૧માં નિર્ધારિત અનુદાન આપવામાં આવશે.

અંતે વાત કરીએ તો અંદાજપત્ર ન્યૂ ઈન્ડિયાની મહત્ત્વાકાંક્ષાઓ સંતોષવાની દિશામાં એક ડગલું છે, પરંતુ વિકાસને ટેકો આપવા માટે અંદાજપત્રમાં જાહેર કરવામાં આવેલાં પગલાંનું અમલીકરણ એ સૌથી મહત્ત્વની બાબતોમાંથી એક છે. આર્થિક વિકાસના માર્ગમાં વર્તમાન સ્થિતિમાં વાસ્તવિક રીતે વિકાસદર પ્રાપ્ત કરવા માટે રૂ. ૨ ટ્રિલિયનથી વધુનું લક્ષ્ય ધરાવતી વિનિવેશ (ડાઈવેસ્ટમેન્ટ) પ્રક્રિયા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. મહેસૂલની આવકના અનુમાનમાં કોઈ પણ ઘટાડાની સીધી અસર વાસ્તવિક ખાધ અને USD ૫ ટ્રિલિયનનું અર્થતંત્ર બનાવવા માટે વિકાસની મહત્ત્વાકાંક્ષાઓ પર થશે.

નાણાં મંત્રીએ મહત્ત્વાકાંક્ષી ભારત માટે સ્વાસ્થ્ય, શિક્ષણ અને રોજગારી નિર્માણ પર ધ્યાન આપ્યું છે, સાથે-સાથે નાણાં મંત્રીએ ખેડૂતોની આવકમાં વૃદ્ધિ, મહિલાઓને સારી તકો તેમજ ઓટોમેશન, મશીન લર્નિંગ અને રોબોટિક્સ જેવાં ક્ષેત્રમાં ટેક્નોલોજીની પ્રગતિ દ્વારા ઈઝ ઓફ લિવિંગ પર પણ ધ્યાન આપ્યું છે.

આ ઉપરાંત ભારતે ભાગીદારીના અર્થતંત્રને આવકાર્યું છે અને મુક્ત રીતે ડિજિટલ ક્રાંતિનું સ્વાગત કર્યું છે. કોર્પોરેટ ટેક્સ ઘટાડીને ૨૨% કરવામાં આવ્યો હોવાથી કંપનીઓને હવે વધુ મોકળાશથી કામ કરવાની તક મળશે અને ઈન્વેસ્ટમેન્ટ ક્લિયરન્સ સેલ રચવાની પ્રક્રિયા કરવામાં આવી હોવાથી તેના દ્વારા ભંડોળ સહાયનો પણ લાભ મળશે. સ્ટાર્ટ-અપને નડતા કેટલાક પડકારોનો આ અંદાજપત્રમાં ઉકેલ લાવવામાં આવ્યો છે અને રોકાણકારો પાસેથી ભંડોળ પ્રાપ્ત કરવા માટે તેમને સરળતા કરી આપવામાં આવી છે. રૂપિયા ૧૦૦ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતા સ્ટાર્ટઅપને ૧૦ વર્ષમાંથી ૩ વર્ષ સુધી ૧૦૦% નફા કપાતની સવલત આપીને સ્ટાર્ટ-અપ ઈકો-સિસ્ટમ વધુ ઉન્નત કરવાની દિશામાં પણ સરકારે સકારાત્મક પગલું ભર્યું છે.

દાવાઓની ઝડપી પતાવટ માટેની સરળીકૃત પ્રક્રિયાઓ નિકાસકાર અને સામાન્ય વીમાદાતા બંને માટે લાભદાયી નીવડશે. તેનાથી નાના નિકાસકારને મોટું વીમાકવચ પ્રાપ્ત થશે અને પ્રીમિયમમાં ઘટાડો થશે તેમજ દાવાની પતાવટની પ્રક્રિયાઓ વધુ સરળ થશે જેથી એકંદરે નિકાસ નાણાંને પ્રોત્સાહન મળશે અને નિકાસને વેગ મળશે. MSME માટે ગૌણ દેવાંની જાહેરાત પણ MSMEને નોંધપાત્ર પ્રમાણમાં મદદરૂપ થવા માટે સકારાત્મક પગલું કહી શકાય. નાના ઉદ્યોગને રૂપિયા ૫ કરોડ સુધીના ટર્નઓવર પર ઓડિટની જરૂરિયાતને દૂર કરવામાં આવી તે પણ તેમના ઉત્કર્ષ માટે આવકાર્ય પગલું છે. આ અંદાજપત્રથી રોજગારીને વેગ મળશે, વપરાશમાં વધારો થશે અને ભારતમાં વૈશ્વિક રોકાણ આકર્ષી શકાશે તેવી અપેક્ષા રાખી શકાય.

લેખક મેનેજમેન્ટમાં પીએચડી અને યુનિવર્સિટીમાં ગોલ્ડ મેડલિસ્ટ છે, કાયદામાં સ્નાતક છે અને વિવિધ ક્ષેત્રમાં નેતૃત્વની ભૂમિકામાં ૩૦ વર્ષથી વધુ બહોળો અનુભવ ધરાવે છે. હાલમાં તેઓ નવી દિલ્હી ખાતે PHD ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના અગ્ર નિર્દેશક તરીકે ઔદ્યોગિક અગ્રણીઓ અને નીતિ ઘડનારાઓ સાથે નીકટતાથી કામ કરે છે.
ઈ-મેલઃ
ranjeetmehta@gmail.com

**'યોજના' વાંચો, 'યોજના' વંચાવો, 'યોજના' વસાવો**

# કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૨૦-૨૧: સલામત થાપણો, સક્ષમ સહકારી ક્ષેત્રની બેંકો અને એમએસએમઈને વિકાસનો વેગ

શિશિર સિંહા

કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૨૦-૨૧માં બેન્કિંગ ક્ષેત્રને લગતા ત્રણ મહત્ત્વપૂર્ણ પ્રસ્તાવના અમલીકરણ અંગે જાહેરાત કરવામાં આવી હતી. પોતાના અંદાજપત્રના ભાષણમાં કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણે કહ્યું હતું કે, ''હું આ સન્માનિત ગૃહને માહિતગાર કરવા માંગુ છું કે તમામ અનુસૂચિત વ્યાવસાયિક બેંકોની સ્વસ્થતા પર નજર રાખવા માટે અને તેમાં નાણાં મૂકનારા થાપણદારોનાં નાણાં સલામત રહે તે માટે એક નક્કર તંત્રની રચના કરવામાં આવી છે. વધુમાં ડિપોઝિટ ઈન્સ્યોરન્સ એન્ડ ક્રેડિટ ગેરન્ટી કોર્પોરેશન (DICGC)ને થાપણ મૂકનારા થાપણદારો માટે ડિપોઝિટ વીમા કવરેજ વધારવાની મંજૂરી આપી છે, જે હાલ દરેક થાપણદારદીઠ એક લાખ છે ત્યાં વધારીને પાંચ લાખ રૂપિયા જેટલી કરી છે.''

થાપણો પર વીમાકવચનો અર્થ જો કોઈ કારણસર બેન્ક બંધ થઈ જાય અથવા તો નાદાર થઈ જાય તો થાપણદારને કેટલાં નાણાં ચૂકવવામાં આવશે. થાપણો પર વીમાકવચ ઉપલબ્ધ કરાવવાના મુદ્દાને ૧૯૪૮માં જ્યારે પશ્ચિમ બંગાળમાં બેન્કિંગ ક્ષેત્રમાં સંકટ હતું ત્યારે પહેલી વાર ઉઠાવવામાં આવ્યો હતો. આ મુદ્દો ફરી વાર ૧૯૪૯માં ચર્ચાયો હતો અને એવો નિર્ણય લેવામાં આવ્યો હતો કે થાપણો પર કવચ ઉપલબ્ધ કરાવવાના પ્રસ્તાવને ત્યાં સુધી અમલમાં ન મૂકવામાં આવે જ્યાં સુધી ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા બેન્કો પર નિયંત્રણ અને તેમનું સંતુલન જાળવી રાખવા માટે એક સમગ્ર તંત્ર સુનિશ્ચિત ન કરવામાં આવે.

આગામી ૧૧ વર્ષ સુધી આ મુદ્દા પર કોઈ ખાસ પ્રગતિ જોવા મળી નહોતી. પરંતુ ૧૯૬૦માં જ્યારે બે બેન્ક 'પલાઈ સેન્ટ્રલ બેન્ક' અને 'લક્ષ્મી બેન્ક' નાદાર થઈ ત્યારે તત્કાલીન કેન્દ્ર સરકાર અને ભારતીય રિઝર્વ બેન્કે થાપણો પર વીમા કવચ ઉપલબ્ધ કરાવવાના પ્રસ્તાવને ધ્યાનમાં લીધો હતો. ૧૯૬૧માં સંસદે ડિપોઝિટ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન એન્ડ ડિપોઝિટ ઈન્સ્યોરન્સ એક્ટ સાથે જોડાયેલા એક ખરડાને મંજૂરી આપી હતી અને તે કાયદો ૧ જાન્યુઆરી, ૧૯૬૨ના રોજ અમલમાં આવ્યો હતો. પહેલા તબક્કામાં સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા અને તેનાં સહયોગી એકમો, અન્ય વ્યવસાયિક બેન્કો અને ભારતમાં સંચાલિત વિદેશી બેન્કોને આ કાયદા હેઠળ આવરી લેવામાં આવી હતી.

૧૯૬૮માં સહકારી બેન્કોને આ કાયદા હેઠળ આવરી લેવામાં આવી હતી. હવે તમામ પ્રકારની વ્યાવસાયિક બેન્કો (જાહેર અને ખાનગી), વિદેશી બેન્કો, સ્થાનિક વિસ્તારની બેન્કો, ક્ષેત્રીય ગ્રામીણ બેન્કો (RRB) અને તમામ પ્રકારની સહકારી બેન્કો આ કાયદાની કામગીરી હેઠળ છે. થાપણો પર વીમાકવચ ઉપલબ્ધ કરાવવાની જવાબદારી ડિપોઝિટ ઈન્સ્યોરન્સ એન્ડ ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન (DICGC) પર છે, જે સંપૂર્ણપણે ભારતીય રિઝર્વ બેન્કની માલિકીની પેટા સંસ્થા છે.

૩૧ માર્ચ, ૨૦૧૯ સુધીના ઉપલબ્ધ આંકડા અનુસાર DICGCએ ૯૨% થાપણ ખાતાં અને ૨૮% થાપણની રકમને આવરી લીધી છે. લોકસભામાં નાણાં મંત્રાલય દ્વારા આપવામાં આવેલા જવાબમાં જણાવ્યા પ્રમાણે આ મર્યાદા ઈન્ટરનેશનલ એસોસિયેશન ફોર ડિપોઝિટ ઈન્સ્યોરન્સના દિશાનિર્દેશ કરતાં પણ વધારે છે, જેની ભલામણ ૮૦% ખાતાં અને ૨૦-૩૦% થાપણોને વીમાકવચ ઉપલબ્ધ કરાવવાની છે.

શરૂઆતમાં દરેક થાપણદાર દીઠ વીમાકવચ ૧૫૦૦ રૂપિયા હતું, જેને ૧૯૬૮માં વધારીને ૨૫,૦૦૦ રૂપિયા કરવામાં આવ્યું, ૧૯૭૦માં તેને રૂ.૧૦,૦૦૦, ૧૯૭૬માં રૂ. ૨૦,૦૦૦, ૧૯૮૦માં રૂ. ૩૦,૦૦૦ અને ૧૯૯૩માં વધારીને ૧,૦૦,૦૦૦ રૂપિયા કરાયું હતું. આ રકમ હવે ૪ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજથી રૂપિયા ૫ લાખ કરવામાં આવી છે.

થાપણો પર વીમાકવચના હેતુ માટે પ્રીમિયમની રકમ થાપણદારોએ નહીં પરંતુ બેન્કોએ ચૂકવવાની હોય છે. એપ્રિલ ૨૦૦૫થી પ્રીમિયમનો દર મૂલ્યાંકનપાત્ર થાપણો માટે પ્રત્યેક રૂ. ૧૦૦ પર વાર્ષિક ૧૦ પૈસા છે. જોકે વીમાકવચની રકમમાં પાંચ ગણો વધારો કરાયા બાદ પ્રીમિયમની રકમને ૧ એપ્રિલ, ૨૦૨૦થી વધારીને મૂલ્યાંકનપાત્ર થાપણો માટે પ્રત્યેક રૂ. ૧૦૦ પર વાર્ષિક ૧૨ પૈસા કરવામાં આવશે. કેટલાક નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે બેન્કોએ ૧૦૦ રૂપિયા દીઠ આ વધારાના ૨ પૈસાની રકમની ચુકવણીના કારણે કોઇ પણ સમસ્યાનો સામનો નહીં કરવો પડે, કારણ કે તેમની આવક પણ વધી રહી છે અને સૌથી મહત્ત્વપૂર્ણ વાત એ કે હવે થાપણદારોને બેન્કિંગ સિસ્ટમ પર વધારે વિશ્વાસ રહેશે.

**સહકારી બેન્કો માટે મજબૂત નિયમન તંત્ર**

સહકારી બેન્કોની પરિસ્થિતિ કથળી રહી છે ત્યારે થાપણો માટે વીમાકવચ ઇશ્યૂ કરવાનો મુદ્દો સામે આવ્યો છે. નિયમોનું જટિલ તંત્ર પણ સહકારી બેન્કોના કથળવા માટેનું એક કારણ છે. સંઘીય વ્યવસ્થા હેઠળ સહકારી સોસાયટીઓને રાજ્યની યાદીમાં રાખવામાં આવે છે. જો આ સોસાયટીઓ બેન્કની જેમ કામ કરે તો તેમણે ભારતીય રિઝર્વ બેન્કના નિયમો અને કાયદાઓનું પાલન કરવું પડે. વિવિધ સંસ્થાનોના નિયમની જટિલતા વધારે છે અને કોઇ પણ અનિયમિતતાના કેસમાં જવાબદારી નક્કી કરતી વખતે ઘણીબધી સમસ્યાઓ સામે આવે છે.

સહકારી બેન્કો નાણાકીય તંત્ર માટે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, જ્યારે પણ સહકારી બેન્કોની કથળતી પરિસ્થિતિ વિશે ચર્ચા થાય છે ત્યારે આ મુદ્દે સર્વસંમતિ જોવા મળે છે કે જો બેન્કિંગને લગતો મુદ્દો હોય તો સમગ્ર નિયમનની જવાબદારી ભારતીય રિઝર્વ બેન્કને સોંપી દેવી જોઇએ. આ વાતને ધ્યાનમાં રાખતાં નાણાં મંત્રીએ કહ્યું હતું કે, ''સહકારી બેન્કોને મજબૂત બનાવવા માટે બેન્કિંગ રેગ્યુલેશન એક્ટમાં સુધારો કરવાનો પ્રસ્તાવ કરવામાં આવે છે, જેથી વ્યાવસાયિકતા વધારી શકાય, મૂડી સુધી પહોંચને સક્ષમ કરી શકાય અને RBI મારફત બેન્કોના સંચાલન અને તેમના પર નજર રાખવામાં સુધારો લાવી શકાય.''

બેન્કિંગ સિસ્ટમ પર આધારિત ભારતીય રિઝર્વ બેન્કના વાર્ષિક અહેવાલમાં ૯૭,૭૯૨ સહકારી બેન્કની વિગતોનો ઉલ્લેખ કરાયેલો છે. માર્ચ - ૨૦૧૯ના અંત સુધી સમગ્ર દેશમાં ૧,૫૪૪ શહેરી સહકારી બેન્ક હતી, જ્યારે ગ્રામીણ સહકારી બેન્કોનો આંકડો માર્ચ-૨૦૧૮ના અંત સુધીમાં ૯૬,૨૪૮ હતો. શહેરી સહકારી બેન્કો, સહકારી બેન્કોની કુલ સંપત્તિમાં ૩૫.૩ % હિસ્સો ધરાવતી હતી, જ્યારે બાકીની સંપત્તિ ગ્રામીણ સહકારી બેન્કો પાસે છે. સહકારી બેન્કો પાસે ૮.૫૦ કરોડ કરતાં પણ વધારે થાપણદાર છે અને તેમણે અંદાજે ૫ લાખ કરોડ રૂપિયા જમા કરાવ્યા છે.

શહેરી અને ગ્રામીણ સહકારી બેન્કોમાં રાજ્ય સહકારી બેન્કો (StCB) અને જિલ્લા કેન્દ્રીય સહકારી બેન્કો (DCCB)એ પોતાની નોંધણી પોતાના રાજ્યના સહકારી સોસાયટી કાયદામાં અથવા મલ્ટિ-સ્ટેટ કો-ઓપરેટિવ સોસાયટી એક્ટ હેઠળ કરાવવાની રહે છે. સહકારી સોસાયટીઓમાં બેન્કિંગ કાયદાને ૧ માર્ચ, ૧૯૬૬ના રોજ લાગુ કરવામાં આવ્યો હતો. તેથી રાજ્ય સ્તરીય સોસાયટી રજિસ્ટ્રાર અથવા સેન્ટ્રલ રજિસ્ટ્રાર ઓફ કો-ઓપરેટિવ સોસાયટી અને ભારતીય રિઝર્વ બેન્ક આજે UCB, DCCB અને StCB પર બમણું નિયંત્રણ ધરાવે છે.

કોર્પોરેટાઇઝેશન, નોંધણી, વ્યવસ્થાપન, વસૂલાત, ઑડિટ, બોર્ડ ઓફ ડિરેક્ટર્સને સસ્પેન્ડ કરવા અને સોસાયટીની તરલતાને લગતા મુદ્દા રજિસ્ટ્રાર ઓફ કોઓપરેટિવ્સ સોસાયટીસ (RCS) / સેન્ટ્રલ રજિસ્ટ્રાર ઓફ કો-ઓપરેટિવ સોસાયટી (CRCS)ના ન્યાયક્ષેત્રમાં છે, જ્યારે નિયમનને લગતા મુદ્દા ભારતીય રિઝર્વ બેન્ક હસ્તક છે. ભારતીય રિઝર્વ બેન્કને શહેરી સહકારી બેન્કો (UCB) પર નજર રાખવાની, નીતિ-નિયમો ઘડવાની અને તરલતા, આવક નિર્ધારણ સંપત્તિ વર્ગીકરણ અને જોગવાઇ, મૂડીની જરૂરિયાતનું સર્ક્યુલેશન અને વ્યક્તિ અથવા લોકોના સમૂહ માટે ધિરાણ મર્યાદાના અમલીકરણને સુનિશ્ચિત કરવાની જવાબદારી સોંપવામાં આવી છે.

હવે સમગ્ર તંત્રમાં પરિવર્તન લાવવા માટેની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. સહકારી બેન્કોના સારા નિયમનના ઉદ્દેશ સાથે અંદાજપત્ર રજૂ કરાયાના ચાર દિવસની અંદર જ કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા બેન્કિંગ નિયમન કાયદાને મંજૂરી આપવામાં આવી હતી. તેના મારફતે સહકારી બેન્કો (મલ્ટિ-સ્ટેટ કો-ઓપરેટિવ બેન્ક) જે વિવિધ રાજ્ય અને

કેન્દ્ર શાસિત રાજ્યમાં કામ કરે છે તેમને ભારતીય રિઝર્વ બેન્કના ક્ષેત્ર હેઠળ લાવવામાં આવશે. તે વાતને સ્પષ્ટ રીતે અહીં જણાવી દેવામાં આવી છે. બેન્કિંગને લગતા મુદ્દાઓ ભારતીય રિઝર્વ બેન્કના ન્યાયક્ષેત્ર હેઠળ રહેશે, જ્યારે રજિસ્ટ્રારને સહકારી સોસાયટીઓના વહીવટને લગતા મુદ્દાઓમાં કામ કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે.

**માઈક્રો, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSMEs)**

માઇક્રો, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSME) અર્થતંત્રમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ ક્ષેત્ર જીડીપીમાં ૨૮% ફાળો આપે છે અને નિકાસમાં તેનું યોગદાન લગભગ ૪૦% છે. લગભગ ૧૧ કરોડ લોકો આ ક્ષેત્રે રોજગાર પ્રાપ્ત કરી રહ્યા છે. નાણાકીય સહાયતા MSME ક્ષેત્ર માટે મહત્ત્વપૂર્ણ છે અને બેન્કોની ભૂમિકા અહીં ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. બેન્કિંગ ક્ષેત્રને લગતી જોગવાઈઓએ આ અંદાજપત્રમાં MSMEને વિશેષ મહત્ત્વ આપ્યું છે.

અંદાજપત્રમાં MSME ક્ષેત્રને બેન્કિંગ ક્ષેત્ર મારફતે સમર્થન આપવાનો પ્રસ્તાવ મુકાયો છે અને સાથે જ તેમાં ધિરાણની સરળ પુનઃ ચુકવણીની પણ જોગવાઇ છે. આ સંદર્ભમાં નાણાંમંત્રીએ કહ્યું હતું કે, "ગયા વર્ષે પાંચ લાખ કરતાં પણ વધારે MSMEને RBI દ્વારા મંજૂરી અપાયા બાદ ધિરાણને રિસ્ટ્રક્ચર કરવાનો ફાયદો મળ્યો હતો. રિસ્ટ્રક્ચરિંગ માટેની સમય મર્યાદા ૩૧ માર્ચ, ૨૦૨૦ના રોજ સમાપ્ત થાય છે. સરકારે આ વિન્ડો અથવા તો સમય મર્યાદાને ૩૧ માર્ચ, ૨૦૨૧ સુધી લંબાવવા માટે RBIને વિનંતી કરી છે."

અંદાજપત્રની જાહેરાત કરવામાં આવી તેના પાંચ દિવસમાં જ, ભારતીય રિઝર્વ બેન્કે ધિરાણની પુનઃ ચુકવણી માટેની સમય મર્યાદા વધારવાની જાહેરાત કરી હતી. ૬ ફેબ્રુઆરી, ૨૦૨૦ના પોતાના 'સ્ટેટમેન્ટ ઓન ડેવલપમેન્ટલ એન્ડ રેગ્યુલેટરી પોલિસીઝ'માં ભારતીય રિઝર્વ બેન્કે જણાવ્યું હતું કે ભારતના અર્થતંત્રમાં MSMEના મહત્ત્વને ધ્યાનમાં લેતાં અને ક્ષેત્રના વિધિસંગતિકરણના પ્રયાસોમાં તેના માટે એક સક્ષમ વાતાવરણ તૈયાર કરવા માટે, તેમજ ૧ જાન્યુઆરી, ૨૦૧૯ સુધી નાદાર, પરંતુ 'આદર્શ' સ્થિતિમાં હોય તેવા MSME માટે તેમના ધિરાણ માટે વન-ટાઇમ રિસ્ટ્રક્ચરિંગની તેમની મિલકતના વર્ગીકરણને ડાઉનગ્રેડ કર્યા વિના જ મંજૂરી અપાઇ છે. લેણદારોના એકાઉન્ટના રિસ્ટ્રક્ચરનું કામ ૩૧ માર્ચ, ૨૦૨૦ સુધીમાં અમલીકૃત કરાશે. આ યોજનાએ મોટી સંખ્યામાં MSMEને રાહત પૂરી પાડી છે.

MSME ક્ષેત્રના વિધિસંગતિકરણની પ્રક્રિયાની નાણાકીય સ્થિરતા પર સકારાત્મક અસર કરી છે અને આ પ્રક્રિયા હજુ પણ ચાલી રહી છે ત્યારે નિર્ણય લેવાયો છે કે મિલકત વર્ગીકરણને ડાઉનગ્રેડ કર્યા વિના જ GSTમાં નોંધણી કરાવેલી હોય તેવાં MSMEના આદર્શ ખાતાંને વન-ટાઇમ રિસ્ટ્રક્ચરિંગનો ફાયદો આપવાનો નિર્ણય લેવાયો હતો. આ યોજના હેઠળ રિસ્ટ્રક્ચરિંગને ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ સુધીમાં કરાવી લેવાનું રહેશે. તેનાથી

**સામાન્ય અંદાજપત્ર ૨૦૨૦-૨૧: બેન્કિંગ ક્ષેત્ર સાથે જોડાયેલા મહત્ત્વપૂર્ણ પ્રસ્તાવ:**

- થાપણો પરનું વીમાકવચ હવે દરેક થાપણદાર દીઠ રૂપિયા ૫,૦૦,૦૦૦ લાખ છે.
- ભારતીય રિઝર્વ બેન્કને હવે સહકારી બેન્કોના નિયમનને લગતી વધારે સત્તાઓ પ્રદાન કરાઇ છે.
- MSME માટે ક્રેડિટ સ્ટ્રક્ચરની સમય મર્યાદાને વધારવામાં આવી છે.
- સરકાર તેનો આઈડીબીઆઈ બેંકમાં બાકીનો હિસ્સો વેચશે.
- જાહેર ક્ષેત્રની બેન્કોની વ્યાવસાયિક કાર્યક્ષમતાને વધારવા માટે નવાં પગલાંની જાહેરાત કરાશે.
- નોન-બેન્કિંગ ફાઈનાન્શિયલ કંપનીઓ (NBFC)ની સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (SARFAESI) એક્ટ, ૨૦૦૨ હેઠળ ઋણની વસૂલાત માટે લાયક બનવા માટેની મર્યાદાને રૂપિયા ૫૦૦ કરોડથી ઘટાડીને ૧૦૦ કરોડની સંપત્તિ કદ સુધી કરવાનો અથવા ધિરાણના કદને હાલમાં ૧ કરોડ છે ત્યાંથી ઘટાડીને રૂપિયા ૫૦ લાખ કરવાનો પ્રસ્તાવ કરાયો છે.

પાત્રતા ધરાવતા MSME એકમો કે, જેઓ ૧ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ જાહેર કરાયેલા પરિપત્ર હેઠળ રિસ્ટ્રક્ચર થઇ શકે તેમ નથી તેમજ એવા MSME એકમો જેઓ તે પછી સમસ્યામાં મુકાયા છે તેઓને ફાયદો થશે. આ વાત પર ફરી આગ્રહ કરાયો છે કે આ એક વખત માટે જ નિયમનકારી વિતરણ માફી છે.

MSME માટે કાર્યશીલ મૂડી ખૂબ જ મહત્ત્વપૂર્ણ હોય છે. આ બાબતને ધ્યાનમાં લેતાં અંદાજપત્રમાં MSMEના ઉદ્યોગસાહસિકોને આનુશંગિક ધિરાણ ઉપલબ્ધ કરાવવાની યોજનાનો પ્રસ્તાવ કરાયો છે. આ ઋણ બેન્કો દ્વારા ઉપલબ્ધ કરાવાશે અને તેને ક્વાસી-ઇક્વિટી (quasi-equity) તરીકે ગણાશે અને તેની પૂર્ણ ખાતરી ક્રેડિટ ગેરંટી ટ્રસ્ટ ફોર મીડિયમ એન્ડ સ્મોલ એન્ટરપ્રિન્યોર (CGTMSE) આપશે. CGTMSEની સિલક (corpus) તદ્નુસાર સરકાર દ્વારા સરભર કરાશે. વધુમાં એક એપ આધારિત ઇનવોઇસ ફાઇનાન્સિંગ લોન પ્રોડક્ટ પણ લોન્ચ કરવામાં આવશે. આ બાબત MSMEમાં ચૂકવણીમાં વિલંબ અને તેના પરિણામે રોકડના પ્રવાહની સમસ્યાને દૂર કરશે.

અંદાજપત્ર ૨૦૨૦-૨૧માં સહકારી બેન્કોના પુનઃમૂડીકરણ જેવી બાબતો પર પ્રકાશ પાડવામાં આવ્યો નથી, છતાં પણ અંદાજપત્રમાં બેન્કિંગ સિસ્ટમની પાયાની સમસ્યાઓનો ઉકેલ લાવવાના પ્રયાસ છે  એટલું જ નહીં, તેમનું અમલીકરણ પણ શરૂ થઇ ગયું છે, જે બાબત બેન્કિંગ સિસ્ટમમાં વિશ્વાસને મજબૂત બનાવશે.

લેખક ૨૫ વર્ષથી આર્થિક અને વ્યાવસાયિક બાબતોના પત્રકાર છે અને હાલમાં 'હિન્દુ બિઝનેસ લાઇન'માં વરિષ્ઠ નાયબ તંત્રી તરીકે કાર્યરત છે. અગાઉ તેમણે અગ્રણી સમાચાર ચેનલો અને સમાચારપત્રોમાં કામ કર્યું છે.
ઈ-મેલઃ
hblshishir@gmail.com1

FORM IV

Statement about ownership and other particulars about newspaper Yojana **(Gujarati)** to be published in the first issue every year after the last day of February

| | | |
|---|---|---|
| 1. Place of publication | : | Ahmedabad (Gujarat) |
| 2. Periodicity of its publication | : | Monthly |
| 3. Printer's Name, Nationality & Address | : | Ms. Ira Joshi<br>Indian,<br>Publications Division,<br>Soochna Bhawan, CGO Complex,<br>New Delhi – 110003 |
| 4. Publisher's Name, Nationality & Address | : | Ms. Ira Joshi<br>Indian,<br>Publications Division,<br>Soochna Bhawan, CGO Complex,<br>New Delhi - 110003 |
| 5. Editor's Name, Nationality & Address | : | Ms. JS Patel<br>Indian<br>Publications Division,<br>C/o Press Information Bureau,<br>Akhandanand Hall, 2nd Floor,<br>Mother Teresa Road,<br>Nr CNI Church, Bhadra,<br>Ahmedabad – 380001 ,(Gujarat). |
| 6. Names and addresses of individuals who own the newspaper and partners or shareholders holding more than one per cent of the total capital | : | Wholly owned by Ministry of I&B,<br>Government of India,<br>New Delhi - 110001 |

I, Ira Joshi, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

Date: 12.02.2020

Ira Joshi
(Signature of Publisher)

# શિક્ષણ ક્ષેત્રના દૃષ્ટિકોણથી અંદાજપત્રનું વિશ્લેષણ

શલેન્દર શર્મા અને શશીરંજન જ્ઞા

ભારતીય શિક્ષણ પદ્ધતિમાં નજીકનાં વર્ષોમાં મહત્ત્વના માળખાગત ફેરફાર થતા જોવા મળ્યા છે. સસ્ટેનેબલ ડેવલપમેન્ટના ગોલ-૪ (SDG-૪) અનુસાર માત્ર શાળાઓ અને કોલેજો ઉપલબ્ધ કરવા તરફથી હવે ધ્યાન ગુણવત્તાયુક્ત શિક્ષણ તરફ વળ્યું છે. નવી શિક્ષણનીતિ (NEP)ના મુસદ્દામાં શિક્ષણ પદ્ધતિમાં અનુસરવા જેવા દૃષ્ટિકોણનો વ્યાપક ખ્યાલ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત સર્વ શિક્ષા અભિયાન (SSA) અને ઉચ્ચ ગુણવત્તા ધરાવતી શૈક્ષણિક સંસ્થાઓને મજબૂત બનાવવા અંગે તથા તેના વિસ્તરણ તરફ સ્પષ્ટ ભાર મૂકવામાં આવ્યો છે. આ રીતે દેશના શિક્ષણમાં સમગ્રપણે વૈશ્વિક ધોરણો પ્રાપ્ત કરવાના મહત્ત્વાકાંક્ષી ધ્યેયને સાકાર કરવાનું વચન આપવામાં આવ્યું છે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (IIT), સ્કૂલ ઓફ પ્લાનિંગ એન્ડ આર્કિટેક્ચર, ઉચ્ચ શિક્ષણ અને સંશોધન વગેરે સંબંધી વિવિધ વૈધાનિક સુધારા સૂચવતાં વિધેયક નજીકના ભૂતકાળમાં તૈયાર કરવામાં આવ્યાં છે.

અંદાજપત્રમાં શાળાઓ અને ઉચ્ચ શિક્ષણમાં સુધારા અંગેની મહત્ત્વની સંભાવનાઓ નિર્ધારિત કરવામાં આવી છે. બજેટમાં શિક્ષણ માટે કુલ રૂ.૯૯,૩૧૧ કરોડની ફાળવણી કરવામાં આવી છે અને તેમાં પણ શાળા શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ માટે અનુક્રમે રૂ.૫૯,૮૪૫ કરોડ અને રૂ.૩૯,૪૬૬ કરોડ ફાળવવામાં આવ્યા છે. વર્તમાન ફાળવણી અગાઉના વર્ષની તુલનામાં ૫%નો વધારો દર્શાવે છે અને વર્ષ ૨૦૧૬ની તુલનામાં એકંદરે ફાળવણીમાં આશરે ૪૪%નો વધારો થયો છે.

નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં ફાળવવામાં આવેલા રૂ.૨,૫૩૧.૦૪ કરોડની રકમની તુલનામાં નાણાકીય વર્ષ ૨૦૨૧ માટે કૌશલ્ય વિકાસ મંત્રાલય માટે રૂ.૩૦૦૨.૨૧ કરોડ રકમની ફાળવવાની દરખાસ્ત કરવામાં આવી છે. ઉચ્ચ શિક્ષણ ઉપર નોંધપાત્ર પ્રમાણમાં ભાર મૂકવામાં આવ્યો છે. આ બાબત ફાળવણીની રકમમાં પ્રતિબિંબિત થાય છે. માનવસંસાધન વિકાસ મંત્રાલય (MHRD)ના બજેટ અંદાજ મુજબ વર્ષ ૨૦૧૪-૧૫માં ઉચ્ચ શિક્ષણ માટે ૩૪% રકમ ફાળવવામાં આવી હતી તે વર્ષ ૨૦૧૭-૧૮માં વધીને ૪૨% થઈ છે. વર્તમાન બજેટમાં પણ રૂ.૩૯,૪૬૬.૨૨ કરોડની ફાળવણી કરીને આ કટિબદ્ધતા ચાલુ રાખવામાં આવી છે. શિક્ષકોના વેતન ધોરણમાં સુધારા માટે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં રૂ.૧૮૦૦ કરોડ ફાળવાયા હતા તે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં વધારીને રૂ.૧૯૦૦ કરોડ કરાયા છે. આ ઉપરાંત વર્તમાન બજેટમાં IITs અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (IIMs) માટે ખર્ચાનાર રકમમાં




પણ વધુ ફાળવણી કરવામાં આવી છે.

**કેન્દ્ર સરકારના વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટમાં સૂચવાયેલી મહત્ત્વની વિવિધ પહેલ**

**શિક્ષકો માટે શિક્ષણ:** તાલીમ નહી પામેલા શિક્ષકોને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓપન લર્નિંગ (NIOS) જેવી દેશની વિવિધ સંસ્થાઓ મારફતે તાલીમ આપવા ઉપર સરકાર ધ્યાન કેન્દ્રિત કરી ચૂકી છે. આમ છતાં ગુણવત્તા સુધારવા માટે એક વખત તાલીમ આપીને પરીક્ષા પસાર કરવામાં આવે તેનાથી લક્ષ્યાંક પ્રાપ્ત થાય તે પૂરતું નથી. આથી ઈન-સર્વિસ શિક્ષકોનો સતત વ્યાવસાયિક વિકાસ કરવા માટે સુધારા જરૂરી બને છે. સરકાર શિક્ષકોની તાલીમમાં ઈન્ફર્મેશન કોમ્યુનિકેશન ટેક્નોલોજી (ઉદાહરણ તરીકે દીક્ષા પોર્ટલ)નો ઉપયોગ કરીને આ દિશામાં કામગીરી કરવા પ્રયત્નશીલ છે. શિક્ષકો દ્વારા ઉપયોગમાં લેવાતી સામગ્રીમાં સુધારો કરવાનો એક કેન્દ્રિત અભિગમ હાથ ધરવામાં આવ્યો છે.

**ઉચ્ચ શિક્ષણની પ્રાપ્તિ માટે તકોમાં સમાનતા:** વર્તમાન બજેટમાં ડિગ્રી સ્તરના સંપૂર્ણ રીતે વિકસિત ઓનલાઈન શિક્ષણના પ્રોગ્રામ માટે દરખાસ્ત કરવામાં આવી છે, જેનાથી યુવાનો ઉચ્ચ શિક્ષણ તરફ આકર્ષાશે. આ પગલું લેવાથી ઉચ્ચ શિક્ષણમાં એકંદર પ્રવેશના ગુણોત્તરમાં પણ સુધારો થશે.

**ઉચ્ચ શિક્ષણની નિકાસ:** દેશમાં ભણતા અને દેશ બહાર ભણવા જતા વિદ્યાર્થીઓ વચ્ચે એક સ્પષ્ટ અસમતુલા નજરે પડે છે, જેના કારણે વધુ ખર્ચ થવાની સાથે-સાથે બુદ્ધિ ધન પરદેશ ચાલ્યું જાય છે. ભણવા માટે આવતા વિદેશી વિદ્યાર્થીઓનું પ્રમાણ વધારવા માટે વર્તમાન બજેટમાં ઈન્ડ-સેટ




(Ind-SAT)ની પહેલ હાથ ધરવાની દરખાસ્ત કરવામાં આવી છે, જે એશિયન અને આફ્રિકન દેશોમાં 'સ્ટડી ઈન ઈન્ડિયા' પ્રોગ્રામ હેઠળ હાથ ધરવામાં આવશે. નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ના સુધારેલા રૂ.૩૨ કરોડના અંદાજની તુલનામાં નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં 'સ્ટડી ઈન ઈન્ડિયા' કાર્યક્રમ માટે રૂ.૬૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

**ધિરાણમાં સુધારો:** અંદાજપત્રમાં આ ક્ષેત્રે એક્સ્ટર્નલ કોમર્શિયલ બોરોઈંગ્સ (ECBs) અને સીધા વિદેશી મૂડીરોકાણ (FDI) માટેની દરખાસ્ત કરવામાં આવી છે કે જેથી ઉચ્ચ ગુણવત્તા ધરાવતું શિક્ષણ પૂરું પાડી શકાય. આવી વ્યવસ્થા ઈનોવેશન તથા સંશોધન અને વિકાસ કામગીરીને ગેપ ફંડિંગનો સપોર્ટ પૂરો પાડીને પણ કરી શકાય.

**તાલીમ:** વર્તમાન બજેટમાં મહત્ત્વનાં ક્ષેત્રોમાં વિશેષ તાલીમ ઓફર કરીને ક્ષમતાની જે ઊણપ છે તે પૂર્ણ કરવા તરફ વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. બજેટ દ્વારા નેશનલ પોલીસ યુનિવર્સિટી અને નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની સ્થાપના માટેની દરખાસ્ત કરીને એક અનોખો અભિગમ અપનાવવામાં આવ્યો છે. તબીબી વ્યવસાયીઓની અછત હલ કરવા માટે અંદાજપત્રમાં મેડિકલ કોલેજોને પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપથી જોડવા માટે દરખાસ્ત કરવામાં આવી છે. રાજ્ય સરકારને આ પહેલમાં જોડાવા માટે પ્રોત્સાહિત કરવા વર્તમાન બજેટમાં વાયેબિલિટી ગેપ ફંડિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. આરોગ્ય અને કૌશલ્ય વિકાસ મંત્રાલય જેવી વ્યવસાયી સંસ્થાઓને સાથે લઈ વિશિષ્ટ તાલીમ

પેકેજિસ તૈયાર કરીને બ્રિજ કોર્સ ડિઝાઈન કરવાનું સૂચન કરવામાં આવ્યું છે.

**રોજગારપાત્રતામાં વધારોઃ** નેશનલ સ્કિલ પોલિસી-૨૦૧૫ દ્વારા કૌશલ્ય વિકાસને નોંધપાત્ર પ્રમાણમાં વેગ આપવામાં આવ્યો છે. બજેટમાં એપ્રેન્ટીન્સિશિપ સાથે જોડાયેલા ડીગ્રી/ ડિપ્લોમા અભ્યાસક્રમ આશરે ૧૫૦ જેટલી ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં શરૂ કરવાની દરખાસ્ત કરવામાં આવી છે. આ રીતે સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ પોતાને કૌશલ્ય અને સ્પર્ધાત્મકતાથી સજ્જ બનાવીને પોતાને નોકરી માટે સજ્જ કરી શકે છે. આના કારણે કોર્પોરેટ ક્ષેત્રને રોજગારપાત્ર યુવાનોનો સમૂહ ઉપલબ્ધ કરવામાં વધારો થશે.

બજેટમાં એન્જિનિયરીંગના વિદ્યાર્થીઓને શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ સાથે એક વર્ષના ગાળા માટે જોડીને ઈન્ટર્નશિપ પ્રોગ્રામ માટે પણ દરખાસ્ત કરવામાં આવી છે. સ્થાનિક સ્વરાજ્યની શહેરી સંસ્થાઓ પ્રધાનમંત્રીનું મિનિમમ ગવર્નમેન્ટ પણ મેક્સિમમ ગવર્નન્સનું સૂત્ર સાકાર કરવાની દિશામાં કામ કરીને સહયોગ આપશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. આ ઉપરાંત સ્થાનિક સ્વરાજ્યની શહેરી સંસ્થાઓમાં એન્જિનિયરીંગના ફ્રેશ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવાથી શહેરી વિસ્તારોમાં ઈનોવેશન અને ગુણવત્તાયુક્ત સર્વિસ પૂરી પાડવામાં સહાય થશે.

**સારાંશઃ**

ભારત યુવાનોની મહત્તમ સંખ્યા ધરાવે છે તે બાબતને ધ્યાનમાં લઈ કેન્દ્ર સરકારના બજેટમાં ગુણવત્તા સુધારણા અને ઉત્કૃષ્ટતા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. બજેટના ખર્ચમાં વધારો કરવાથી સિસ્ટમના સ્તરે નિર્દેશકો એટલે કે શાળાનું કદ, શાળાના ધોરણનું મૂલ્યાંકન અને શિક્ષકોના સતત વ્યાવસાયિક વિકાસ જેવા નિર્દેશકોમાં સુધારો થશે. બજેટ મારફતે કરાતા ખર્ચ ઉપરાંત સરકાર ભવિષ્યમાં જે દરમિયાનગીરી કરવાની છે તેમાં ભણતરનાં પરિણામ સુધરે તે બાબત પર પણ ધ્યાન રાખવામાં આવશે. આ ઉપરાંત અગાઉના બજેટમાં પણ શિક્ષણની ગુણવત્તા સુધારવા માટેની કટિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી. આ બજેટ નિર્ણય કરવામાં વધુ સારી પારદર્શકતા માટેનો માર્ગ મોકળો કરશે તેવી અપેક્ષા છે.

આથી આગળ વધીને સસ્ટેનેબલ ડેવલપમેન્ટના ગોલ (SDGs) પ્રાપ્ત કરવા માટે શાળાએ જતા બાળકોમાં પૂરક કૌશલ્ય અને ક્ષમતાવિકાસ માટે મજબૂતપણે ભાર મૂકવાની જરૂર છે. સ્પષ્ટપણે અભ્યાસક્રમમાં સુધારા ઉપરાંત સ્ટેટ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (SCERT)/ ડિરેક્ટોરેટ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (DERT) જેવા મહત્ત્વના સહયોગીઓના ક્ષમતા નિર્માણ માટે સ્પષ્ટપણે જોગવાઈ કરી શિક્ષકોને શિક્ષણ આપતો સમુદાય ઊભો કરવાની જરૂર છે. આ બધું માનવ વિકાસના સમગ્રલક્ષી અને દૂરગામી રૂપાંતર માટે મહત્ત્વનું બની રહે છે.

હાયર એજ્યુકેશન ફંડિંગ એજન્સી (HEFA) અંગે અગાઉના બજેટમાં રજૂઆત કરવામાં આવી હતી તે એક આવકારદાયક પગલું હતું. આમ છતાં ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ માટે લેવલ પ્લેઈંગ ફિલ્ડ ઊભું કરવાની તાકીદની જરૂરિયાત છે. આ ઉપરાંત ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે સતત વધતી જતી અસમાનતાઓ સામે લડત આપી શકાય તે માટે સ્ટેટ યુનિવર્સિટીઓ માટે એક ક્વોલિટી એક્સેલન્સ ફંડ રજૂ કરવાની જરૂરિયાત છે. બજેટમાં શિક્ષણ ક્ષેત્રની જે અપેક્ષાઓ છે તેમાં માત્ર શાળાકીય શિક્ષણના ખર્ચમાં વધારો કે ઉચ્ચ શિક્ષણમાં અસમાનતા ઘટાડવી અને મધ્યાહ્ન ભોજન યોજનાઓને મહત્તમ સહાય આપવી એનામાં સીમિત નથી, પરંતુ સમગ્રપણે વ્યવસ્થાને મજબૂત બનાવવાની જરૂર છે અને એવું થશે તો ભારતીય યુવાનોની અપેક્ષાઓને પાંખો મળશે.




શલેન્દર શર્મા નવી દિલ્હી ખાતે IPE ગ્લોબલમાં શિક્ષણ અને કૌશલ્ય વિકાસના ડાયરેક્ટર છે.

ઈ-મેલઃ
s.sharma@ipeglobal.com .

શશીરંજન જહા નવી દિલ્હી ખાતે IPE ગ્લોબલમાં શિક્ષણ અને કૌશલ્ય વિકાસના એસોસિએટ ડાયરેક્ટર છે.

ઈ-મેલઃ
sjha@ipeglobal.com

# કૌશલ્ય, રોજગારી અને માનવસંસાધન વિકાસ : અંદાજપત્રના મુખ્ય સ્તંભ

**દિલીપ ચેનોય**

નાણાં મંત્રી નિર્મલા સીતારમણે અંદાજપત્ર સંસદમાં રજૂ કરતા કહ્યું હતું કે, ''વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારત દુનિયામાં સૌથી વધુ કામ કરી શકે એવી વ્યક્તિઓ ધરાવતો દેશ બની જશે. આ વ્યક્તિઓને સાક્ષરતાની સાથે રોજગારી અને જીવન સાથે સંબંધિત કુશળતાઓની જરૂર છે. એટલે શિક્ષણની નીતિને લઈને રાજ્યોનાં શિક્ષણ મંત્રીઓ, સાંસદો અને અન્ય પક્ષો સાથે સંવાદ ચાલુ છે. ૨ લાખથી વધારે સૂચનો મળ્યાં હતાં. નવી શિક્ષણ નીતિની જાહેરાત ટૂંક સમયમાં થશે.''

શિક્ષણ નીતિ શાળાલક્ષી અભ્યાસમાં મોટા પાયે કૌશલ્યને પુનઃવિકસાવવા માટેની ઇકોસિસ્ટમને વણી લેવામાં આવશે એવી અપેક્ષા છે. જ્યારે વિકસિત દેશોમાં છેલ્લાં થોડા સમયથી આ પદ્ધતિ અપનાવવામાં આવી છે, ત્યારે ભારત એને અપનાવવાની ઝડપ અને એના વ્યાપ એમ બંને દ્રષ્ટિએ પાછળ છે. તાલીમ માટેની જરૂરિયાત પર ધ્યાન કેન્દ્રિત કરીને નાણાં મંત્રીએ નવી પહેલની જાહેરાત કરી હતી:

(૧) ૧૫૦ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ માર્ચ-૨૦૨૧ સુધીમાં તાલીમ સાથે ડિગ્રી/ડિપ્લોમા અભ્યાસક્રમ શરૂ કરશે.


(૨) દેશની અંદર તાલીમને વધારવા એક કાર્યક્રમની શરૂઆત કરવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે, જેમાં આખા દેશમાં શહેરી સ્થાનિક સંસ્થાઓ એક વર્ષના ગાળા માટે નવા ઇજનેરોને ઇન્ટર્નશિપ પ્રદાન કરશે.

(૩) માળખાગત પ્રોજેક્ટ માટે પ્રોજેક્ટની તૈયારી કરવાની સુવિધામાં યુવાન ઇજનેરો, મેનેજમેન્ટ સ્નાતકો અને યુનિવર્સિટીઓમાંથી અર્થશાસ્ત્રીઓ સક્રિયપણે સામેલ થશે. વળી, સરકારની માળખાગત સંસ્થાઓ નાગરિકો માટે ગુણવત્તાયુક્ત સરકારી માળખામાં મૂલ્ય સંવર્ધિત સેવાઓ શરૂ કરવામાં મદદ કરવા સ્ટાર્ટ-અપમાં યુવાનોને જોડશે.

(૪) મત્સ્યઉછેર ક્ષેત્રમાં સરકાર ૩,૪૭૭ સાગર મિત્રો દ્વારા મત્સ્ય ઉદ્યોગના વિસ્તરણમાં યુવાનોને જોડશે.

ચોક્કસ ક્ષેત્રની કુશળતાઓની જરૂરિયાતો પૂર્ણ કરવા આ સ્થાપિત કરવાની દરખાસ્ત છે:

- નેશનલ પોલીસ યુનિવર્સિટી અને નેશનલ ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી.
- સરકારી ખાનગી ભાગીદારીની પદ્ધતિમાં હાલની જિલ્લા હોસ્પિટલમાં એક મેડિકલ કોલેજ.





નાણાં મંત્રીએ એવો ઉલ્લેખ પણ કર્યો હતો કે, "માળખાગત સુવિધાના નિર્માણ, સંચાલન અને જાળવણીમાં ભારતીય યુવાનો માટે મોટા પાયે રોજગારીની તકો છે. નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ એજન્સી માળખાગત ક્ષેત્ર પર કેન્દ્રિત કૌશલ્ય વિકાસની તકો પર વિશેષ ભાર આપશે."

સ્કિલ એક્વિઝિશન એન્ડ નોલેજ અવેરનેસ ફોર લાઈવ્લિહૂડ પ્રમોશન (SANKALP) અને સ્કિલ સ્ટ્રેન્ધનિંગ ફોર ઈન્ડસ્ટ્રિયલ વેલ્યૂ એન્હાન્સમેન્ટ (STRIVE) માટે અનુક્રમે રૂ. ૫૦૦ કરોડ અને રૂ. ૪૦૦ કરોડની ફાળવણી કરવામાં આવશે, જે પણ મહત્ત્વપૂર્ણ પહેલ છે. આ બંને યોજનાઓ અંતર્ગત રોજગારલક્ષી તાલીમમાં ઔદ્યોગિક સંગઠનને પ્રોત્સાહન આપવા ઉપરાંત કૌશલ્યની તાલીમનો સમન્વય, એનું સંચાલન અને નિયમન થશે. આ પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના (PMKVY) કાર્યક્રમને જાળવી રાખવા માટે વધારાનો ખર્ચ છે. એની પાછળનો મૂળભૂત વિચાર આખા દેશમાં વિવિધ સ્તરે પ્રયાસોનું પુનરાવર્તન ટાળવાનો છે, જેથી આ યોજનાની અસર સારી થાય.

STRIVE યોજનાનો ઉદ્દેશ સ્ટેટ સ્કિલ ડેવલપમેન્ટ મિશન્સ (SSDMs), નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NSDC), સેક્ટર સ્કિલ કાઉન્સિલ્સ (SSCs), નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ એજન્સી (NSDA)ને મજબૂત કરવા ગુણવત્તાયુક્ત કૌશલ્ય વિકાસ તાલીમ માટે અસરકારક વ્યવસ્થા વિકસાવવાનો છે. આ બંને યોજનાઓ આખા દેશમાં નેશનલ સ્કિલ્સ ક્વોલિફિકેશન ફ્રેમવર્ક (NSQF)ને પ્રેરકબળ પૂરું પાડશે, જે


- ચોક્કસ ક્ષમતા ધરાવતી મોટી હોસ્પિટલોમાં નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન અંતર્ગત રહેવાસી ડૉક્ટર્સ ડિપ્લોમા ટુ નેશનલ બોર્ડ (ડીએનબી) અને ફેલો ઓફ નેશનલ બોર્ડ (એફએનબી) શરૂ કરવાનો વિચાર પણ રજૂ કરવામાં આવ્યો છે.

નાણાં મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, "વિદેશમાં શિક્ષકો, નર્સો, પેરા-મેડિકલ સ્ટાફ અને કેર-ગિવર્સ માટેની મોટી માંગ છે, જોકે ઘણી વાર આ કુશળતાઓ કંપનીનાં ધારાધોરણોને અનુકૂળ હોતી નથી એટલે આ પ્રકારની કુશળતાઓમાં સુધારો કરવાની જરૂર છે. હું દરખાસ્ત રજૂ કરું છું કે આરોગ્ય અને કૌશલ્ય વિકાસ મંત્રાલય દ્વારા વ્યાવસાયિક સંસ્થાઓ સાથે સંયુક્તપણે આ જરૂરિયાતો પૂર્ણ કરવા માટે સેતુરૂપ બને એવા અભ્યાસક્રમો વિકસાવવામાં આવે, જેનાથી કંપનીઓને ઉચિત કુશળ કર્મચારીઓ મળે. વિવિધ દેશોમાં ભાષાલક્ષી જરૂરિયાતો પણ હોય છે." આ ભારતને દુનિયામાં વિવિધ પ્રકારના કૌશલ્યનું કેન્દ્ર બનાવવાની સરકારની નીતિને સુસંગત છે. અન્ય એક નવી પહેલ માળખાગત ક્ષેત્ર પર વિશેષ ભાર મૂકવાની છે, જેના કેન્દ્રમાં કૌશલ્ય વિકાસની તકો છે.

પ્રધાનમંત્રીએ આગામી ૫ વર્ષમાં માળખાગત ક્ષેત્રમાં રૂ. ૧૦૦ લાખ કરોડનું રોકાણ થશે એવી જાહેરાત કરી છે. નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈનના સાથ-સહકાર સાથે હાઉસિંગ, પીવાનું શુદ્ધ પાણી, સ્વચ્છ અને વાજબી ઊર્જાની સુલભતા, તમામ માટે હેલ્થ-કેર, આંતરરાષ્ટ્રીય સ્તરની શૈક્ષણિક સંસ્થાઓ, આધુનિક રેલવે સ્ટેશનો, એરપોર્ટ, બસ ટર્મિનલ, મેટ્રો અને રેલવે પરિવહન, લોજિસ્ટિક અને વેરહાઉસિંગ, સિંચાઈ પ્રોજેક્ટ્સ સાથે સંકળાયેલા ૬,૫૦૦ પ્રોજેક્ટને આવરી લેવામાં આવ્યાં છે – આ તમામ પ્રકારના માળખાગત વિકાસના પ્રોજેક્ટમાં મોટા પાયે કુશળ માનવબળની જરૂર ઊભી થશે.

કૌશલ્ય પ્રદાન કરવા, કન્ટેન્ટ અને પરિણામના પ્રમાણીકરણ તરફ દોરી જશે. બજેટમાં વિદેશી ધિરાણ પર મૂડીકરણ માટે નાણાકીય સહાય પદ્ધતિને સુધારવા માટે વાત કરવામાં આવી છે, જે વિદેશી સંસ્થાઓ અને વિદ્યાર્થીઓને આકર્ષવા માટે જરૂરી છે તેમજ શિક્ષણ અને તાલીમનાં ધારાધોરણો સુધારવા માટે અતિ જરૂરી છે.

નાણાં મંત્રીએ કહ્યું હતું કે, "એ અનુભવાય છે કે આપણી શિક્ષણ વ્યવસ્થામાં પ્રતિભાશાળી શિક્ષકો આકર્ષવા, એમના નવીનીકરણ લાવવા અને શ્રેષ્ઠ પ્રયોગશાળાઓનું નિર્માણ કરવા વધારે ધિરાણની જરૂર છે એટલે બાહ્ય વાણિજ્યિક ઋણ અને પ્રત્યક્ષ વિદેશી રોકાણ (FDI) આકર્ષવા સક્ષમ બનવા માટે પગલાં લેવામાં આવશે, જેથી ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરી શકાય." જ્યારે મંત્રીએ જણાવ્યું હતું કે સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે શિક્ષણ ક્ષેત્ર માટે રૂ. ૯૯,૩૦૦ કરોડ પ્રદાન કર્યા છે અને આશરે રૂ. ૩,૦૦૦ કરોડ કૌશલ્ય વિકાસ માટે ફાળવ્યા છે પણ કૌશલ્ય કાર્યક્રમો આખા દેશમાં ચાલે છે એટલે વાસ્તવિક રકમ વધારે છે. ગ્રામીણ વિકાસ મંત્રાલય અંતર્ગત કાર્યક્રમ પ્રધાનમંત્રી રાષ્ટ્રીય આજીવિકા અભિયાન માટે રૂ. ૯,૨૧૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે તથા કૌશલ્ય વિકાસ માટે હાઉસિંગ અને શહેરી બાબતો માટે અલગથી ફાળવણી કરવાનું ચાલુ રહેશે. કાપડ મંત્રાલય અંતર્ગત ઇન્ટિગ્રેટેડ સ્કીમ ફોર ટેક્સટાઇલ ડેવલપમેન્ટ માટે ફાળવણી રૂ. ૧૦૦ કરોડથી વધારીને રૂ. ૧૫૦ કરોડ કરવામાં આવી છે, જે અર્થતંત્રમાં આ ક્ષેત્રનું મહત્ત્વ સૂચવે છે.



અપગ્રેડિંગ સ્કિલ્સ એન્ડ ટ્રેનિંગ ઈન ટ્રેડિશનલ આર્ટ્સ/ક્રાફ્ટ્સ ફોર ડેવલપમેન્ટ (USTTAD) સહિત લઘુમતી બાબતોના મંત્રાલય માટે રૂ. ૬૦૦ કરોડથી વધારેની ફાળવણી પણ ચાલુ રહી છે. પ્રવાસન ક્ષેત્ર માટે રૂ. ૧૩૦ કરોડ સહિત અન્ય કેટલીક વધારે ફાળવણી કરવામાં આવી છે. ડિજિટલ ઈન્ડિયાની પહેલને સુસંગત ડિજિટલ સાક્ષરતા કાર્યક્રમનો વ્યાપ વધારવામાં આવ્યો છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ક્વોન્ટમ કમ્પ્યૂટિંગ માટે રૂ. ૮,૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે, જેનાથી નવા અર્થતંત્ર માટે મોટી સંખ્યામાં પ્રતિભાશાળી લોકો તૈયાર થશે. નાણાં મંત્રીએ બજેટમાં શિક્ષણ અને કૌશલ્ય વિકાસનાં તમામ ક્ષેત્રને આવરી લીધાં છે - આ સુધારાની શરૂઆત કરવા સંપૂર્ણ અભિગમ સાથે પાયાના સ્તરે અમલ શરૂ થશે - એની શ્રેષ્ઠ બાબત એ છે કે શિક્ષણ અને કૌશલ્ય વિકાસ ક્ષેત્રિય વૃદ્ધિની વ્યૂહરચનાનું અભિન્ન અંગ છે.

ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (FICCI)ની ઉચ્ચ શિક્ષણ સમિતિની ૧૫મી બેઠકમાં કહ્યું હતું કે, "ભવિષ્યની દુનિયા જાણકારી, મશીન ઈન્ટેલિજન્સ અને ડિજિટલ માર્ગો દ્વારા સંચાલિત હશે. આ પરિવર્તન માટે પોતાને તૈયાર કરવા અને એની અમર્યાદિત તકોનો ઉપયોગ કરવા આપણે નવા અભ્યાસક્રમ સાથે આપણા ઉચ્ચ શિક્ષણનું માળખું નવેસરથી વિકસાવીશું અને આ માટે ઊંડો સંશોધનલક્ષી અભિગમ અપનાવીશું. આપણા અભ્યાસક્રમમાં વિચારધારા અને નવીનતાને પ્રોત્સાહન આપવું પડશે. ભારત દુનિયામાં વૈજ્ઞાનિક માનવીય સંસાધનની દૃષ્ટિએ ત્રીજો મોટો દેશ છે. જો આપણે શિક્ષણ-ઉદ્યોગ અને લિન્કેજિસ સ્થાપિત કરીશું તો આપણે ભારતને દુનિયાની સંશોધન અને વિકાસની રાજધાની બનવાની સંભવિતતા ધરાવીએ છે." દેશની વૃદ્ધિને વેગ આપવા વિકસતી જરૂરિયાતો પર આધારિત મજબૂત શિક્ષણ અને કૌશલ્ય વિકાસનું માળખું વિકસાવવું આવશ્યક છે, જે દેશના અર્થતંત્રને ૫ ટ્રિલિયન ડોલરનું બનાવવાના લક્ષ્યાંકને પૂર્ણ કરવા તરફ દોરી જશે. નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે બજેટે આ દિશામાં મહત્ત્વપૂર્ણ હરણફાળ ભરી છે.


લેખક ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (FICCI)ના મહાસચિવ છે.

ઈ-મેલ:
dilip.chenoy@ficci.com

# ખેડૂતોની સમૃદ્ધિ માટેનો એક્શન પ્લાન


ડૉ. જગદીપ સક્સેના

નાણાં મંત્રી નિર્મલા સીતારમણને તેમના બજેટ ભાષણમાં 'આકાંક્ષિત ભારત'ના વ્યાપક વિષય ઉપર 'ખેતી, સિંચાઈ અને ગ્રામીણ વિકાસ' અંગેનાં કાર્યક્રમ અને આયોજન રજૂ કર્યાં છે. આ બજેટ ભારતના અર્થતંત્ર અને મહત્ત્વપૂર્ણ રીતે રાષ્ટ્રીય આહાર સુરક્ષામાં કેન્દ્રસ્થાને રહેલા કરોડો ભારતીય ખેડૂતોની આકાંક્ષાઓ સાકાર કરવાનો ઉદ્દેશ ધરાવે છે. ભારત સરકારે વર્ષ ૨૦૧૬માં એક મજબૂત નિર્ધાર વ્યક્ત કર્યો હતો કે વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવામાં આવશે. એના અનુસરણ તરીકે અનેક નવી યોજનાઓ આવી, જેમાં આવક વધારવામાં સહયોગ, લઘુતમ ટેકાના ભાવ (એમએસપી)માં વધારો, પાક વીમો, પાકમાં વૈવિધ્યકરણ, ફૂડ પ્રોસેસિંગ, માર્કેટિંગ અને મત્સ્યોદ્યોગ સહિત પશુપાલન ક્ષેત્રને મોટા પાયે વેગ આપવાનો સમાવેશ થાય છે. એથી આગળ વધીને તેમના અંદાજપત્રમાં ખેતરોને સિંચાઈ, સંગ્રહ, નાણાકીય સહાય, પ્રોસેસિંગ અને માર્કેટિંગ વગેરે માટેની દરખાસ્તનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. નાણાં મંત્રીએ ખેડૂતોના કલ્યાણ માટે આવશ્યક એવી વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ સહિત ૧૬ મુદ્દાના એક્શન પ્લાન અને પગલાંની પણ બજેટમાં જાહેરાત કરી છે.


### સુધારા અને સાધનો

તાજેતરમાં કેન્દ્ર સરકારે વિવિધ માર્ગો વડે કૃષિ ક્ષેત્રે નબળી સ્થિતિ હલ કરવા માટે સુધારા કરીને ઘણા બધા કાયદા ઘડયા છે. દાખલા તરીકેઃ

- મોડલ એગ્રિકલ્ચરલ લેન્ડ લિઝિંગ એક્ટ, ૨૦૧૬ કે જે જમીનવિહોણા ખેડૂતોને સ્ટાન્ડર્ડ સ્થિતિમાં જમીન ભાડે આપવાની સુવિધા કરી આપે છે.
- મોડલ એગ્રિકલ્ચરલ પ્રોડ્યુસ એન્ડ લાઈવસ્ટોક માર્કેટિંગ (પ્રમોશન એન્ડ ફેસિલિટેશન) એક્ટ, ૨૦૧૭ કે જેમાં ખેતપેદાશો અને પશુઓના વેચાણ માટે આંતરરાજ્ય સરહદના અવરોધો દૂર કરવામાં આવ્યા છે કે જેથી ખેડૂતો તેમની પેદાશોની ઉત્તમ કિંમતો પ્રાપ્ત કરી શકે.
- મોડલ એગ્રિકલ્ચરલ પ્રોડ્યુસ એન્ડ લાઈવસ્ટોક કોન્ટ્રાક્ટ ફાર્મિંગ એન્ડ



સર્વિસીસ પ્રમોશન એન્ડ ફેસિલિટેશન) એક્ટ, ૨૦૧૮, ખેડૂતોને જથ્થાબંધ ખરીદી કરનારાઓ (નિકાસકારો, ખેત ઉદ્યોગો વગેરે) સાથે વેચાણ સંકલિત કરી વધુ સારા ભાવ મેળવી શકે તે હેતુથી જોડવામાં આવ્યો છે.




આમ છતાં કેટલાંક રાજ્ય આ કાયદાઓના અમલીકરણમાં ધીમાં રહ્યાં છે. કેન્દ્ર સરકાર હવે પૂરતા સહયોગ અને સહાય વડે આવાં રાજ્યને પ્રોત્સાહન આપી રહી છે. સંસાધનોના વ્યવસ્થાપન તરફ આગળ વધીએ તો સરકાર પાણીની તંગી ધરાવતા ૧૦૦ જિલ્લામાં ઘનિષ્ઠ પગલાં હાથ ધરી રહી છે, જેથી પાકની ઉત્પાદકતા વધારવામાં પાણી મર્યાદા ઊભું કરતું પરિબળ બની શકે નહીં. વર્ષ ૨૦૧૫માં શરૂ કરવામાં આવેલી પ્રધાન મંત્રી કૃષિ સિંચાઈ યોજના હાલમાં પણ ચાલુ છે, જે સિંચાઈની સપ્લાય ચેઈનને એક છેડાથી માંડીને બીજા છેડા સુધીના ઉપાય પૂરા પાડે છે. ખેતરના સ્તરે પાણીના વપરાશની કાર્યક્ષમતાનો વધારો કરવા માટે એક સમર્પિત માઈક્રો ઈરિગેશન ફંડ (શરૂઆતનું ભંડોળ રૂ.૫,૦૦૦ કરોડ) વડે રાજ્યને નાણાકીય સહયોગ પૂરો પાડીને તેનો વ્યાપ વધારવામાં સુવિધા પૂરી પાડી રહ્યું છે. આથી ટૂંક સમયમાં જ 'હર ખેત કો પાની' એક જમીની વાસ્તવિકતા બની રહેશે.

જમીનના કથળતા આરોગ્ય ઉપર નિયંત્રણ માટે તથા તેની ફળદ્રૂપતા જાળવી રાખવા માટે સરકાર પરંપરાગત ઓર્ગેનિક અને અન્ય નવા ખાતર સહિત તમામ પ્રકારના ખાતરનો સમતોલ વપરાશ થાય તે માટે પ્રોત્સાહન પૂરું પાડી રહી છે. હાલમાં મુખ્યત્વે સબસિડીના કારણે ખેડૂતો રાસાયણિક ખાતરનો અતિશય પ્રમાણમાં ઉપયોગ કરીને જમીનનું આરોગ્ય, માનવ આરોગ્ય અને પર્યાવરણને જોખમમાં મૂકી રહ્યા છે. આ ઉપરાંત સરકાર ખાતર ઉત્પાદકોને મોટી રકમની સબસિડી આપી રહી છે તેને પણ અંકુશમાં રાખવાની જરૂર છે. વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન સરકારે વિવિધ પ્રકારનાં રાસાયણિક ખાતર અને સીટી કમ્પોસ્ટ માટે રૂ.૭૩,૪૦૦ કરોડની સબસિડી ચૂકવી હતી. ઝીરો બજેટ કુદરતી ખેતી કે જેની સરકારે વર્ષ ૨૦૧૯માં જાહેરાત કરી હતી તેનો બજેટમાં હકારાત્મક ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

### ખેતરો, ખેતી અને ઊર્જા

વર્ષ ૨૦૧૯માં સરકારે એક નવા પ્રકારની યોજના 'પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા એવમ્ ઉત્થાન મહાઅભિયાન' પીએમ-કુસુમ યોજના શરૂ કરી હતી, જેમાં ખેડૂતોને મૂલ્ય પ્રદાન કરતા (અન્ન દાતા) અને ઊર્જા પૂરી પાડનાર (ઊર્જા દાતા) તરીકે ઓળખાવવામાં આવ્યા હતા. આ યોજનાથી ખેડૂતનું ડીઝલ અને કેરોસીન ઉપરનું અવલંબન દૂર થયું હતું અને પંપ સેટને સૌર ઊર્જા સાથે જોડવામાં આવ્યા હતા, જેનાં પ્રોત્સાહક પરિણામ હાંસલ થતાં સરકાર હવે ૨૦ લાખ ખેડૂતોને સોલર પંપ સ્થાપવા માટે પ્રોત્સાહિત કરી રહી છે. આ યોજના હેઠળ ૧૫ લાખ ખેડૂતોને તેમના ગ્રીડ સાથે જોડાયેલા પંપ માટે પણ સહાય કરવામાં આવશે. નાણાં મંત્રીએ ખેડૂતો તેમની ઉજ્જડ કે પડતર જમીન ઉપર સોલર પાવર પ્લાન્ટ સ્થાપી શકે અને ગ્રીડને વેચાણ કરીને વધારાની આવક મેળવી શકે એવી યોજનાની પણ

જાહેરાત કરવામાં આવી છે.

ઈન્ટિગ્રેટેડ ફાર્મિંગ સિસ્ટમ્સ (આઈએફએસ) કે જેમાં વિવિધ પાક, પશુ અને પેટા એકમોનો સમન્વય કરવામાં આવ્યો છે તે યોજના ખેડૂતની આવક વધારવાનું એક અસરકારક પહેલ પુરવાર થઈ છે, પરંતુ અત્યાર સુધીમાં વિકસાવવામાં આવેલાં તમામ આઈએસએફ મોડલ સિંચાઈની સગવડ ધરાવતા વિસ્તારમાં જ હાથ ધરવામાં આવ્યાં છે. આથી સરકારે વરસાદી ખેતી ધરાવતા વિસ્તારમાં પણ ઈન્ટિગ્રેટેડ ફાર્મિંગ સિસ્ટમ્સ શરૂ કરી છે તે એક આવકારદાયક પગલું છે. વિવિધ પ્રકારના પાક લેવા, મધમાખી ઉછેર, સોલર પંપ, પાક લેવાનો ના હોય તેવી સિઝનમાં સૌર ઊર્જા ઉત્પાદન વગેરેને ઈન્ટિગ્રેટેડ ફાર્મિંગ સિસ્ટમ્સમાં સમાવેશ કરવામાં આવશે તેમ નાણાં મંત્રીએ જણાવ્યું હતું.

**સંગ્રહ, પરિવહન અને વેપાર**

ખેતપેદાશો માટે સંગ્રહ વ્યવસ્થા ઊભી કરવી તે કૃષિ ક્ષેત્ર માટે મહત્ત્વનું પ્રેરકબળ બની શકે તેમ છે. સતત પ્રયાસ ચાલુ રાખીને ભારતે ખેત વખારો, કોલ્ડ સ્ટોરેજ રિફર વાન (reefer van) સુવિધા વગેરેની અંદાજે ૧૬૨ મિલિયન મેટ્રિક ટન જેટલી સંગ્રહક્ષમતા ઊભી કરી છે, પરંતુ આ સુવિધાઓનો મહત્તમ અને કાર્યક્ષમ ઉપયોગ કરવા માટે હવે નેશનલ બેંક ફોર એગ્રિકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (નાબાર્ડ) હવે તેના નકશા અને જિયો-ટેગ (geo-tag)ની કામગીરી સંભાળશે.

સરકારે ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, સેન્ટ્રલ વેરહાઉસિંગ કોર્પોરેશન અને અન્ય સહયોગીઓનો સાથ લઈ સંગ્રહ વ્યવસ્થાના વિસ્તરણની જાહેરાત કરી છે. ‘‘સરકાર બ્લોક અથવા તાલુકા સ્તરે કાર્યક્ષમ ગોડાઉન ઊભાં કરવા માટે વાયેબિલિટી ગેપ ફંડિંગ પૂરું પાડશે. આવી વ્યવસ્થા એવાં સ્થળોએ ઊભી કરવામાં આવશે કે જ્યાં રાજ્ય જમીનની સગવડ આપે અને પબ્લિક-પ્રાઈવેટ-પાર્ટનરશિપના ધોરણે કામ હાથ ધરી શકાય’’ એવું નાણાં મંત્રીએ જણાવ્યું હતું. ખેતરના સ્તરે આવાં ગોડાઉનને સહયોગ આપવા માટે ગ્રામીણ સ્તરે એક યોજનાની દરખાસ્ત કરવામાં આવી છે, તેનું સંચાલન સ્વ-સહાય જૂથો મારફતે કરવામાં આવશે. આ સુવિધાના કારણે ખેડૂતોને ઓછામાં ઓછા લોજિસ્ટિક ખર્ચ વડે બહેતર વળતર મળે ત્યાં સુધી પોતાની ખેતપેદાશો પકડી રાખવામાં સહાય થશે.

ખેતીની પેદાશોના વેચાણમાં ખેડૂતોને રેફ્રિજરેટેડ સ્થિતિ વડે નાશવંત ચીજોના ઝડપી અને સલામત પરિવહન વ્યવસ્થા પૂરી પાડવી તે હંમેશાં એક પડકારજનક બાબત બની રહી છે. રેફ્રિજરેટેડ વાનનું નેટવર્ક ઉપલબ્ધ કરવાની સ્થિતિ મજબૂત થાય તેવાં વિવિધ પગલાં લેવામાં આવ્યાં છે, પરંતુ એક સમર્પિત રેલવે વ્યવસ્થા પૂરી પાડવાનું પગલું સપના સમાન બાબત બની રહ્યું છે. નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટમાં સરકારે નાશવંત ચીજો (દૂધ, માંસ અને માછલી સહિત) માટે વ્યાપક વ્યવસ્થા ઊભી કરવાની સાથે-સાથે ભારતીય રેલવે સાથે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ ગોઠવણના આધારે વ્યાપક કોલ્ડ સપ્લાય ચેઈનની વ્યવસ્થા કરવાની જાહેરાત કરી છે.

એક સમર્પિત ‘કિસાન રેલ’નો પ્રારંભ કરવામાં આવશે અને એક્સપ્રેસ તથા ફ્રેઈટ ટ્રેનમાં પણ રેફ્રિજરેટેટ કોચનો ઉમેરો કરવામાં આવશે. આ માટે ઝડપી પગલાં લેવાની જરૂર છે, કારણ કે ભારત વૈશ્વિક ધોરણોની તુલનામાં નાશવંત ચીજોમાં જંગી ખોટ કરી રહ્યું છે. ઉડ્ડયન મંત્રાલય નેશનલ અને ઈન્ટરનેશનલ રૂટ ઉપર ‘કૃષિ ઉડાન’ શરૂ કરીને, ખાસ કરીને ઉત્તર-પૂર્વ અને દૂર-દૂરના આદિવાસી જિલ્લામાં મૂલ્ય પ્રાપ્ત કરવાની સ્થિતિમાં સુધારો થાય તે માટે સહાય કરશે.

સરકાર માર્કેટિંગ અને નિકાસ માટે સહયોગ પૂરો પાડીને બાગાયતી ક્ષેત્ર (ફળો, શાકભાજી, ફૂલ, મસાલા વગેરે)ની વ્યાપારક્ષમતા ચકાસવા માટે આગ્રહ રાખી રહી છે. સરકારે એક ઘનિષ્ઠકૃષિ નિકાસનીતિ ઘડી કાઢી છે અને તેનો ઉદ્દેશ ખેતીની નિકાસ બમણી કરવાનો અને ભારતના ખેડૂતો તેમજ ખેતપેદાશોને ગ્લોબલ વેલ્યૂ ચેઈન સાથે સંકલિત કરવાનો છે. આ બજેટમાં જે રાજ્ય ‘વન પ્રોડક્ટ, વન ડિસ્ટ્રિક્ટ’ના અભિગમ પર ધ્યાન કેન્દ્રિત કરે તેમને સહયોગ આપવાની પણ દરખાસ્ત કરવામાં આવી છે. ઓર્ગેનિક ખેતપેદાશોના માર્કેટિંગ માટે સરકારે ઓનલાઈન નેશનલ ઓર્ગેનિક પ્રોડક્ટ માર્કેટની કામગીરી કરતા ‘જૈવિક ખેતી’ પોર્ટલને મજબૂત બનાવવાની જાહેરાત કરી છે.

**પશુપાલન અને આજીવિકા**

ડેરી, પશુપાલન અને મત્સ્યોદ્યોગ ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો માટે પશુપાલનની આવક કમાણી માટે એક મહત્ત્વનો પૂરક સ્રોત બની રહ્યું છે. તાજેતરમાં જે પ્રોત્સાહક પગલાં લેવાયાં છે તેના કારણે પશુપાલન ક્ષેત્રમાં છેલ્લાં

૫ વર્ષમાં ૭.૯%ના વાર્ષિક એકત્રિત વૃદ્ધિદરથી વિકાસ થઈ રહ્યો છે. ખરવાસા-મોવાસાનો રોગ અને બ્રૂસેલોસીસ જેવા રોગ નાબૂદ કરવા માટે નેશનલ એનિમલ ડિસીઝ કન્ટ્રોલ પ્રોગ્રામ (એનએડીસીપી)ની વર્ષ ૨૦૧૯માં શરૂઆત કરવામાં આવી હતી અને તેને ૫ વર્ષના ગાળા (૨૦૧૯થી ૨૦૨૪) માટે રૂ.૧૩,૩૪૩ કરોડનું ભંડોળ પૂરું પાડવામાં આવ્યું છે.

વર્ષ ૨૦૨૫ સુધીમાં ઘેટાં અને બકરાંને થતા પીપીઆર રોગને નાબૂદ કરવાના સમાવેશ સાથે આ કાર્યક્રમ ઉપર ઝોક દર્શાવવામાં આવ્યો છે. કૃત્રિમ વીર્યદાનનું પ્રમાણ, જે હાલમાં ૩૦% છે તેનો વ્યાપ વધારીને ૭૦% કરવાની દરખાસ્તને પરિણામે પશુ ઓલાદોની ઉત્પાદકતામાં સુધારો થશે. મહાત્મા ગાંધી નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ ગેરંટી સ્કીમ (મનરેગા) હેઠળ ઘાસચારાની ખેતીનાં ફાર્મ વિકસાવીને ગામડાંમાં લીલા ચારાની ઈચ્છિત ઉપલબ્ધિ પૂર્ણ કરી શકાશે. વર્ષ ૨૦૨૫ સુધીમાં દૂધના પ્રોસેસિંગની ક્ષમતા બમણી કરીને ૫૩.૫ મિલિયન ટન સુધી લઈ જવાનો લક્ષ્યાંક એ એક આવકારદાયક કદમ છે અને દેશભરના ડેરી ઉદ્યોગોએ તેની સરાહના કરી છે. આનાથી ડેરી ક્ષેત્રના ખેડૂતોની આવક વધારવામાં સહાય થશે.

બ્લૂ ઈકોનોમી (મત્સ્યોદ્યોગ)એ એક ઊભરતું ક્ષેત્ર છે, જેને ભારત સરકારનો સહયોગ અને પ્રોત્સાહન પ્રાપ્ત થઈ રહ્યું છે. નાણાં મંત્રીએ દરિયાના મત્સ્ય સ્રોતોના વિકાસ, વ્યવસ્થાપન અને જાળવણી અંગે માળખું ઘડી કાઢવાની જાહેરાત કરી છે. આ દિશામાં તાજેતરમાં જે પહેલ હાથ ધરવામાં આવી છે તેના પરિણામે ભારતમાં મત્સ્ય ઉત્પાદને તાજેતરમાં સરેરાશ વાર્ષિક ૭%નો વૃદ્ધિ દર હાંસલ કર્યો છે. મત્સ્યોદ્યોગને ભારતમાં હવે વિદેશી હૂંડિયામણની કમાણીમાં એક મહત્ત્વનું યોગદાન આપતું ક્ષેત્ર ગણવામાં આવે છે અને ભારતે વિશ્વમાં સી-ફૂડની નિકાસ કરવામાં અગ્રણી સ્થાન પ્રાપ્ત કર્યું છે.

નાણાં મંત્રીએ વર્ષ ૨૦૨૨-૨૩ સુધીમાં મત્સ્ય ઉત્પાદન વધારીને ૨૦૦ લાખ ટન કરવાની જાહેરાત કરી છે (વર્તમાન ઉત્પાદન આશરે ૧૪૦ લાખ ટન જેટલું છે). આ ઉપરાંત બજેટમાં કેજ-કલ્ચર મારફતે શેવાળ અને સી-વિડ ઉછેરવાની નવતર પ્રક્રિયાને પ્રોત્સાહન આપવા માટેની નિષ્ઠા વ્યક્ત કરાઈ છે. સરકાર વર્ષ ૨૦૨૪-૨૫ સુધીમાં મત્સ્ય નિકાસને રૂ. એક લાખ કરોડ સુધી પહોંચાડવાની અપેક્ષા રાખે છે અને ૩,૪૭૭ 'સાગર મિત્રા' અને ૫૦૦ 'ફિશ ફાર્મર્સ પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન્સ' મારફતે યુવાનોને આ કામગીરીની વિસ્તરણમાં સામેલ કરવા માગે છે. આનાથી સાગરકાંઠે વસતા યુવાનોમાં નોકરી અને આજીવિકાની તકોમાં વધારો થશે. ગ્રામીણ વિસ્તારોમાં દીનદયાળ અંત્યોદય યોજના હેઠળ ગરીબી નિવારણ અને સ્વ-સહાય જૂથોના વિસ્તરણ માટે મહત્ત્વાકાંક્ષી યોજના હાથ ધરવામાં આવે તેવી પણ અપેક્ષા છે. અત્યાર સુધીમાં ૫૮ લાખ સ્વ-સહાય જૂથો આ યોજના હેઠળ સક્રિય રીતે કામ કરી રહ્યાં છે.

**ધિરાણો અને ફાળવણી**

તાજેતરમાં નિગોશિયેબલ વેરહાઉસિંગ રિસીપ્ટ્સ હેઠળ ધિરાણોની રકમ રૂ.૬૦૦૦ કરોડનો આંક વટાવી ગઈ છે અને તેને ઈ-નેશનલ એગ્રિકલ્ચર માર્કેટ (ઈ-નામ) સાથે સંકલિત કરવાની દરખાસ્ત છે. ખેડૂતોના હિતમાં તેનું વધુ વિસ્તરણ કરવામાં આવશે. કૃષિ ધિરાણો વધુ ઉપલબ્ધ થાય અને પારદર્શક બની રહે તે માટે સરકાર સજ્જ છે. વર્ષ ૨૦૨૦-૨૧ માટે રૂ.૧૫ લાખ કરોડના ધિરાણનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે, જે ગયા નાણાંકીય વર્ષ દરમિયાન રૂ.૧૩.૫૦ લાખ કરોડ હતો. નાબાર્ડની રિફાયનાન્સ સ્કીમને પણ વધુ વિસ્તારવામાં આવશે અને તમામ પાત્ર લાભાર્થીઓને પીએમ-કિસાન યોજના હેઠળ લાવી કિસાન ક્રેડિટકાર્ડ હેઠળ આવરી લેવામાં આવશે.

નાણાં મંત્રીએ ખેતી, સિંચાઈ અને સંલગ્ન પ્રવૃત્તિઓ માટે વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ.૧.૬૦ લાખ કરોડ ફાળવવાની દરખાસ્ત કરી છે, જ્યારે ગ્રામીણ વિકાસ અને પંચાયતીરાજ હેઠળ રૂ.૧.૨૩ લાખ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આ બજેટ મારફતે સરકારનો ઉદ્દેશ ખેતીને વધુ સ્પર્ધાત્મક અને નફાકારક બનાવી ખેડૂતોની સમૃદ્ધિ માટેના યોગ્ય માર્ગ વડે વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાના ધ્યેયને પહોંચી વળવાનું લક્ષ હાંસલ કરવાનો છે.

લેખક ભારતીય કૃષિ સંશોધન પરિષદના ભૂતપૂર્વ મુખ્ય તંત્રી છે.

ઈ-મેલઃ
jagdeepsaxena@yahoo.com

# અંદાજપત્રમાં જાતિગત ફાળવણી અને વરિષ્ઠ નાગરિકો માટે જોગવાઈઓ

ડૉ. શાહીન રાઝી અને નૌશીન રાઝી

કેન્દ્રીય બજેટ ૨૦૨૦-૨૧ને અર્થતંત્રને વેગ આપવા અને સંકલિત પ્રગતિને પ્રોત્સાહન આપવા માટે શ્રેષ્ઠ બજેટ ગણાવી શકાય છે. ખાસ કરીને તેમાં ત્રણ મુદ્દા ઉપર વિશેષ ધ્યાન અપાયું છેઃ જીવનધોરણની ગુણવત્તામાં સુધારો, સૌના માટે આર્થિક વિકાસને પ્રોત્સાહન અને માનવીય તથા સહાનુભૂતિદર્શક સમાજનું નિર્માણ.

એવું કહેવામાં આવે છે કે જાતિગત સમાનતા, મહિલા સશક્તીકરણ અને વરિષ્ઠ નાગરિકોના કલ્યાણ વિના કોઇ પણ પ્રગતિ સાધવી શક્ય નથી. આ વાસ્તવિકતાને ધ્યાનમાં રાખતાં કેન્દ્રીય બજેટ ૨૦૨૦-૨૧ દ્વારા મહિલાઓની મહત્ત્વાકાંક્ષાઓ, કલ્યાણ અને સશક્તીકરણ તથા વરિષ્ઠ નાગરિકોના કલ્યાણ માટેની સરકારની ઉત્સાહવર્ધક ઈચ્છાશક્તિનું પ્રદર્શન કરવામાં આવ્યું છે.

### વિકાસ માટે મહિલાશક્તિનું સિંચન


સંકલિત વિકાસ એ બાબતની ખાતરી કરે છે કે હાંસિયામાં ધકેલાઈ ગયેલા અને નિષ્કાષિત કરવામાં આવેલ તમામ જૂથ એ વિકાસની પ્રક્રિયાઓના હિતધારક છે. યુનાઇટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ નોંધે છે કે અનેક જૂથ તેમની જાતિ, વંશ, ઉંમર, લિંગ, અસક્ષમતા અથવા ગરીબીના કારણે વિકાસની પ્રક્રિયાથી વંચિત રહી ગયાં છે. પરિણામે આ પ્રકારના બહિષ્કારના લીધે સમગ્ર વિશ્વમાં અસમાનતા જોવા મળે છે. જ્યાં સુધી તમામ જૂથ તકોનું નિર્માણ કરવામાં યોગદાન ના આપે, વિકાસના ફાયદાઓ ના વહેંચે અને નિર્ણય પ્રક્રિયામાં ભાગ ના લે ત્યાં સુધી વિકાસ એ ગરીબીને અસરકારક રીતે દૂર કરી શકે તેમ નથી. સંકલિત વિકાસનું લક્ષ્ય એક એવા સંકલિત સમાજને પ્રાપ્ત કરવાનું છે કે જે મતભેદોને સ્વીકારે અને વૈવિધ્યને માન આપે.

છેલ્લા ત્રણ દાયકાથી શહેરી અને ગ્રામીણ ક્ષેત્રમાં મહિલાઓ દ્વારા અનુભવવામાં આવતા પછાતપણા, ગરીબી અને સામાજિક બહિષ્કારનાં દુઃખોને દૂર કરવાની સાથે સંતુલિત વિકાસને સુરક્ષિત રાખવા માટે મહિલાઓની સમાનતા અને સશક્તીકરણ એ સરકારની પહેલમાં આગળની હરોળમાં રહ્યાં છે. આ પ્રક્રિયામાં વિકાસ માટે કામ કરતાં અનેક સંસ્થાન અને કાર્યકર્તાઓએ જાતિગત સમાનતા અને માત્ર વિકાસને પ્રોત્સાહિત કરવા માટે અનુકૂળ વ્યૂહરચના તરીકે સશક્તીકરણના ખ્યાલને વૈશ્વિક બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

### મહિલા સશક્તીકરણઃ એક ખ્યાલ

એ બાબતનો સ્વીકાર કરવો કે મહિલા સશક્તીકરણ એ એક એવી પ્રક્રિયા






છે કે જેમાં મહિલાઓ પોતાના જીવનને પ્રભાવિત કરનાર જવાબદાર સંસ્થામાં ભાગ લેવા, વાદ-વિવાદ કરવા, તેમને પ્રભાવિત કરવા અને ભાગ લેવા માટે પોતાની પસંદગી અને સ્વતંત્રતાને વધારે છે તે જ સાચી દિશામાં ભરવામાં આવેલ એક પગલું છે. આમ છતાં આ સશક્તીકરણ ત્યારે જ પ્રાપ્ત કરી શકાશે જયારે મહિલાઓ જાતિગત સશક્તીકરણને પ્રાપ્ત કરવા જેવું અર્થપૂર્ણ લક્ષ્ય સમજશે. તેના માટે મહિલાઓની શક્તિને ઉજાગર કરવાની, તેમની ક્ષમતાનો ઉપયોગ કરવાની અને તેમના દ્વારા નિર્ધારિત કરવામાં આવેલા આ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે કામ કરવા તેમને પ્રોત્સાહિત કરવાની જરૂર છે. જાતિગત સશક્તીકરણ નીતિઓ અને કાર્યક્રમોમાં જ્યાં આ પ્રકારના લક્ષ્યની શક્યતા છે તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવા માટે મહિલાઓના અવાજનો સમાવેશ અને સંસ્થાને કેન્દ્રીય પૂર્વ જરૂરિયાતો તરીકે સ્વીકારવી એ મુખ્ય માંગ છે (વિશ્વ બેંક-૨૦૧૪).

સશક્તીકરણ એ બહુઆયામી, બહુપરિમાણીય અને બહુસ્તરીય ખ્યાલ છે. મહિલાઓનું સશક્તીકરણ એ એક એવી પ્રક્રિયા છે કે જેમાં મહિલાઓ ભૌતિક, માનવીય અને બૌદ્ધિક સંસાધનો ઉપર પોતાનો વધુ અંકુશ પ્રાપ્ત કરે છે, જેમ કે જ્ઞાન માહિતી, વિચારો અને નાણાકીય સંસાધનો જેવાં કે રૂપિયા-પૈસા સુધીની પહોંચ અને ઘર-સમુદાય, સમાજ અને રાષ્ટ્રમાં નિર્ણય લેવામાં અને "સત્તા" પ્રાપ્ત કરવામાં તેમનો અંકુશ.

મહિલાઓને પોતાના જ ઘરમાં કંઈ બોલવાનો કોઈ અધિકાર નહોતો તેવી ભયંકર પરિસ્થિતિમાં છેલ્લા કેટલાક સમયથી ઘણું મોટું પરિવર્તન આવ્યું છે. આધુનિક મહિલાઓ હવે ઘરની ચાર દીવાલોમાં કેદ નથી. મહિલાઓ હવે દરેક રીતે પોતાનું મૂલ્ય સમજી રહી છે અને ઘર તથા કામના સ્થળે બંને જગ્યાએ જાતિગત સમાનતા અને ન્યાય માંગી રહી છે.

તેમણે લગભગ દરેક ક્ષેત્રમાં અવરોધોને તોડી નાખ્યા છે પછી તે ટેક્નોલોજી હોય, અવકાશ વિજ્ઞાન હોય, ખેલકૂદ હોય કે પછી સશસ્ત્ર દળ. શહેરી અને ગ્રામીણ બંને ભારતમાં લગભગ દર પાંચમી મહિલા વ્યવસાયિક છે.

## જીવન જીવવાની સરળતા માટે આયોજન

વધી રહેલા અર્થતંત્ર અને સામાજિક અસમાનતાને પહોંચી વળવા માટે સરકાર સામાજિક ક્ષેત્ર, ખાસ કરીને આરોગ્ય, શિક્ષણ અને સામાજિક સુરક્ષા ઉપર જે ખર્ચ કરી રહી છે તે ખૂબ અગત્યનો છે. કેન્દ્રીય બજેટ ૨૦૨૦-૨૧માં નાણા મંત્રી નિર્મલા સીતારમણે સ્પષ્ટપણે આ બાબત ઉપર ભાર મૂક્યો હતો અને તમામ નાગરિકો માટે જીવન જીવવાની સરળતા પ્રાપ્ત કરવા માટે "મહત્ત્વાકાંક્ષી ભારત", "આર્થિક વિકાસ" અને "કાળજી લેતો સમાજ" આ ત્રિપક્ષી લક્ષ્યાંક રજૂ કર્યો હતો.

## માતા અને બાળકની કાળજી લેવા માટે 'કેરિંગ ઈન્ડિયા'

માતાના મૃત્યુદરમાં ઘટાડો કરવાનાં પગલાં સૂચવવા માટે સરકારે એક કાર્યદળની રચના કરવાની જાહેરાત કરી હતી. આ કાર્યદળ પોતાનો અહેવાલ છ

મહિનાની અંદર જમા કરાવશે. કાર્યદળની જરૂરિયાત અંગે સમજાવતાં નાણાં મંત્રીએ જણાવ્યું હતું કે, "અગાઉના શારદા એક્ટ-૧૯૨૯માં સુધારો કરીને મહિલાઓની લગ્ન કરવાની ઉંમર પંદર વર્ષથી વધારીને ૧૯૭૮માં અઢાર વર્ષ કરવામાં આવી હતી. જેમ જેમ ભારત આગળ પ્રગતિ કરી રહ્યું છે તેમ તેમ મહિલાઓ માટે શિક્ષણ અને કારકિર્દી ઘડવાની તકો ખૂલી રહી છે. માતાના મૃત્યુદરમાં ઘટાડો કરવો અને સાથે તેમના પોષણના સ્તરમાં સુધારો કરવાની ખૂબ તાતી જરૂરિયાત છે. માતૃત્વમાં પ્રવેશ કરતી યુવતીઓનો સમગ્ર મુદ્દો આ દૃષ્ટિએ જોવાની જરૂર છે."

"કેરિંગ ઇન્ડિયા"ની બૃહદ થીમ અંતર્ગત મહિલાઓ અને બાળકોને વિભાજિત કરતાં નાણાં મંત્રીએ પોષણને લગતા કાર્યક્રમો માટે ૩૫,૬૦૦ કરોડ રૂપિયાની ફાળવણીની જાહેરાત કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે માતા અને બાળકનાં સ્વાસ્થ્ય એકબીજા સાથે નજીકથી સંકળાયેલ છે.

તેમણે ૨૦૧૭-૧૮માં શરૂ કરવામાં આવેલ "પોષણ અભિયાન"ના માધ્યમથી બાળકો (૦-૬ વર્ષના), કિશોરીઓ, સગર્ભા મહિલાઓ અને સ્તનપાન કરાવતી માતાઓના પોષણના સ્તરને સુધારવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે ૬ લાખ આંગણવાડીના કાર્યકર્તાઓ પાસે સ્માર્ટ ફોન છે કે જે ૧૦ કરોડથી વધુ પરિવારોના પોષણના સ્તરને અપલોડ કરવા માટે ઉપયોગમાં લેવાય છે.

તેમણે કહ્યું કે, "બેટી બચાવો, બેટી પઢાવો" યોજના અંતર્ગત જાગૃતિ નિર્માણ અને પહોંચનાં પરિણામો જોવા મળી રહ્યા છે. તેમણે કહ્યું કે શિક્ષણના તમામ સ્તર ઉપર છોકરીઓની સંખ્યાની સરેરાશ હવે છોકરાઓ કરતાં વધુ છે. પ્રાથમિક સ્તરે તે છોકરાઓના ૮૯.૨૯% ટકાની સરખામણીએ ૯૪.૩૨% છે. માધ્યમિક સ્તર પર તે છોકરાઓના ૭૮%ની સરખામણીએ ૮૧.૩૨% અને ઉચ્ચતર માધ્યમિક સ્તર પર છોકરાઓના ૫૭.૫૪%ની સરખામણીએ ૫૯.૭૦%નું સ્તર પ્રાપ્ત કર્યું છે.

**મહિલા અને બાળવિકાસ મંત્રાલય માટેની ફાળવણીમાં ૧૪% જેટલી વૃદ્ધિ**

બજેટમાં મહિલા અને બાળવિકાસ મંત્રાલય (ડબ્લ્યુસીડી)ને ૩૦,૦૦૭ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે, જે વર્તમાન વર્ષ કરતાં ૩૮૨૨ કરોડ રૂપિયા વધુ છે. સામાજિક સેવાઓ ક્ષેત્ર કે જેમાં પોષણ અને સામાજિક સુરક્ષા તથા કલ્યાણકાર્યોનો સમાવેશ થાય છે તેના માટે ફાળવવામાં આવેલ કુલ રકમ કે જે વર્ષ ૨૦૧૯-૨૦માં ૩૮૯૧.૭૧ કરોડ રૂપિયા હતી તે વધારીને ૨૦૨૦-૨૧માં ૪૦૩૬.૪૯ કરોડ રૂપિયા કરવામાં આવી છે. રાષ્ટ્રીય પોષણ અભિયાન અથવા પોષણ અભિયાન માટેનું બજેટ ૨૦૧૯-૨૦માં જે ૩૪૦૦ કરોડ રૂપિયા હતું તે વધીને ૨૦૨૦-૨૧માં ૩૭૦૦ કરોડ રૂપિયા કરવામાં આવ્યું છે.

પોષણ અભિયાન કે જે ૦-૬ વર્ષનાં બાળકોના જૂથમાં વિકાસમાં થતા અવરોધના સ્તરને ૨૦૨૨ સુધીમાં ૩૮.૪%થી ઘટાડીને ૨૫% સુધી કરવાનો લક્ષ્યાંક ધરાવે છે તે આ મંત્રાલયનું મુખ્ય કેન્દ્રીય લક્ષ્ય છે. 'વન સ્ટોપ સેન્ટર' યોજના માટે કરવામાં આવેલ ફાળવણીમાં જબરદસ્ત ઉછાળો જોવા મળ્યો છે કે જે ૨૦૧૯માં ૨૦૪ કરોડ રૂપિયા હતી તે વધીને ૨૦૨૦માં ૩૮૫ કરોડ રૂપિયા થઈ ગઈ છે. આ યોજના જાતીય શોષણ સહિતની હિંસાથી અસરગ્રસ્ત મહિલાઓને તબીબી સહાયતા, પોલીસ મદદ, કાયદાકીય સહાયતા અને મનોવૈજ્ઞાનિક સામાજિક પરામર્શ સહિતની અનેકવિધ સેવાઓ પૂરી પાડવા માટે સુવિધા આપવા તરફ લક્ષિત છે. બજેટમાં માતૃત્વ લાભ અને બાળસુરક્ષા સેવાઓ માટેના કેન્દ્રના કાર્યક્રમોમાં પણ વધારો જોવા મળ્યો છે.

માતૃત્વ લાભ કાર્યક્રમ પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના (પીએમએમવીવાય) માટેની ફાળવણી ૨૩૦૦ કરોડ રૂપિયાથી વધીને ૨૫૦૦ કરોડ રૂપિયા સુધીની થઈ ગઈ છે. આ કાર્યક્રમ અંતર્ગત ૬૦૦૦ કરોડ રૂપિયા ગર્ભવતી મહિલાઓ અને પ્રથમ વાર બાળકના જન્મ થયેલ સ્તનપાન કરાવતી માતાઓ માટે ફાળવવામાં આવ્યા છે.

સંકલિત બાળવિકાસ સેવાઓ અંતર્ગત બાળસુરક્ષા સેવાઓ માટેની ફાળવણી ૧૩૫૦ કરોડ રૂપિયાથી વધારીને ૧૫૦૦ કરોડ રૂપિયા સુધી કરવામાં આવી છે. આગામી નાણાકીય વર્ષ માટે ડબ્લ્યુસીડી મંત્રાલય માટે કુલ ૩૦,૦૦૭.૧૦ કરોડ રૂપિયાની ફાળવણી નક્કી કરવામાં આવી છે કે જે ગયા વર્ષે કરવામાં આવેલ ૨૬,૧૮૪.૫૦ કરોડ રૂપિયાની સરખામણીએ ૧૪%ની વૃદ્ધિ દર્શાવે છે. કુલ રકમનો મોટો હિસ્સો ૨૦,૫૩૨.૩૮ કરોડ રૂપિયા એ 'આંગણવાડી' સેવાઓ માટે સુરક્ષિત રાખવામાં આવ્યો છે.

'બેટી બચાવો બેટી પઢાવો'ને વર્તમાન નાણાકીય વર્ષમાં ૨૨૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. મહિલાશક્તિ કેન્દ્રો માટે કરવામાં આવેલ ફાળવણીને ૫૦ કરોડથી લગભગ બમણી કરીને ૧૦૦ કરોડ રૂપિયા કરી દેવામાં આવી છે. કેન્દ્ર દ્વારા પ્રાયોજિત યોજનાઓ માટેની કુલ ફાળવણી છેલ્લા નાણાકીય વર્ષની સરખામણીએ ૩૮૦૪ કરોડ રૂપિયાના વધારા સાથે ૨૯,૭૨૦.૩૮ કરોડ રૂપિયા કરવામાં આવી છે.

તમામ મહિલાને સુરક્ષા પૂરી પાડવાના મુદ્દા ઉપર ઉજ્જવલા કે જે ટ્રાફિકિંગની અટકાયત અને પીડિતોના બચાવ અને પુનર્વસનની યોજના છે તેનું બજેટ ૨૦ કરોડ રૂપિયાથી વધીને ૩૦ કરોડ રૂપિયા કરવામાં આવ્યું છે. મહિલાઓની સુરક્ષા અને સશક્તીકરણના અભિયાન અંતર્ગત કુલ બજેટ ૯૬૧ કરોડ રૂપિયાથી વધારીને ૧૧૬૩ કરોડ રૂપિયા સુધી કરી દેવામાં આવ્યું છે. બ્લૂ ઈકોનોમી ખાસ કરીને મત્સ્યઉછેરને લગતી જાહેરાતો વડે પણ મહિલાઓને લાભ થશે, કારણ કે તે ક્ષેત્રમાં તેમની ભાગીદારી વધુ છે.


### વરિષ્ઠ નાગરિકો

લોકસભામાં ૨૦૨૦-૨૧નું કેન્દ્રીય બજેટ રજૂ કરતા કેન્દ્રીય નાણાં મંત્રીએ વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગ માટે ૯૫૦૦ કરોડ રૂપિયાની ફાળવણીની જાહેરાત કરી હતી. વર્ષ ૨૦૧૯ના કેન્દ્રીય બજેટમાં વરિષ્ઠ નાગરિકો (૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના, પરંતુ ૮૦ વર્ષથી ઓછી ઉંમરના)ની ૩ લાખ સુધીની આવકને કરવેરામાંથી મુક્ત કરવામાં આવી હતી. ૩,૦૦,૦૦૧ રૂપિયાથી લઈ ૫ લાખ રૂપિયા સુધીની આવક ૫%ના દરે, ૫,૦૦,૦૦૧ રૂપિયાથી લઈને ૧૦ લાખ રૂપિયા સુધીની આવક ૨૦% અને ૧૦ લાખ રૂપિયાથી વધુની આવકમાં ૩૦% કરવેરો લાગશે. ૮૦ વર્ષ કે તેથી વધુની વયના સૌથી વધુ વરિષ્ઠ નાગરિકો માટે ૫ લાખ રૂપિયા સુધીની આવક કરવેરામાંથી મુક્ત કરવામાં આવી છે. ૫,૦૦,૦૦૧ રૂપિયાથી લઈને ૧૦ લાખ રૂપિયા સુધીની આવક પર ૨૦% અને ૧૦ લાખ રૂપિયાથી વધુની આવક પર ૩૦% કર લાગશે. નાણાં મંત્રીએ અનુસૂચિત જનજાતિના ઉત્થાન માટે ૫૩૭૦૦ કરોડ રૂપિયાની ફાળવણી અને અનુસૂચિત જાતિ તથા અન્ય પછાતવર્ગોના કલ્યાણ માટે ૮૫,૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે.

### ઉપસંહાર

વિકાસના માર્ગમાં આરોગ્ય, શિક્ષણ અને મહિલાઓ કે જેઓ ભારતની કુલ વસ્તીનો ૫૦% ભાગ આવરી લે છે તેમના સશક્તીકરણનો જરૂરથી સમાવેશ થવો જોઈએ. વરિષ્ઠ નાગરિકો પણ તેટલા જ જરૂરી છે. તેમના વિકાસ માટેનો સુઆયોજિત બહુઆયામી દૃષ્ટિકોણ દેશને જરૂરથી આગળ લઈ જશે.

તમામ સહભાગીઓ રાષ્ટ્રને નવી ક્ષિતિજો સુધી પહોંચાડવા માટે સાચી દિશામાં પ્રગતિ કરી રહ્યા છે.




| મહિલા અને બાળવિકાસ માટેની ફાળવણી | | |
|---|---|---|
| **યોજના** | **ફાળવણી (રૂપિયા કરોડમાં)** | **વધારો (રૂપિયા કરોડમાં)** |
| રાષ્ટ્રીય પોષણ અભિયાન | ૩૭૦૦ | ૩૦૦ |
| 'વન સ્ટોપ સેન્ટર' યોજના | ૩૮૫ | ૧૮૧ |
| માતૃવંદના યોજના | ૨૫૦૦ | ૨૦૦ |
| બાળ સુરક્ષા સેવા | ૨૫૦૦ | ૧૫૦ |
| મહિલાશક્તિ કેન્દ્ર | ૧૦૦ | ૫૦ |

ડૉ. શાહીન રાઝી અર્થશાસ્ત્રી, શિક્ષણવિદ અને UGCના માનદ સભ્ય છે.

ઈ-મેલઃ shahin.razi@gmail.com

નૌશીન રાઝી મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ અને સામાજિક કાર્યકર્તા છે.

ઈ-મેલઃ naushin.razi-1@gmail.com

# Employment News

**Leading Weekly Journal on Job Opportunities**










**Subscribe e-version at**
**www.e-employmentnews.co.in**

For details to book a copy
visit us at: www.employmentnews.gov.in & www.rojgarsamachar.gov.in

facebook page
facebook.com/director.employmentnews

follow us @Employ_News

**Publications Division**
Ministry of Information & Broadcasting
Government of India

**Employment News**
7th Floor, Soochna Bhawan
C.G.O Complex, Lodhi Road, New Delhi-110003
Ph. 24367453
E-Mail: enewscirculation@gmail.com

**Yojana (Gujarati)**

*A Development Monthly*

**Publications Division**

Ministry of Information & Broadcasting

Government of India

## Subscription Form

**Our New Address: 'Yojana'** (Gujarati) Office, Publications Division, Min. of I&B, Govt of India C/o. Press Information Bureau, 2nd Floor, Akhandanand Hall, Mother Teresa Road Near CNI Church, Bhadra, Ahmedabad-380001 (Gujarat)

**E-mail: yojanagujarati@gmail.com** | **Phone:** (079) 26588669
For subscription queries, Mon-Friday from 2 PM to 4 PM

Kindly send this subscription form with DD / Cheque in favour of
**"SBI A/c No. 515-08-10 Yojana (Guj.)"** to our office address or may pay by cash in person.

**(Pls tick one)** [For New Subscription / Renewal / Change of Address]

I want to subscribe **'Yojana' (Guj.)** for (select any one):
Subscription: 1 **Yr : ₹ 230** / **2 Yrs : ₹ 430** / **3 Yrs : ₹ 610**

[For **'Yojana'** in **English / Hindi** / other language, please contact Editor, Journals Unit, **New Delhi Office**: pdjucir@gmail.com • **Phone:** (011) 24367453 – Mon to Fri 11 AM to 5 PM


| | |
|---|---|
| **New Subscriber / Existing Subscriber Number:** | |
| **Subscriber's Profile :** Student/ Professional/Institution/Library/Other | |
| **DD No. / Cheque No.:** | |
| **Dated:** | |
| **Name of Bank:** | |
| **Branch (City):** | |
| **Full Name (in block letters) :** | |
| **Complete Address** (House No./ Flat No./ Office Name, Room No. Floor No, Society, building, lane, road, area, **landmarks**, detailed address are Compulsory): | |
| **Pin code** (Compulsory)**:** | |
| **E-mail ID** (Compulsory)**:** | |
| **Mobile / Phone No. :** | |
| **Signature:** | **Place:** |

For renewal / change in address, kindly fill this form and mail to **"yojanagujarati@gmail.com"** (with Cheque / DD)

For online subscription: (1) https://bharatkosh.gov.in/Product/Product
(2) https://www.publicationsdivision.com/beta01/, (3) http://yojana.gov.in

**Important:** If subscribed online, kindly send your name, complete address, e-mail, contact no. to **"yojanagujarati@gmail.com"** with payment info. without fail to ensure timely delivery.

## અમારાં પુસ્તકો વિશે



### ઇન્ડિયા-૨૦૨૦

સંકલનઃ ન્યૂ મીડિયા વિંગ, ISBN- 978-81-230-3239-9, કિંમતઃ રૂ. ૩૦૦/-

આ વાર્ષિક પુસ્તકમાં ભારત સરકાર અને રાજ્ય સરકાર/કેન્દ્રશાસિત પ્રદેશોની નીતિઓ અને કાર્યક્રમો વિશે વિગતવાર માહિતી આપવામાં આવી છે. આ વિવિધ ક્ષેત્રમાં દેશની પ્રગતિનો સંપૂર્ણ સંચય છે. આ પુસ્તકમાં વિકાસનાં તમામ પાસાં – ગ્રામીણથી શહેર, ઉદ્યોગથી માળખાગત સુવિધા, વિજ્ઞાન અને ટેક્નોલોજીથી લઈ કળા અને સંસ્કૃતિ, અર્થતંત્ર, આરોગ્ય, સંરક્ષણથી લઈ શિક્ષણ અને સામૂહિક સંદેશાવ્યવહારને આવરી લેવામાં આવ્યાં છે. અધિકૃત હકીકતો અને આંકડા સાથે આ પુસ્તક વિદ્યાર્થીઓ, સંશોધકો અને શિક્ષણવિદો માટે ખજાના સમાન છે.

## શું તમે જાણો છો?

### COVID-૧૯ વિશે

કોરોના વાઈરસ એ વાઈરસનું મોટું જૂથ છે, જેના કારણે મનુષ્ય અને પ્રાણીઓ બિમાર પડે છે. ચીનમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૧૯નાં રોજ નોવેલ કોરોના વાઈરસ ફેલાયો હતો. આ રોગચાળો શરૂઆતમાં ચીનનાં હુબેઈ પ્રાંતના વુહાન શહેરમાં દરિયાઈ ખોરાકના (sea food) બજારમાં જોવા મળ્યો હતો અને એ ચીનનાં તમામ પ્રાંતોમાં ફેલાયો છે. એને કામચલાઉ ધોરણે ૨૦૧૯-nCoV (નોવેલ કોરોનાવાયરસ), એવું નામ આપવામાં આવ્યું છે. આ વુહાન કોરોના વાઈરસમાં ન્યૂમોનિયા જેવાં ચિહ્ન જોવા મળ્યાં છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)એ એને સત્તાવાર રીતે નામ "COVID-૧૯" આપ્યું છે. WHOએ ૩૦ જાન્યુઆરી, ૨૦૨૦નાં રોજ આ રોગચાળાને "પબ્લિક હેલ્થ ઈમર્જન્સી ઓફ ઇન્ટરનેશનલ કન્સર્ન" (PHEIC) જાહેર કરી છે. ઇન્ફેક્શનના સામાન્ય ચિહ્નોમાં શ્વાસોશ્વાસનાં ચિહ્નો, તાવ, કફ, શ્વાસ ચઢવો અને શ્વાસ લેવામાં મુશ્કેલી પડવી વગેરે સામેલ છે. વધુ ગંભીર કેસમાં ન્યૂમોનિયા, શ્વાસની ગંભીર સમસ્યા, કિડનીસ ફેલ્યોર અને મૃત્યુ પણ થઈ શકે છે. ઇન્ફેક્શનનાં પ્રસારને નિવારવા સામાન્ય ભલામણમાં નિયમિત હાથ ધોવા, જ્યારે કફ અને છીંક આવે ત્યારે મોં અને નાક ઢાંકવા, માંસ અને ઈંડાને બરોબર બાફવાં સામેલ છે.

શ્વાસની સમસ્યાનાં ચિહ્નો દર્શાવતી કોઈ પણ વ્યક્તિ સાથે ગાઢ સંપર્ક પણ ટાળવો જોઈએ. રોગચાળાનાં ઘણા માપદંડોમાં ઇન્ક્યુબેશન ગાળો, ટ્રાન્સમિશનની પદ્ધતિ, પેટાનૈદાનિક ઇન્ફેક્શન, વાઈરસ શેડિંગ (shedding)નો ગાળો વગેરે પર સંશોધન ચાલુ છે. એક વાર વ્યક્તિને ઇન્ફેક્શન લાગે પછી રોગચાળો વિકસવામાં આશરે ૨ અઠવાડિયાં લાગી શકે છે. ન્યૂમોનિયાના રેડિયોલોજિકલ પુરાવાજન્ય સંકેતો મળશે. ૧૦% થી ૨૦% કેસમાં વેન્ટિલેટરી સપોર્ટની જરૂર પડે છે. મૃત્યુના કેસ આશરે ૨% છે. એક મનુષ્યમાંથી બીજા મનુષ્યમાં પ્રસાર નોવેલ કોરોના વાઈરસના કેસોમાં જોવા મળ્યો છે અને એ ગાઢ સંપર્ક ધરાવતી વ્યક્તિઓમાં ડ્રોપ્લેટ્સ/એરોસોલ દ્વારા ફેલાય છે. nCoVનાં તમામ શંકાસ્પદ કે સંભવિત કેસોની સારવાર સ્વતંત્ર કરવી જોઈએ. ભારત સરકારે રોગના નિવારણ અને એને નિયંત્રણમાં લેવા શ્રેણીબદ્ધ પગલાં હાથ ધર્યાં છે.

[સ્રોતઃ WHO & PIB.
(૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ મેળવ્યું)]

### 'યોજના'નો આગામી અંક

(એપ્રિલ-૨૦૨૦) **ભારતના બંધારણ** પર વિશેષાંક રહેશે.

પ્રકાશન તા. ૧ માર્ચ, ૨૦૨૦
પોસ્ટિંગ તા. ૭ માર્ચ, ૨૦૨૦

R.N.I. 48778/90
REGD. NO. GAMC 222/2018-2020
VALID UPTO 31-12-2020 ISSUED BY SSP AHMEDABAD
PERMITTED TO POST AT PSO AHMEDABAD ON 7TH OF EVERY MONTH
Licence to Post Without Prepayment No. PMG/HQ/051/2018-20 VALID UPTO 31-12-2020

**YOJANA (GUJARATI), MARCH-2020** | **O.I.G.S.**

પ્રતિશ્રી,

પ્રેષક:
તંત્રી,
'યોજના' કાર્યાલય
પ્રકાશન વિભાગ, C/O પ્રેસ ઇન્ફોર્મેશન બ્યૂરો,
અખંડાનંદ હોલ, બીજો માળ, મધર ટેરેસા રોડ,
સીએનઆઈ ચર્ચની નજીક, ભદ્ર,
અમદાવાદ-૩૮૦૦૦૧. ગુજરાત.




Printed & Published by Ira Joshi, Pr. DG and Head on behalf of Publications Division, Soochna Bhawan, C.G.O. Complex, New Delhi-110003.
**Regional Office:** Editor, Yojana Office, Publications Division, Ministry of I&B, Government of India
C/o Press Information Bureau, Akhandanand Hall, 2nd Floor, Mother Teresa Road, Near CNI Church, Bhadra, Ahmedabad-380001. Gujarat.
**For subscription, purchase, advertisements & discount policy, contact : yojanagujarati@gmail.com or (079) 26588669 (Mon-Fri).**
Printed by Print Vision Pvt. Ltd., Opp. Ashwamegh Elegance-II, Ambawadi Bazar, Ambawadi, Ahmedabad-380006.